# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 03 • PAGES : 48 • MUMBAI • DATE : 05TH SEPTEMBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૩મી પુણ્યતિથિએ આદરાંજલિ



## શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી, હાલ : સાયન, મુંબઈ • અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

**આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,**
**પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,**
**સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,**
**સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!**

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ બારમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# આદરાંજલિ







**સંઘમાતા માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા**
ગામ : સાંયરા
દેહ વિલય : ૦૬-૦૯-૨૦૧૯

**શ્રી મણીકાંત રતનશી કુંવરજી લોડાયા**
ગામ : સાંયરા
દેહ વિલય : ૧૨-૦૯-૨૦૧૭

પ્રથમ પૂજ્ય ગણપતિ અને પ્રથમ ગુરૂ માતૃ
થાકેલા બાળકો ને નેહ નો છાંયડો આપતી
મમતા એની કોઈ પણ રીતે ના ભૂલાય
પૂર્ણ ભાવનાથી એને આદરાંજલિ આપુ
ન્યાય ના પંથ પર ચાલીને કમાવવા શિખાવ્યું પુણ્ય
સ્મરણ માં જ છો આપ બન્ને, થયા નથી ક્યારે પણ વિસ્મરણ

વ્હાલસોઈ મા આપને અને વ્હાલા ભાઈ આપ બન્ને ને
એક અને ત્રણ ત્રણ વર્ષના વહાણા વીતી ગયા, છતાય
એકેય ઘડીયે અમારા મનમાંથી વિસરાતી નથી આપની યાદો

**પૂરા પરિવારની આપને આદરાંજલિ**

**સુપુત્રો/પુત્ર-વધુઓ**

શ્રીમતી ભારતી મણીકાંત રતનશી લોડાયા
શ્રી તરૂણ રતનશી લોડાયા
અ.સૌ. જ્યોત્સના દીપક રતનશી લોડાયા
અ.સૌ. સુપ્રિયા આકાશ દીપક લોડાયા

**મુળ ગામ : સાંયરા**

**નિયાણીયો**

અ.સૌ. શોભા લલીત નાગડા (નલીયા - ડોંબીવલી)
અ.સૌ. મનીષા કમલેશ મોતા (સુથરી - ઔરંગાબાદ)
અ.સૌ. ચાર્મી પરાગ નાગડા (નલીયા - વાશી, નવી મુંબઈ)
અ.સૌ. તારા લલીત મોતા (સુથરી - નાશિક)
અ.સૌ. વીના સમીત ખોના (જખૌ - વડોદરા)
અ.સૌ. ભૂમિકા ગુંજન શિયાળ (જખૌ - USA)

**ભુલકાઓ :** ચિ. ક્રીશા સમીત ખોના, ચિ. ખુશી ગુંજન શિયાળ, ચિ. શ્લોક ગુંજન શિયાળ

# પાવન ચરણે અર્પણ અમારી સ્મરણ વંદના



# પૂજ્ય માતુશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા

(ગામ : મોટી ખાવડી – હાલ : મુલુંડ)

પરમ વિરામ : તા. ૧૮-૦૯-૨૦૧૮

*હે માવડી તમે હતા તો અમારૂં જગ હતુ અખંડ,*
*હવે તો જગ નથી, છે તમારૂં સ્મરણ અખંડ મધમધતું.*
*ને હજીયે સ્મૃતિઓ તમારી અનોખી મહેકે છે હૈયામાં.*
*બારીઓ ભલે હોય ખુલ્લી, તે પણ છે અતિ સુનમુન.*
*જે બારણાઓ ખોલતા તમે સ્નેહથી,*
*આવકારો આપવા મધુરો, એ આજે સાવ મૌન છે.*
*નથી મધુરતા, એ તહેવારોમાં, કે ખુશીઓમાં,*
*ભોજન, સ્વજન, અને અમે અધુરા છીએ તમ વીણ.*
*જીવંત છે આપના સંસ્કારો, ને આપની એ યાદો અખંડ મનમાં.*
*કોટી કોટી ચરણ સ્પર્શ વંદનો, અર્પણ આપના ચરણોમાં.*

-: આપનાં છોરૂ :-

પુત્ર-પુત્રવધુ : ગીરીશ–સંધ્યા, મહેશ–નૂતન, બંકિમ–રીટા, મુકેશ–ગીતા
પૌત્ર-પૌત્રવધુ : પ્રિતેશ–શીખા, ઉર્વેશ–પાયલ પૌત્રી-જમાઇ : ભક્તિ–તુષાર
પૌત્ર-પૌત્રી : કુનાલ, કિંજલ, દ્રષ્ટિ પ્રપૌત્ર : નિશ પ્રિતેશ પ્રપૌત્રી : ત્વિશા પ્રિતેશ
સ્વ. માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર (મોટી ખાવડી)
સ્વ. માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ઘરમશી પરિવાર (નાની ખાવડી)

# Congratulations



## Anant Kumarpal Daga

Coimbatore ( Varadiya)

*Its very proud moment for all of us to see you climbing the stairs of success by first graduating in International Business and now Masters in Marketing and Finance (MBA)*
*"The world awaits all that you have to offer, keep achieving, keep accomplishing, but never forget to keep being the person you are today - kind, caring and compassionate."*
*Our wishes and blessings for you is that this life becomes all that you want it to.*
*Your dreams stay big, your worries stay small*

Smt. Madhuri Kishor Damji Daga.( Varadiya)
Sau. Komal Kumarpal Daga
Chi. Nidhi Kumarpal Daga
Swa. Vijaya Sumanlal Kamani (Vikamshi- Parjau)

# બાહોશ કાયદાવિદ્, પ્રખર કલમવીર, નિડર આગેવાન, પ્રકાશ સમીક્ષાના માજી તંત્રીને આદરાંજલિ



## શ્રી રાયચંદ આર. નાગડા (R.R.)

શિક્ષક દિનના દિવસે જ મેં મારા ગુરૂ
શ્રી રાયચંદ રતનશી નાગડા (R.R.) ને ગુમાવ્યા છે.
તેઓએ મારી આંગળી પકડી પ્રકાશ સમીક્ષાના વિશ્વમાં
મને પ્રવેશ કરાવ્યો અને પત્રકારિતાનું જ્ઞાન આપ્યું.
પ્રકાશ સમીક્ષામાં મારી યાત્રાના દરેક પગલે તેઓએ મને માર્ગદર્શન આપ્યું.
તેમની વિદાયથી પ્રકાશ સમીક્ષાને તથા અંગત રીતે મને પણ મોટી ખોટ પડી છે.

**R.R. ભાના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના.**

**હીરાચંદ દામજી દંડ**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા    પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)    શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના    જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા    મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ - ૨૩ અંક નં. ૦૩**
**Date : 05-09-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત**
**રવિવાર અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

તંત્રી સ્થાનેથી

# આજના સમયની તાતી જરૂરત

- ડૉ. હીરાચંદ દંડ - 7738508150



પ્રકાશ સમીક્ષા તરફથી મે/જૂન મહિનાના અંકોમાં તંત્રી સ્થાનેથી પર્યુષણ પર્વ 'ઓનલાઈન' ઉજવવાની અપીલ કરવામાં આવી હતી જે અનેક વ્યક્તિઓને અણગમતી લાગી હતી. કેટલીક વ્યક્તિઓએ ફોન કરીને પણ મારી સાથે વાત કરી આ અંગે તેમની અસહમતિ દર્શાવી હતી. પણ આખરે બધા માટે ઘરેથી જ વિધિ પૂરી કરવા સિવાય અન્ય વિકલ્પ ન હતો જે વાસ્તવિકતા છે. મને લાગે છે કે બહુમતિ વયસ્ક વડીલોને આ વ્યવસ્થા ગમી અને તેઓએ અનેક દેરાસરોની આંગીના ઘરબેઠા દર્શન-વંદન કર્યા તેમજ અનેક સાધુ-ભગવંતોના વ્યાખ્યાનો પણ સાંભળ્યા.

૭ સપ્ટેમ્બરથી સરકારશ્રી દ્વારા વધુ છૂટછાટો જાહેર કરવામાં આવી છે તેથી પોતાની, વડીલોની તથા નાના બાળકોની સંભાળ લેવાની આપણી જવાબદારી હવે વધી જાય છે. સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ૧૦ વર્ષથી નાના બાળકો તથા ૬૫ વર્ષથી ઉપરની ઉમરના વડીલોને ઘરે જ રહેવું તથા અનેક બાબતોથી દૂર રહેવું સલાહભર્યું રહેશે. આ વય જુથના બાળકો તથા વૃધ્ધોની રોગપ્રતિકાર શક્તિ નબળી હોવાના કારણે તેઓ જલ્દીથી સંક્રમિત થવાની સંભાવના હોય છે. આપણે સરકારશ્રીના નિયમોનું ચુસ્તપણે પાલન કરી કોવિડ-૧૯ સામેના યુધ્ધમાં શાસનને સાથ આપવો જ જોઈએ.

તાજેતરમાં અનેક યુવાન ક.દ.ઓ.એ કોવિડના કારણે જીવન ગુમાવ્યું છે જે ખૂબજ દૂ:ખદ છે. આ રોગનું સાચું કારણ હજુ જાણી શકાયું નથી તેથી આપણે પોતાની સંભાળ લઈ સુરક્ષિત રહેવું ખૂબજ જરૂરી છે. હું સમજી શકું છું કે યુવાનો લાંબા સમયથી ઘરે બેસી રહેવાને કારણે કંટાળેલા હશે પરંતુ હજી તેમણે કોવિડ-૧૯ થી સંભાળીને રહેવું જરૂરી છે. સોશ્યલ ડીસ્ટસીંગનું પાલન કરી પાર્ટીઓ અને મેળાવડાથી દૂર રહેવું ખૂબજ આવશ્યક છે. આપણે સૌએ યાદ રાખવું જોઈએ કે સંક્રમણ હજી સમાપ્ત નથી થયું તેથી રસી ન શોધાય ત્યાં સુધી અચૂક રીતે મર્યાદાઓ પાડીને આપણે શાંતિપૂર્વક રહેવું જોઈએ.

કચ્છની વડીલોપાર્જિત મિલકતોની માહિતી એકત્રિત કરવાનો તથા દસ્તાવેજીકરણ કરવા આપણા જ્ઞાતિજનો માટે આ સમય મહત્વપૂર્ણ છે. એવા અનેક પરિવારો છે કે જેઓ વિદેશોમાં સ્થાયી થયા છે. તેમની મિલકતો કચ્છમાં છે પણ તે અંગેની જરૂરી માહિતી તથા દસ્તાવેજો તેમની પાસે નથી. બે ચાર વર્ષે અઠવાડિયા કે મહિના માટે ભારત આવે છે ત્યારે તેમની પાસે મિલકતો અંગે જાણકારી મેળવવા કે દસ્તાવેજો મેળવવા સમય નથી હોતો. આવીજ પરિસ્થિતિ કચ્છથી બહાર રહેતા જ્ઞાતિના અનેક પરિવારોની છે. કોઈક સંસ્થાએ એમને સાથ આપવા આગળ આવવું જોઈએ જેથી તેમની વડિલોપાર્જિત મિલકતોના હક્ક તેમને મળી શકે.

કોવિડના કારણે દેશ દુનિયાની સાથે સાથે આપણા જ્ઞાતિજનો ઉપર પણ આર્થિક સંકટ ઉભું કર્યું છે. નાના ઉદ્યોગ ધંધામાં નોકરી કરતા જ્ઞાતિજનોના પગારમાં ૩૦% થી ૫૦% જેટલી કપાત થાય છે. આવી પરિસ્થિતિમાં તેઓ કેટલો સમય નિભાવી શકે ? મહાજનોએ આ માટે વધુ લાંબા સમય સુધી સહાયભૂત થવા કમર કસવી જોઈએ. સાધર્મિક જ્ઞાતિજનોને મદદ કરવાનો નિર્ધાર એ દેવ-ગુરૂની સેવા સમાન ગણીને સૌએ કાર્ય કરવું એ આજના સમયની તાતી જરૂરત છે.

## સર્વે તપસ્વીઓને નમ્ર નિવેદન

આ ચાતુર્માસ દરમ્યાન અઠ્ઠાઈથી વધુ તપસ્યા કરનારા સર્વે તપસ્વીઓને વિનંતી છે કે તેઓ તેમનું નામ-ગામ-હાલનું શહેર, તપની વિગત તેમના ફોટોગ્રાફ સાથે પ્રકાશ સમીક્ષાને વૉટસએપ નંબર **93723 00236** અથવા ઈમેલ **kdoprakash@gmail.com** પર તા. ૧૫-૯-૨૦૨૦ પહેલા મોકલી આપશોજી જે આગામી અંકોમાં પ્રકાશિત કરીશું.

**સમય પ્રવાહ**

# જીવન યાત્રા – કાળના પ્રવાહમાં અનિશ્ચિત સફર

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા–સુરત
મો. 9978903247



હાલના સમયમાં કોરોનાની બીમારી અને તેના ભયના કારણે સંપૂર્ણ મનુષ્ય જાતિ જાણે મૃત્યુના કે અકાળ મૃત્યુના ઓછાયા હેઠળ આવી ગઈ છે; અને ભય, અસલામતી અને અનિશ્ચિતતાના ઓછાયા હેઠળ જીવનની અનિશ્ચિતતા કે ક્ષણભંગુરતા બાબત વિચારતી થઇ ગઈ છે. જ્યારે મનુષ્યના પરિવારના સદસ્યનું મૃત્યુ થાય છે, ત્યારે ત્યારે તેને થોડા સમય માટે દુ:ખ, નિરાશા, હતાશા, ગ્લાનિ અને અસહાયતા જેવી નકારાત્મક લાગણીઓ ઘેરી વળે છે; અને તેને સંસારની અસારતા કે અનિશ્ચિતતા જોઈને હંગામી વૈરાગ્યભાવ આવી જાય છે, આ માનસિક સ્થિતિ માટે સ્મશાન વૈરાગ્ય એ બહુ જ પ્રચલિત શબ્દ પ્રયોગ થાય છે. આ એક નૈસર્ગિક કે કુદરતી પ્રક્રિયા છે. પ્રવર્તમાન સમય કે કાળમાં મનુષ્યના જીવનનું અસ્તિત્વ, અનિશ્ચિતતા અને અસલામતીની ભાવના કદાચ પરાકાષ્ટા પર છે; જેના કારણે અનેક લોકો માનસિક બીમારીઓના ભોગ બન્યા છે અને કોઈ કોઈ વ્યક્તિ તો અણધાર્યું કે અઘટિત પગલું પણ લઇ લે છે. આવા ગ્લાનિ અને હતાશા ભર્યા વાતાવરણમાં બે અકાળ મૃત્યુની ઘટનાઓએ ભારતની જનતાને હચમચાવી દીધી છે. પ્રથમ તો ફિલ્મ કલાકાર સુશાંત સિંહ રાજપુતનું રહસ્યમય અકાળ મૃત્ય અને બીજું કેરાલાના કોઝિકોડ વિમાનસ્થળ પર દુર્ઘટનામાં પાઇલોટ દીપક સાઠે સાથે લગભગ વિસ જેટલા મુસાફરોનું અકાળ અને આકસ્મિક મૃત્યુ. લગભગ આવી જ દુર્ઘટના વિશ્વ વિખ્યાત ફેરારી 'કાર રેસ' જેને 'ફોર્મ્યુલા વન' કહે છે તેવી અત્યંત જોખમી અને અઘરી રેસ સળંગ પાંચ વખત જીતનાર જર્મન ડ્રાઈવર મિશેલ શુમાકર (Michael Schumacher) સાથે બની, જે ૨૦૧૩ના કાર અકસ્માત પછી હજી પણ પથારીવશ છે! તેથી જ કવિ કહે છે કે **जिंदगी एक सफर है सुहाना, यहाँ कल क्या हो किसने जाना.**

આપણા પૂર્વજોએ અને જ્ઞાની પુરૂષોએ મનુષ્યના જીવનને પૃથ્વી પરની યાત્રા કે પ્રવાસ કહેલ છે. આ કેટલી ગહન અને માર્મિક વાત છે. એ વિચાર બીજનું મારી સમજ પ્રમાણે આ લેખ મારફતે વિસ્તરણ કરૂં છું.

આજથી લગભગ દસ–અગિયાર વર્ષ પૂર્વે મારા એક આત્મીયનું અવસાન થયું હતું. અંતિમ ક્રિયા વગેરે પતાવ્યા બાદ, એક દિવસ પછી તેમની પ્રાર્થના સભા રાખવાનું આયોજન થયું. પ્રાર્થના સભામાં રાખવા માટે તેમનો ફોટો પણ આવી ગયો, માત્ર તેને યોગ્ય ફ્રેમિંગ અને તે ફોટામાં નામ વગેરે લખવાની વાતચીત થઇ રહી હતી. કોઈએ એવું સૂચન કર્યું કે સદ્દગતના નામ જન્મ તારીખ અને મૃત્યુતિથિ એ માહીતીને ચીલાચાલુ રીતે નહીં, પણ થોડી અલગ પણ સુયોગ્ય રીતે રજુ કરીએ. બધા વિચારવા લાગ્યા કે સૂચન આવકાર્ય છે, પણ તેને મૂર્ત સ્વરૂપ કઈ રીતે આપવું? ત્યારે કોઈએ મને કહ્યું કે અંકલ, તમે સાહિત્યના શોખીન છો તો કૈં વિચારો ત્યારે આખરે સર્વ સંમતિથી જે નક્કી થયું તે આ પ્રમાણે છે. ફોટાની ઉપર સદ્દગતનું નામ અને નીચે ડાબી બાજુ ખૂણામાં આરંભ, તેની નીચે જન્મ તારીખ અને તેના નીચે જન્મ સ્થળ એ થોડા નાના પણ સુવાચ્ય અક્ષરોમાં વચ્ચે 'જીવન યાત્રા' શબ્દ થોડા મોટા અક્ષરોમાં અને જમણી બાજુના ખૂણામાં અંત, તેની નીચે મૃત્યુ તારીખ અને તેના નીચે મૃત્યુ સ્થળ એ થોડા નાના પણ સુવાચ્ય અક્ષરોમાં એમ લખવું. જીવન એ પ્રવાસ કે યાત્રા છે, એ સૌએ સ્વીકાર્યું પણ આ પ્રવાસ શું છે અને ક્યા પ્રકારનો છે તે વિષે ભાગ્યેજ કોઈએ લખ્યું છે. આ બાબતને મનુષ્યની સામાન્ય મુસાફરી સાથે સરખામણી કરીને સામ્યતા અને તફાવત પર પ્રકાશ પાડવાનો પ્રયાસ છે, જે આ લેખનું હાર્દ છે.

ઈશ્વરે બે એવી અજાયબ અને વિસ્મયકારક વસ્તુઓની રચના કરી છે, જે ગૂઢ, અકળ, અનંત, અસિમ, અફાટ, અગમ, અદભૂત, અચરજપૂર્ણ, અમાપ અને આશ્ચર્યકારક છે, તે છે સમય અને અંતર. (time and space). આપણે જે મુસાફરી, પ્રવાસ, યાત્રા કે સફર કરીએ છીએ, તે સ્થળ બદલવાની પ્રક્રિયા છે અને જે એક સ્થળથી બીજા સ્થળે પહોંચવા માટે કરીએ છીએ, તેનું પરિમાણ એ કિલોમીટર કે માઇલ્સ માં માપી શકાય છે; જે અંતર કાપવાનો આયામ છે. It is a journey in space. જ્યારે જીવન એ સમય કે આપણે જેને કાળ કહીએ છે તે કાપવાની પ્રક્રિયા છે, અને તેનું પરિમાણ છે વર્ષ. It is a journey in time.

સફર એ અરેબિક શબ્દ છે જે મોટા ભાગની ભારતીય ભાષાઓએ અપનાવી લીધો છે. પ્રવાસ કે સફરના મુખ્ય ત્રણ પ્રકાર છે, હવાઈ યાત્રા, રેલ કે રોડયાત્રા અને દરિયાઈ યાત્રા. તેજ પ્રકારે કાળના પણ ત્રણ પ્રકાર છે ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્ય કાળ.

સફર કે પ્રવાસ માટે મનુષ્ય તૈયારી કરે છે, અને તેનું પૂર્વનિશ્ચિત ગંતવ્ય સ્થાન અને રસ્તો (ROUTE) નક્કી હોય છે. તેના માટે તેને પ્રયાસ કરવો પડે છે, નહીં તો તે એક જ સ્થાન પર સ્થિર થઇ જાય છે; કારણકે જગ્યા કે સ્થાન એ અચલ છે અને તેથી મનુષ્યને પોતાનું હાલનું સ્થાન છોડવા માટે સ્વયં પ્રયાસ, પરિશ્રમ, પ્રયાણ અને પ્રવાસ કરવો પડે છે. આ માટે તે તેની આર્થિક સ્થિતિ, પ્રવાસના હેતુ અને સમયની મર્યાદાને ધ્યાનમાં લઈને આયોજન કરે છે. જ્યારે જીવન યાત્રા માટે તેને કશું જ કરવું નથી પડતું. તે ચાહે કે ના ચાહે, સમય કે કાળ પોતાનું કાર્ય કરતું જ રહે છે. જીવન યાત્રામાં મનુષ્ય અચલ છે, અને સમય કે કાળ એ ગતિશીલ છે; અને જ્ઞાનીઓ એ કાળને તરલ સ્વરૂપમાં કલ્પેલ છે, તેથી કાળનો પ્રવાહ એ શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. કાળ ઉપર કોઈનો કાબુ કે અધીપત્ય નથી. પ્રવાસ કે સફર માટે મનુષ્યને દિશાનું જ્ઞાન, માહિતી અને જાણ હોવી જરૂરી છે; અને રસ્તા માટે માર્ગ (ROUTE) ની માહિતી હોવી જરૂરી છે, જેના માટે જી.પી. એસ, કે હોકાયંત્ર જેવા ઉપકરણની પણ જરૂર પડે છે. સફર કે પ્રવાસ મનુષ્યની મરજી પ્રમાણે અને તેના તાબા હેઠળ થાય છે, જ્યારે જીવન યાત્રાની માત્રા કે માપ અને સમય ગાળા પર મનુષ્યનું કોઈ નિયંત્રણ નથી હોતું, કારણકે કોનું આયુષ્ય કે આયખું કેટલું હોય, તે અનિશ્ચિત અને અકળ છે. સ્થળનું અંતર કાપવા માટે મનુષ્ય પદયાત્રા, સાઇકલ, દ્વિચક્રી વાહન, ત્રિચક્રી વાહન, ચાર ચક્રી વાહન, હવાઈ જહાજ, હેલિકોપ્ટર કે સ્ટીમર જેવા વિકલ્પોમાંથી કોઈ પણ તેની રૂચિ, જરૂરિયાત, આર્થિક સ્થિતિ અને મોભા પ્રમાણે પસંદ કરે છે,અને તેમાં પણ પોતાનો અલગ વર્ગ કે 'ક્લાસ' પસંદ કરે છે. જેમ પ્રવાસ કે સફરમાં તડકો અને છાંયો આવે તેમ, જીવન યાત્રામાં સુખ અને દુઃખ એવી સ્થિતિઓ આવે જે ભાગ્યને આધીન હોય છે.

ફિલ્મ કલાકાર સુશાંત સિંહ રાજપૂતના રહસ્યમય, અકાળ અને કરુણ મૃત્ય સબંધે જાત જાતની અટકળો, અફવાઓ અને અનુમાનો થઇ રહ્યા છે; અને હવે સી. બી. આઈ. તેની તપાસ કરશે. દરેક ઘટના ત્રણ સ્વરૂપે (version) આપણી સામે આવે છે, આપણી વાત, એમની વાત અને સત્ય. જો કે કેટલીક વાર સત્ય સામે આવતું પણ નથી, અને મનુષ્ય પોતાની સમજ અને પૂર્વગ્રહના આધાર પર પોતાનું વ્યક્તિગત કારણ કે તારણ નક્કી કરે છે. એટલે જ આપણા પૂર્વજો કહેતા કે 'દ્રષ્ટિ એવી સૃષ્ટિ'. તેથી આ બનાવ બાબત કશું કહેવું કદાચ યોગ્ય નથી. બીજા કિસ્સામાં જે કમભાગી વિમાન દુર્ઘટના થઇ, તેના ચાલક કે પાઇલટ શ્રી દીપક સાઠે બહુજ હોશિયાર, અનુભવી અને બાહોશ વિમાન ચાલક હતા અને રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડથી સન્માનિત હતા; એટલે દેખીતી રીતે આ દુર્ઘટનાનું થવું એ પણ ના માની શકાય તેવી વાત છે. આ દુર્ઘટનામાં વિમાન આકાશમાંથી ખાઈમાં પડ્યું; અને પાઇલોટ, સહપાઇલોટ અને અન્ય પ્રવાસીઓ મળીને લગભગ વિસ જેટલા મનુષ્યોના અકાળ મૃત્યુ થયા. આ બનાવમાં જીવન યાત્રા અને પ્રવાસ યાત્રા બંનેનો સમાવેશ થાય છે. જીવનયાત્રામાં પણ કોઈ વાર અનુભવી, બાહોશ, હોશિયાર અને સમજદાર વ્યક્તિ પણ સંજોગોવસાત કે કાબુ બહારની પરિસ્થિતિના કારણે પતન, પડતી કે અનિચ્છનીય પરિસ્થિતિમાં આવી પડે છે, ત્યારે તેની સાથે તેના પરિવારજનોને પણ સહન કરવું પડે છે.

જીવનયાત્રા હોય કે પ્રવાસયાત્રા, બંનેમાં બહુ ઊંચાઈ કે ઉડાન, સમાજ દ્વારા નક્કી થયેલી માપપટ્ટી કે માપદંડ પ્રમાણે ઉચ્ચ મોભા અને જીવન શૈલીનું પ્રતીક છે. તેથી ગુજરાતીમાં કોઈ વ્યક્તિ સફળતાનાં શિખર પર હોય તો અન્ય લોકો એમ કહે કે 'હવામાં ઉડે છે'. સફળતા આર્થિક, સામાજિક કે વ્યવસાયિક હોઈ શકે છે. અને સંજોગવસાત કે કાબુ બહારની પરિસ્થિતિના કારણે જ્યારે આવી વ્યક્તિનું પતન કે પડતી થાય, ત્યારે લોકો કહે કે 'આજ લાગનો હતો બહુ ઊંચે ઉડતો હતો'. અનેક મનુષ્યોના જીવનમાં ચડતી પડતી આવે છે પણ જે વ્યક્તિ સફળતાની ટોચ પર હોય; કે તેના અન્ય પરીચીતોથી વધારે સફળ હોય, ત્યારે આ સ્વાભાવિક પ્રતિક્રિયા હોય છે, અને તેના પતન કે પડતીની ચર્ચા પણ બહુ થાય છે, તેથી ઊંચાઈના ભયસ્થાનો બહુ જ હોય છે. કોર્પોરેટ જગતમાં તો એક બહુ પ્રસિદ્ધ વાક્ય વારંવાર સાંભળવા મળે છે. IT IS LONELY AT THE TOP. તે ઉપરાંત જેમ ઊંચાઈ વધારે તેમ પતન વખતે નુકશાન પણ વધારે, જે કોઝીકોડના અકસ્માતે સાબિત કર્યું. જેવી રીતે જીવનયાત્રામાં સફળતાની ઊંચાઈ એ ઈર્ષ્યા, અદેખાઈ અને દ્વેષનું કારણ બને છે; તેવી જ રીતે સફળતાની ગતિ, ઝડપ કે વેગ પણ ઈર્ષ્યા, અદેખાઈ અને દ્વેષનું કારણ બને છે. પ્રવાસ યાત્રામાં પણ વાહનની ગતિ વધારે, તેટલી દુર્ઘટના થવાની શક્યતાઓ વધારે અને અકસ્માત થાય ત્યારે વધારે નુકશાન થવાની પ્રબળ સંભાવનાઓ રહે છે. એવું સર્વમાન્ય અવલોકન અને તારણ છે કે હવાઈ કે જળ અકસ્માતો (ઉદાહરણ તરીકે ટાઇટેનિક કે હાજી કાસમની વીજળી) કરતાં જમીન પર થતા અકસ્માતોમાં પ્રમાણમાં ઓછી જાનહાની અને ઓછું નુકશાન થાય છે. તે ઉપરાંત જો તમે જમીન સાથે જોડાયેલા રહો તો તમારા પ્રતિદ્વંદી કે હરીફ

તમને ત્યાંથી નીચે ના ધકેલી શકે. જોકે ગુજરાતીમાં આવા નુકશાન માટે 'ખાડામાં પડ્યા' જેવો શબ્દ પ્રયોગ થાય છે.

કેટલીક વાર તમે એકદમ સાવચેતીથી અને ટ્રાફિકના નિયમો પ્રમાણે વાહન ચલાવતા હો, કે ચાલતા હો, કે સાઈડમાં વાહન પાર્ક કરેલ હોય; છતાં પણ કોઈ અન્ય વાહન ચાલક તેના વાહન પરનો કાબુ ગુમાવી દેતાં તમને ટક્કર મારી દે છે, અને તમને આર્થિક, શારીરિક કે માનસિક નુકશાન પહોંચાડી દે છે. જેમ એકાદ ક્ષણ માટે ચાલકની આંખ બંધ થઇ જાય કે એક ઝોકું આવી જાય તો વાહન સાથે તેમાં સવાર બધા ને નાનું મોટું નુકશાન થવાની શક્યતા રહે છે જે ઘણા બધા પરિબળો પર આધારિત હોય છે.

જેવી રીતે પ્રવાસ યાત્રામાં જો કોઈ સહયાત્રી હોય તો પ્રવાસની મજા કે આનંદ વધી જાય છે, અને કેટલીક વાર તો આવા અલ્પ સમયના યાત્રા સહપ્રવાસીઓ સારા મિત્રો પણ બની જાય છે, અને લાંબા સમય સુધી મૈત્રી કે સંબંધ જાળવી રાખે છે. કોઈ વાર આવા સહપ્રવાસી, આજકાલ જે ઘણીવાર બને છે; તે પ્રમાણે તમારો વિશ્વાસ જીતીને, ખાવાપીવાની વસ્તુમાં કેફી પદાર્થ મેળવીને તમને બેભાન કરીને તમારા સમાન, રોકડ રકમ અને દર દાગીના લૂંટી જાય છે; તેજ રીતે જીવન યાત્રામાં પણ મનુષ્ય અસંખ્ય લોકોના સંપર્કમાં આવે છે, જેમાં ક્યારેક કોઈ અયોગ્ય વ્યક્તિ જે તમારો મિત્ર, પાડોશી, સગો-સંબંધી, આત્મીય કે પરિચિત હોઈ શકે; તે પણ તમારા કોઈ પણ વાંક ગુના વગર તમને નુકશાન પહોંચાડી શકે છે, જે થોડા સમય માટે કે લાંબા સમય માટે કે ક્યારેક જીવનભર માટે  મનુષ્યની સાથે સંકળાઈ જાય  છે. કેટલીક વાર આવા સંબંધો જરૂરિયાત પર આધારિત હોય છે, અને જરૂરિયાત પુરી થતાં સંબંધ પણ પૂરો થઇ જાય છે. જીવન યાત્રામાં પણ મનુષ્યના જીવનમાં અને સંપર્કમાં બહુધા મોટાભાગે સારા, સજ્જન, સંસ્કારી અને સદ્દગ્રહસ્થ પ્રકારના મનુષ્યો સંપર્કમાં આવે છે, તેમ કવચિત અલ્પ કે ઓછી સંખ્યામાં કુટિલ, ચાલબાજ, કપટી, દગાબાજ, સ્વાર્થી, અપ્રમાણિક, અધમ કે નીચ પ્રકારના માણસો પણ આવે છે; જેમાંના કેટલાક તમને વિશ્વાસ, ભરોસા, સાલસ વહેવાર જેવા વર્તણૂકના જુઠા અને  અદશ્ય આવરણ દ્વારા ભ્રમિત, અસાવધાન કરીને એવું આર્થિક, સામાજિક કે શારીરિક નુકશાન પહોંચાડે છે, જેની તમને કલ્પના પણ ના આવે. વિજ્ઞાન બહુજ આગળ વધી ગયું છે; પણ મનુષ્યના ભાવ, વિચાર અને કરણી જાણી શકે તેવા સાધન હજી વિકસાવી નથી શકયું.

આપણે પૂર્વજો કહી ગયા છે કે 'ભરોસાની ભેંસ પાડો જણે' પણ આપણી સામાજિક વ્યવસ્થા કે આર્થિક વ્યવહારોમાં આપણને વિશ્વાસ, ભરોસો અને સાખ પર આધાર રાખવો પડે છે, જેમાં કવચિત એવા પ્રસંગ કે બનાવ બને અથવા અનુભવ થાય; જે મનુષ્ય અને તેના પરિવારને આર્થિક, સામાજિક, માનસિક અને આ બધા પરિબળોના કારણે શારીરિક નુકશાન પહોંચાડે છે, જે કેટલીક વાર ઘાતક કે જીવલેણ સાબિત થાય છે. સુશાંત સિંહ રાજપૂતના કિસ્સામાં, કદાચ કે સંભવત રિયા ચક્રવર્તીની આવી શંકાસ્પદ ભૂમિકા છે; તેવું મોટા ભાગના લોકો માને છે, અને તે બાબત સી.બી.આઈ. દ્વારા તપાસ ચાલુ છે. એક જમાનામાં એવું કહેવાતું કે 'વિશ્વાસે તો વહાણ ચાલે' (કોઈવાર ડૂબી પણ જાય). આ બધું ભાગ્ય કે ઈશ્વરીય ઈચ્છા પ્રમાણે થાય, નહીં તો દીપક સાઠે જેવા અનુભવી, બાહોશ, કાબેલ અને હોશિયાર પાઈલોટ દ્વારા ચાલિત વિમાન દુર્ઘટના ગ્રસ્ત ન થાય, કે મિશેલ શુમાકર જેવા કાર રેસ ચેમ્પીઅનનો અકસ્માત થોડો થાય! કિસ્મત (ભાગ્ય કે નશીબ) કાળ, કુદરત અને કર્મસત્તા સામે મનુષ્ય પામર, તુચ્છ, નિર્બળ, લાચાર અને  બિચારો થઇ જાય છે. જીવનયાત્રામાં મનુષ્યના ભાગ્યમાં જે લખેલ હોય તે થઈને રહે છે.

દાર્શનિકો, ફિલોસોફરો અને સાધુ સન્યાસીઓ કહે છે કે જીવન એવો પ્રવાસ છે જેની કોઈ માર્ગદર્શિકા કે નકશો નથી હોતો. કેટલાક સામાન્ય સિદ્ધાંતો, નિયમો, કે રૂપરેખા હોય છે તે પ્રમાણે સૌ મનુષ્યો ચાલે છે. પણ જેમ દુનિયાંમાં કોઈ બે વ્યક્તિના અંગુલી ચિન્હો (ફિંગર પ્રિન્ટ્સ) મળતા નથી અને અલગ હોય છે તેમ દરેક વ્યક્તિનું ભાગ્ય કે નશીબ પણ અલગ હોય છે. આપણો જૈન ધર્મ પણ એમ જ કહે છે કે દુઃખમાં આર્તધ્યાન ન કરતાં સમતાથી કર્મ ખપાવવાં એજ યોગ્ય રસ્તો છે. સુખમાં છકી ના જવું અને દુઃખમાં તૂટી ના જવું; ગીતામાં જેને સ્થિતપ્રજ્ઞ કહે છે, તે માનસિક અભિગમ એ જ જીવન જીવવાની જડીબુટ્ટી છે, પણ તે જૈનોની ધાર્મિક તપસ્યા જેવી અઘરી છે.

**છીપનું મોતીઃ** મોટા ભાગના મનુષ્યો વ્યક્તિનું મૂલ્યાંકન તેની આર્થિક, સામાજિક કે વ્યવસાયિક સફળતા પ્રમાણે કરે છે, જ્યારે સમજદાર મનુષ્યો તેનું મૂલ્યાંકન તેના જ્ઞાન અને ગુણ પ્રમાણે કરે છે.

***


**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૭



લેખક : સોમ ધરમશી, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ..)

'ઈસ્લામ' શબ્દ અરબી ભાષાનો શબ્દ છે; જેનો અર્થ છે- શરણે જવું. પોતાની જાતને સંપૂર્ણપણે ઈશ્વરની મરજી ઉપર છોડી દેવી. 'સારી હોય કે ખરાબ, ઈશ્વર-માલિકની મરજી અમારા શીર-માથા ઉપર' - આ છે ઈસ્લામની ભાવના.

**''રાજી હૈ હમ ઉસીમેં, જીસમેં તેરી રઝા હૈ''**

ઈસ્લામ શબ્દ જે મૂળ ધાતુમાંથી બન્યો છે તેનો અર્થ છે, 'શાંતિ' એટલે કે 'અમન.' ઈસ્લામ ધર્મમાં માનવાવાળાને 'મુસ્લિમ' અથવા મુસલમાન તરીકે ઓળખવામાં આવે છે. તેઓ જ્યારે એકબીજાને મળે છે ત્યારે બોલે છે : 'અસ્સલામોઆલુકેમ' જેનો અર્થ થાય છે 'આપને શાંતિ મળે.'

ઈસ્લામની પાયાની નિષ્ઠાઓને દરેક મુસ્લિમ પાળતો હોય છે. ઈસ્લામ ધર્મમાં કહ્યું છે કે, 'જે વ્યક્તિ આ પાંચ પાયાની વાતોમાં વિશ્વાસ ધરાવે છે તે સાચો મુસ્લિમ છે, તે સાચો ઈમાનદાર છે.'

✷ અલ્લાહ ઉપર વિશ્વાસ.
✷ અલ્લાહ વિશેનાં પુસ્તકો ઉપર વિશ્વાસ.
✷ ફરિસ્તાઓ ઉપર વિશ્વાસ.
✷ રસુલો ઉપર વિશ્વાસ.
✷ આખિરત (કયામત) ઉપર વિશ્વાસ.

**''અલ્લાહ ઉપર વિશ્વાસ''**

અલ્લાહ ઉપર વિશ્વાસ રાખવાનો અર્થ છે કે એવો દૃઢ વિશ્વાસ રાખો કે અલ્લાહ એક છે. ન તો તેઓના જેવો કોઈ છે કે કોઈ થશે. ન તો તેઓનું કોઈ રૂપ છે ન તેઓ કોઈ રૂપ ધારણ કરે છે. ઈન્સાન એટલે કે માણસના રૂપમાં કે કોઈ બીજા રૂપમાં તેઓ ક્યારેય આ પૃથ્વી પટ ઉપર ઊતરતા નથી.

**''અલ્લાહ વિશેનાં પુસ્તકો ઉપર વિશ્વાસ''**

ઈસ્લામમાં કહેવામાં આવ્યું છે કે અલ્લાહનાં પુસ્તકો જે આસમાનથી ઊતરી આવ્યાં છે, તેના ઉપર વિશ્વાસ રાખવો તે દરેક મુસલમાન માટે અત્યંત જરૂરી છે. ઈસ્લામ માને છે કે કુરાને શરીફ સૌથી છેલ્લે અવતરી છે. અલ્લાહે તેમાં બધી જ અગત્યની વાતો જણાવી દીધી છે. આ પવિત્ર પુસ્તક ઉપર દરેક મુસલમાને ઈમાન-ભરોસો - વિશ્વાસ રાખવો જ જોઈએ.

કુરાનની શૈલી નદીના પ્રવાહની જેમ સરળ અને સુંદર છે. દરેક આયાતમાં થોડા શબ્દોમાં ઊંડો અર્થ ખુબ જ સુંદર રીતે ભરી દેવામાં આવ્યો છે.

આ કુરાને શરીફ સમગ્ર દુનિયા માટે એક દાખલો છે. કુરાનનું અવતરણ થયું છે-વાંચવા માટે, વિચારવા અને સમજવા માટે, યાદ રાખવા માટે અને તેનો અમલ કરવા માટે. કુરાને શરીફ વ્યક્તિને અલ્લાહના બતાવેલા માર્ગે લઈ જાય છે.

**''ફરિસ્તાઓ ઉપર વિશ્વાસ''**

ઈસ્લામમાં ફરિસ્તાઓ ઉપર વિશ્વાસ - ભરોસો મૂકવા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. ફરિસ્તા એ લોકો છે જે અલ્લાહના હુકમથી ઘણાં બધાં કામો પૂરાં કરે છે. તેઓ અત્યંત પવિત્ર હોય છે. સદૈવ અલ્લાહના નામનો જાપ કરતા રહેતા હોય છે. તેઓ જ અલ્લાહના રસુલો પાસે અલ્લાહનો સંદેશ લઈને આવે છે. ફરિસ્તા જ મનુષ્યોના બધાં જ કાર્યો ઉપર દેખરેખ રાખે છે અને સારા-નરસાની નોંધ રાખે છે.

પરંતુ ઈસ્લામ ધર્મ અહીં એક વાતની ચોખવટ કરે છે કે **ફરિસ્તાઓ ઉપર વિશ્વાસ-ભરોસો રાખજો, પરંતુ તેમની પૂજા કરવી નહીં અને તેઓ પાસે મદદ માગવી નહીં અને તેમના નામથી ક્યાંય કશી ભેટ ચઢાવવી નહીં.**

**''રસુલો ઉપર વિશ્વાસ''**

મનુષ્યોએ ક્યાં કામ કરવા જોઈએ, ક્યાં ન કરવા જોઈએ, કયું કામ કરીએ તો અલ્લાહ ખુશ થાય અને કયાં કામથી નાખુશ થાય - તે સર્વ વાતો સમજાવવા અલ્લાહ સમય સમય ઉપર પોતાના સંદેશાવાહક મોકલે છે. જેને રસુલ અથવા પયગમ્બર કહેવામાં આવે છે. આવા રસુલ દરેક સમયે, દરેક દેશમાં આવે છે. દરેક રસુલ સાચા અને નિષ્ઠાવાન હોય છે. આ બધા જ રસુલો ઉપર વિશ્વાસ રાખવાનું ઈસ્લામ ધર્મમાં કહેવામાં આવ્યું છે.

**''આખિરત ઉપર વિશ્વાસ''**

આપણે જે કાંઈ સારું કે નરસું કામ કરીએ છીએ તેનું ફળ આપણે જ ભોગવવાનું હોય છે. એક દિવસ એવો આવે છે જ્યારે બધાના લેખાંજોખાં થતાં હોય છે - ન્યાય થતો હોય છે - આ દિવસનું નામ છે 'આખિરત.'

(વધુ આવતા અંકે...)

# ‘પ્રકાશ સમીક્ષા’ આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો?

**તો નીચેનું ફોર્મ ભરીને ઈમેઈલ દ્વારા kdoprakash@gmail.com,**
**વોટ્સએપ નં. 9372300236 ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલી આપવા વિનંતી છે.**

પ્રકાશ સમીક્ષા મેમ્બરશીપ નં. ____________________ વસ્તીપત્રક નં. ____________________

નામ ____________________ વતનનું ગામ ____________________

સરનામું ____________________

____________________

મોબાઈલ નં. ____________ ઈમેઈલ ____________ ફોન નં. ____________

To,
**કાર્યાલય : C/o. મધુ એન્ટરટેઈન્મેન્ટ ઍન્ડ મિડીયા લી.**
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ,
વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩.

**લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ**

## કોરોના વોરિયર ડૉ. યશ જયંત છેડા (નલીયા-મુલુંડ)ને અભિનંદન



**ડૉ. યશ છેડા**
MBBS (Mum) PGDPH (Nz)

ડૉ. યશ છેડા ૨૦મી માર્ચ થી જ મુલુંડ ઇસ્ટના કોવિડ સેન્ટરમાં કોરોના સંક્રમિત દરદીઓની સારવાર માટે અથાક પરિશ્રમ કરી રહ્યા છે. તેઓ સહાયક કર્મચારીઓની સહાયતા વિના પણ દર્દીઓની સારવાર કરે છે. જ્યારે અન્ય સહાયક કર્મચારીઓ મૃતદેહ બાંધવા માટે નકાર કરે છે ત્યારે ડૉ. યશ અન્ય દર્દીઓની સલામતી માટે સ્વયં આ કાર્ય કરે છે. ખરેખર આ ખૂબજ દુષ્કર કાર્ય છે જે ડૉ. યશ કરી રહ્યા છે. તેમને સો સો સલામ.

તેમની આવી સેવાપુર્ણ ફરજ બજવણીની નોંધ લઇ લાયન્સ ક્લબ ઓફ મુલુંડ તરફથી તેમને પ્રશસ્તિ પત્ર અર્પણ કરી ‘કોરોના વોરિયર’ તરીકે બિરદાવવામાં આવ્યા છે. તે ઉપરાંત ઇન્ડિયન મેડીકલ એસોસિએશન - મુલુંડ દ્વારા પણ તેમને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યું છે. ડૉ. યશ જયંત છેડાને પ્રકાશ સમીક્ષાના અભિનંદન.





# ટ્રસ્ટને લગતા મુખ્ય કાયદાઓ તથા તેનું પાલન (ભાગ ૩)

## સી.એ. કમલેશ વિકમશી દ્વારા વેબનારમાં અપાયેલ માહિતીનું સંકલન

**સી.એ. પદમકુમાર ઠાકરશી પોલડિયા**, ડુમરા (ઘાટકોપર)
મોબાઇલ : ૯૮૨૦૪ ૧૩૧૪૧ ઈમેલ : ptpoladia@gmail.com



ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્સ એસોશિયેશન દ્વારા આયોજીત વેબનાર તા. ૧૧-૭-૨૦૨૦માં સી.એ. કમલેશ વિકમશી દ્વારા રજુ થયેલ વિચારોનું ગુજરાતી ભાષામાં સંકલન ભાગ-૩ તરીકે રજુ કરેલ છે. આ ભાગમાં ટ્રસ્ટને ઈન્કમટેક્સ એસેસમેન્ટમાં લગતા મુદાઓ પર ચર્ચા કરેલ છે.

ભારત સરકારે હાલમાંજ E-Assessment Scheme 2019 રજૂ કરેલ છે. જેમાં તમારે ઓફિસર આગળ કોઇપણ કાગળીઆ સબમીટ કરવાનાં નથી. આ એસેસમેન્ટ જે ટ્રસ્ટ અને બધી વ્યક્તિઓને લાગુ પડે છે તેમાં દરેક જણે પોતાનાં કાગળીઆ એસેસમેન્ટ વખતે પોતાનાં રજીસ્ટર્ડ એકાઉન્ટસથી જ આપવાના રહેશે. તેનાં મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે.

૧) ફેશલેશ એસેસમેન્ટ : કોઇપણ કરદાતાને ઓફિસર આગળ જવાની જરૂર નથી.

૨) દરેક બાબતો ઈલેક્ટ્રોનીક મીડીયા દ્વારા થશે જેમાં કેસનું સીલેક્શન, ઓફિસરને એલોકેશન, એસેસમેન્ટની પ્રક્રિયા તથા એસેસમેન્ટ ઓર્ડર.

૩) દરેક પ્રકારનો વ્યવહાર ફક્ત ઇ-મેલ દ્વારા કરવામાં આવશે.

૪) કાગળો પર સહી ડીજીટલ સીગનેચર દ્વારા કરવાની રહેશે.

૫) જે કાંઇપણ કાગળો અથવા માહિતી મોકલતાં તેનો જવાબ ડીપાર્ટમેન્ટ દ્વારા તુરંત જ ઇ-મેલ થી આપવામાં આવશે.

૬) જો તમે કોઇને ઓથોરાઇઝ રીપ્રેશનટેટીવ નીમશો તો તેની નીમણુંક પણ રજીસ્ટર્ડ એકાઉન્ટસ દ્વારા જ કરવામાં આવશે.

૭) એસેસમેન્ટ સીવાય અપીલ તથા પેનલ્ટીનું એસેસમેન્ટ પણ ઇ-અપીલ તથા ઇ-પેનલ્ટી સ્કીમ દ્વારા કરવામાં આવશે.

ઉપરની બધી બાબતોની શરૂઆત થઇ ચૂકી છે અને મારા અનુભવ મુજબ સારી રીતે ચાલી રહેલ છે. સૌથી મોટી ખૂબી એ છે કે તમે તમારો જવાબ રાતનાં ૧૨ વાગે પણ આપી શકો છો ! જે પહેલા તમે ઓફિસરનાં ઓફિસ સમય દરમ્યાન જ આપી શકતા હતા.

**ટ્રસ્ટનાં ઇ-એસેસમેન્ટમાં ધ્યાન રાખવા જેવી બાબતો**

૧) જે ટ્રસ્ટનાં એકાઉન્ટમાં ઇ-મેલ આઇડી આપેલ છે તે રેગ્યુલર જોતા રહેવું.

૨) જ્યારે પણ કલમ ૧૪૨(૧) અથવા ૧૪૩(૨) ની નોટીસો આવે તે તેનાં જવાબ સમયસર આપતા રહેવું.

૩) જો તમને લાગે છે કે તમે સમયસર જવાબ નથી આપી શકવાના તો તારીખ લંબાવવાની માગણી નાખી દેવી જેથી તમને ''કાગળો ન સબમીટ'' કરવાની પેનલ્ટી ન લાગે.

૪) ખાસ ધ્યાન રાખો કે જેટલા સવાલનાં જવાબ માગવામાં આપ્યો છે તે દરેક નો જવાબ લખવો રહ્યો. ધારોકે તમને કોઇ સવાલ લાગુ નથી પડતો તો પણ ત્યાં ''લાગુ નથી પડતું'' તેમ ખાસ જણાવવું.

૫) જે લેટર દ્વારા જવાબ આપવાનો છે તે લેટર ડ્રાફ્ટ/સબમીશન કરવામાં - જો ખાસ બાબત માંગેલ હોય તો તેને ખૂબજ ચોખ્ખી તથા સમજાય તેવી ભાષામાં જવાબ આપવો જરૂરી છે.

૬) ટેક્નીકલ પ્રશ્નોનાં જવાબો ખૂબજ લંબાણથી તથા લોજીકલી મુકવા જરૂરી છે.

૭) ઓનલાઇન પોર્ટલમાં ફક્ત ૧૦ ડોક્યુમેન્ટ જે ૧૦ એમબી થી વધારે નથી તે મુજબ અપલોડ કરવાનાં છે. એટલે કે જો એકજ વખતમાં અપલોડ ન થાય તો તેને ટુકડામાં કરી અનેક વખત અપલોડ થઇ શકે છે.

૮) બધા જવાબો ફક્ત તમારા રજીસ્ટર્ડ એકાઉન્ટસ થી જ આપવા ખાસ ધ્યાન રાખવું.

૯) આ દરેક સબમીટ થયેલ જવાબોનું ઈમેલ દ્વારા તમને જે જવાબ મળે તે દરેકને ભવિષ્ય માટે સાચવી રાખવા જરૂરી છે. જો કોઇ બાબત ન સમજાઇ હોય તો તેનું ક્લેરીફીકેશન પણ કરાવવું જરૂરી છે.

**ટ્રસ્ટનાં એસેસમેન્ટમાં સામાન્ય રીતે પુછાતા સવાલ - જવાબો (જે લગભગ બધા ટ્રસ્ટીને એસેસમેન્ટ વખતે લાગુ પડે છે)**

૧) ટ્રસ્ટની રજીસ્ટ્રેશન બાબત માહિતી
- ચેરીટી કમીશનર રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ
- ૮૦જી કલમ હેઠળ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ

૨) ટ્રસ્ટની આવક એક્યુમલેશન કરવાની બાબતના મીંટીગના ઠરાવની કોપી

૩) બેંકમાં ખાતાની વિગતો જેવી કે બેંકનું નામ, બ્રાંચનું નામ તથા એડ્રેસ, ખાતા નંબર, બેંક રીકનસીલીયેશનની વિગત, વગેરે વગેરે

૪) જો ફોરેન કોન્ટ્રીબ્યુશન એક્ટમાં ટ્રસ્ટ રજીસ્ટર્ડ હોય તો તેની વિગતો તથા વર્ષ દરમ્યાન મળેલ કોન્ટ્રીબ્યુશનની વિગતો. જેવા કે ડોનરનું નામ, એડ્રેસ, પેન નંબર, ડોનેશનની રકમ રૂપિયા અથવા ડોલરમાં

૫) ડોનર તરફથી કોરપસ ડોનેશન મળ્યા હોય તો તેનાં કાગળો

૬) ટ્રસ્ટનું એડ્રેસ તેમજ દરેક ટ્રસ્ટીઓનાં નામ, એડ્રેસ તથા તેમનાં પેન નંબર

૭) ટ્રસ્ટનું આવક-જાવક ખાતું તથા બેલેન્સસીટની પૂર્ણ કોપીઓ.

૮) ઓડિટ રીપોર્ટ ફોર્મ નંબર ૧૦બી, તથા ફોર્મ ૧૦/ ફોર્મ ૯એ વગેરેની કોપીઓ

ખાસ નોંધ : ટ્રસ્ટે મીટીંગની મીનીટસ્ અને ફીક્સ એસેસ્ટસની ખરીદી કરી છે તેના દરેક બીલો અથવા એગ્રીમેન્ટ ખાસ સંભાળીને રાખવા અને જરૂર પડે ત્યારે તેને સ્કેન કરી રજુ કરવા ટ્રસ્ટનો એસેસમેન્ટમાં ખાસ ધ્યાન રાખવા જેવા મુદ્દાઓ

૧) જો કોઇ વર્ષમાં આવક કરતાં જાવક વધારે થયેલ હોય તો તે આગલા વર્ષની આવક સામે સેટ-ઓફ થઇ શકે (સીઆયટી વર્સીસ સુબ્રોસ એજ્યુકેશન સોસાયટી (૨૦૧૮) ૩૦૩ CTRI (SC)

૨) જો કોઇ લોન અથવા ઉધારીની ચુકવણી થાય તો તેને એપ્લીકેશન ઓફ ઇન્કમ ગણવામાં આવે છે. (સીબીડીટી સરક્યુલર નંબર ૧૦૦ તા. ૧૪-૦૧-૧૯૭૩)

- જો કોઇ ટ્રસ્ટે તેનાં ઓબ્જેક્ટસ માટે લોન લીધી હોય અને તેને જો ચૂકવણી થાય તો તે વખતે તેને એપ્લીકેશન ઓફ ઇન્કમ ગણાય છે.

- જો વિદ્યાર્થીઓને ટ્રસ્ટે એજ્યુકેશન લોન અથવા ગ્રાન્ટ સ્કોલરશીપ લોન આપેલ હોય તો તેને એપ્લીકેશન ઓફ ઇન્કમ ગણવામાં આવે છે.

આ ભાગ-૩ ની સાથે અહી ટ્રસ્ટને લગતા કાયદાઓની ચર્ચા પૂરી થાય છે. મને આશા છે કે ટ્રસ્ટોના ફાયદા માટે આ ત્રણેય ભાગ જો ગુજરાતી અથવા અંગ્રેજીમાં પુસ્તીકા સ્વરૂપે લાવવામાં આવે તો બધાને ખૂબજ ફાયદાકારક રહેશે.

***


With Best Compliments from

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

## મળવા જેવા માણસ...
## શ્રીમતી પ્રિતીબેન પ્રદીપ સોમચંદ ખોના (ગદગ-બારોઈ)
## શ્રીમતી અલકાબેન ભૂપેન્દ્ર સોમચંદ ખોના (ગદગ-બારોઈ)



આજે હું આપને આપણી જ્ઞાતિની બે ઉત્સાહપૂર્ણ તથા પ્રવૃત્તિશીલ મહિલાઓથી પરિચિત કરાવીશ. તેમની પાસેથી આપણને ઘણું શીખવા મળશે. આપણે કહેતા હોઇએ છીએ કે અમે ક.દ.ઓ. છીએ, ધંધો - વ્યવસાય અમારા લોહીમાં છે, પરંતુ હું જોઇ રહ્યો છું કે આપણી જ્ઞાતિની યુવા પેઢી ઉચ્ચ શિક્ષણ મેળવી નોકરી કરવા લાગી છે. આપણી આવી યુવા પેઢીએ આ ઇન્ટરવ્યુ જરૂર વાંચવા વિનંતી.

હા, સ્વતંત્ર વ્યવસાય એ આપણા લોહીમાં છે પરંતુ તે વાત ફક્ત પુરૂષોને જ લાગુ પડે છે એવું નથી. આપણી જ્ઞાતિની મહિલાઓ પણ સમાન સક્ષમતા ધરાવે છે અને પોતાનો સ્વતંત્ર ધંધો ઉદ્યોગ શરૂ કરી તેને વિકસિત કરે છે. આપણી જ્ઞાતિમાં એવી અનેક મહિલાઓ છે જેમાંથી બે મહિલાઓનો આજે પરિચય મેળવીશું.

પ્રિતીબેન અને અલકાબેન બન્ને સન્નારીઓ માનવીય અભિગમ ધરાવતી ગ્રહિણીઓ છે અને જેઠાણી-દેરાણી તરીકે ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાન છે. ડૉ. પ્રદીપ ખોના આપણી જ્ઞાતિની સુપ્રસિધ્ધ વ્યક્તિ છે. તેઓ તેમના ભાઇ ભૂપેન્દ્ર સાથે ગદગ ખાતે પેથોલોજી લેબોરેટરી ચલાવે છે. બન્ને ભાઇઓ તથા પરિવારજનો, તેમના માતુશ્રી ઝવેરીબેન સોમચંદ ખોના સાથે સંયુક્ત રીતે રહે છે. એમના પરિવારની ચાર પેઢીઓ સાથે રહે છે. આવા પરિવારો ખૂબજ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. બધા પરિવારજનો વચ્ચે સ્નેહ - સંભાળ, સમજદારી તથા સંપ ખૂબજ ઉત્તમ છે જેથી દરેક સભ્ય એમ માને છે કે આજે જે કાંઇ છીએ એ પરિવારના પ્રતાપે જ છીએ. ખરેખર આવા પરિવારો ખૂબ જ ઓછા હશે.

પ્રિતિબેન, સાંયરા-કલકતાના નવલબેન મણીલાલ પદમશી માલાણી (લોડાયા)ના સુપુત્રી છે. તેઓ કલકતામાં જન્મ્યા અને ત્યાં જ તેમનો ઉછેર થયો. તેમણે ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. તેમના ડૉ. પ્રદીપ ખોના સાથે સગપણ થયા ત્યારે ગદગ ક્યાં છે તેની જાણકારી પણ નહોતી. તેમને રસોઇ કરવી ગમતી હતી જેથી તેઓ લગ્ન પછી રેસ્ટોરન્ટ વ્યવસાય માટે આગળ વધ્યા. તેઓ રોટરી ક્લબની મહિલા વિંગ ઇનરવ્હીલ ક્લબમાં કાર્યરત હતા. તેઓ ગદગ ઇનરવ્હીલ ક્લબના પ્રમુખ તરીકે ઇ.સ. ૧૯૯૨-૯૩માં તેમને બેસ્ટ પ્રેસિડેન્ટનો એવોર્ડ મળ્યો. પછીથી તેઓએ ડીસ્ટ્રીક ઇનરવ્હીલ ક્લબના ડેપ્યુટી ચેર પર્સન તરીકે પણ સેવા આપી.

અલકાબેન, રાપર-હુબલીના ચંદનબેન ટોકરશી મોતાના સુપુત્રી છે. તેમણે એસ.વાય. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમને રસોઇ કળાનો શોખ નહતો પણ નૃત્યનો શોખ ધરાવતા હતા. જેઠાણી-દેરાણી બેનોએ ઇ.સ. ૨૦૦૨માં ખાદ્ય પદાર્થનો ધંધો કરવાનું નક્કી કર્યું અને ગદગના સુપર માર્કેટમાં નાનકડા સ્ટોલનો પ્રારંભ કર્યો. આવો હવે તેમની સફળતાની કહાની તેમની પાસેથી જ સાંભળીએ.

**પ્ર.સ.: રેસ્ટોરંટના વ્યવસાયની કોઇપણ જાણકારી ન હોવા છતા તમે ખાદ્યપદાર્થના ધંધામાં ઝંપલાવવાનું કઇ રીતે નક્કી કર્યું ?**

**પ્રિ.** : મને વિવિધ વાનગીઓ બનાવવાનો હમેંશા શોખ હતો. અમારા પતિઓને આર્થિક દૃષ્ટિએ મદદરૂપ થવા અમોએ કીટી પાર્ટીઓમાં પાણીપુરી વગેરેના ઓર્ડર લેવાનું ઇ.સ. ૨૦૦૦ થી શરૂ કર્યું. મારૂ સ્વપ્ન હતું કે રેસ્ટોરંટ શરૂ કરવું પરંતુ આર્થિક ટેકા વગર એ શક્ય ન હતું તેથી નાનકડા ફુડ સ્ટોલથી પ્રારંભ કર્યો.

**અ.** : મને રસોઇ બનાવવામાં રસ ન હતો તેમજ લગ્ન પહેલા રસોઇ બનાવતા પણ નહોતું આવડતું. લગ્ન પછી મને મારા સાસુમા તથા જેઠાણી પાસેથી રસોઇ વિશે ઘણું બધું શીખવા મળ્યું અને આજે હું ૧૦૦ જણનું જમવાનું કોઇના પણ સપોર્ટ વિના બનાવી શકું છું. મેં અને પ્રિતીભાભીએ 'જવેલ મુન' નામથી ગદગના નવા મોલમાં ૨૦૦૨માં ફુડ સ્ટોલ શરૂ કર્યું.

**પ્ર.સ.: ફુડ સ્ટોલમાં તમારો અનુભવ કેવો રહ્યો ?**

**પ્રિ.** : અમને ગ્રાહકોનો સુંદર પ્રતિસાદ મળ્યો. ગદગમાં ગુજરાતીઓ સિવાય અન્યોને પાણીપુરી વિશે બહુ જાણકારી ન હતી. અમોએ તેમને ટેસ્ટી પાણીપુરી તથા અન્ય ફાસ્ટ ફુડની વેરાયટીનો ચસકો લગાડી દીધો.

**અ.** : અમોએ સફળ થવા માટે ખૂબ પરિશ્રમ કર્યો. બધી વાનગીઓ અમે બન્ને ઘરે તૈયાર કરતા હતા. અમે તે સમયે ફુડ સ્ટોલ, ઘર અને બાળકો એમ ત્રણે ઠેકાણે કાર્યરત રહેતા.



**પ્ર.સ.: મોલમાં ફુડ સ્ટોલ શરૂ કર્યા પછી ફક્ત એક જ વરસમાં તમે તમારી રેસ્ટોરંટ 'કુટીર' કઇ રીતે શરૂ કરી ?**

**પ્રિ. :** મેં તમને અગાઉ કહ્યું તેમ મેં રેસ્ટોરંટ શરૂ કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. વાનગીઓના સ્વાદ અને ગુણવતાને કારણે અમને અનેક ગ્રાહકો મળ્યા એટલે અમો ગદગમાં ફુલ ફ્લેજડ રેસ્ટોરંટ શરૂ કરવા ઉત્સાહિત થયા.

**અ. :** પ્રિતીભાભીને રાંધણકળા હાથવગી હતી. તેમણે અનેક નવી રેસીપીઓ તૈયાર કરી જે મોલમાં આવનારા ગ્રાહકોને ગમવા માંડી એટલે અમને રેસ્ટારંટ શરૂ કરવા હિંમત મળી. આજે અમે કુટીર રેસ્ટોરંટ, જવેલ મુન ફાસ્ટ ફુડ અને જ્વેલ મુન આઈસ્ક્રીમ પાર્લર ચલાવીએ છીએ.

**પ્ર.સ.: કોઇપણ ધંધો, રેસ્ટોરંટ કે ફુડ બીઝનેશ ચલાવવાના કોઇપણ અનુભવ વિના તમોએ બન્ને ફુડ બીઝનેશને આટલી સફળતા કઇ રીતે અપાવી ?**

**પ્રિ. :** અમારો સંપૂર્ણ પરિવાર અમને હિંમત અને ટેકો આપવા તત્પર હતો. તેઓ અમારી સાથે ખડકની જેમ ઉભા રહ્યા. મારા પતિ, દિયર, નણંદો બધા અમને મદદરૂપ થવા તત્પર હતા. વાનગીઓનો સ્વાદ અને ગુણવતા પણ અમને સફળતા અપાવવા ચોકક્સપણે મદદરૂપ બન્યા. અમે હંમેશા નવી વેરાયટીઓ તથા નવા સ્વાદની વાનગીઓ પીરસતા હતા તેથી ગ્રાહકો નિયમિત રીતે આવતા રહ્યા. બધી જ રેસીપી અમારા દ્વારા જ વિકસિત હતી અને દરેક ડીશને નવું નામ આપતા હતા, જે ગ્રાહકોને આકર્ષિત કરવા મદદરૂપ બન્યા.

**અ. :** અમારી સખત મહેનત તથા પરિવારનો ટેકો હતો તેથી અમે ઝડપથી સફળ થયા અને ધંધો વિકસિત થયો. ગ્રાહકોને સસ્મિત સેવા આપવાની અમારી ટેવ પણ અમને મદદરૂપ નિવડી. અમોએ અમારા કર્મચારીઓના સંભાળ લઇ તેમની જરૂરતોની કાળજી રાખી જેથી કર્મચારીગણ પણ ખૂબજ ખુશ છે. અમે ચટણી તથા મસાલા વગેરે આજે પણ ઘરે જ બનાવીએ છીએ જે સ્વાદ અને ગુણવતા જાળવવા ઉપયોગી બને છે. અમારા રેસ્ટોરંટની સફાઇ તથા વ્યવસ્થા સરસ હોય છે તથા રસોડું સ્વચ્છ હોય છે. આવી બધી બાબતો અમારી સફળતાના કારણો ગણી શકાય.

**પ્ર.સ.:આપના સંતાનો વિશે તથા ભવિષ્યના સપનાઓ વિશે કંઇ કહેશો ?**

**પ્રિ. :** મારા બન્ને સુપુત્રો પ્રતિક અને પ્રીત ડૉક્ટર છે. બન્ને પરિણિત છે, સુખી લગ્નજીવન ગાળી રહ્યા છે. અત્યારે તેઓ કોરોના વોરિયર બની લોકોની જીંદગીઓ બચાવી રહ્યા છે. મારા બન્ને દીકરાઓને ડૉક્ટર બનાવવાનું મારૂં સ્વપ્ન હતું જે પુર્ણ થયું છે. હું ગદગમાં વયસ્ક વડીલોની દેખભાળ માટે ડે કેર સેન્ટર શરૂ કરવા ઇચ્છું છું.

**અ. :** મારો સુપુત્ર પ્રણવ બી.બી.એ. ડીગ્રીધારક છે અને અત્યારે કુટીર રેસ્ટોરંટનું કામ સંભાળે છે. હું અને ભાભી ફાસ્ટ ફુડ રેસ્ટોરંટની સંભાળ લઇએ છીએ. અમે નીકટના ભવિષ્યમાં ગદગ ખાતે બુટીક હોટેલ શરૂ કરવા ઇચ્છીએ છીએ.

**પ્ર.સ.: ક.દ.ઓ. જ્ઞાતિ તથા આજની યુવા પેઢીને આપ શું સંદેશ આપશો ?**

**પ્રિ.અ.:** સંયુક્ત પરિવાર તમને સ્વપ્ન જોવાની તથા તેને પુરા કરવાની શક્તિ આપે છે. પરિવારજનોને ખુશ રાખવા, વડીલોની દેખભાળ કરવી એ જીવનના અનેરા આનંદ છે. તેથી જીવનનો ઉત્સાહ સ્વયંભુ આપણી તરફ આવતો જ રહે છે. દેરાણી-જેઠાણી પણ સારા મિત્રો બની શકે છે અને જીવનભર સાથે રહી શકે છે તેઓ બન્ને એકબીજા માટે શુભેચ્છા સમાન છે.

ઉચ્ચ સ્વપ્નો જુઓ અને તે પુરા કરવા સખત પરિશ્રમ કરો. હંમેશા કંઇક નવું અને સંશોધન સમાન કાર્ય કરો. સફળતા તમારી પાછળ પાછળ દોડતી આવશે.

**પ્ર.સ.: પ્રિતીબેન તથા અલકાબેન, આપનો ખૂબ ખૂબ આભાર**

**- ડૉ. હીરાંચદ દંડ**

વિચાર
વર્તુળ

# સેપિયન્સ

– પ્રવિણ લોડાયા, વડોદરા



''હું એ લોકોને સેપિયન્સ વાંચવાની ભલામણ કરૂં છું. જેમને માનવ પ્રજાતિના ઇતિહાસ અને ભવિષ્યમાં રસ છે.''

અત્યારે દુનિયાભરમાં ધૂમ મચાવી રહેલા આ પુસ્તકના લેખક છે, યુવલ નોઆ હરારી. ડૉ. હરારી ઇઝરાયલના ઇતિહાસકાર છે. તેમણે ઓક્સફર્ડ યુનિ. માંથી ઇતિહાસમાં પીએચ.ડી. કર્યુ છે. અને હવે જેરૂલેમની હિબ્રૂ યુનિ. માં ભણાવે છે. એમના ઓનલાઇન કોર્સ A Brief History of Mankind માં લાખોની સંખ્યામાં લોકોએ ભાગ લીધો છે.

આ પુસ્તકના અનુવાદક વરિષ્ઠ પત્રકાર રાજ ગોસ્વામી છે. વિશ્વ સાહિત્ય, વિજ્ઞાન, કળા, ફિલોસોફી અને અધ્યાત્મમાં તેમનું ગહન વાચન છે. ૭૦ હજાર વર્ષ પહેલાં એક તુચ્છ જાનવર તરીકે પેદા થઇને આખી પૃથ્વીના માલિક અને સમગ્ર પ્રાકૃતિક જીવન માટે આતંકી બની ગયેલા હોમો સેપિયન્સની દિલધડક કહાનીનું વર્ણન રાજ ગોસ્વામીએ સુપેરે પાર પાડ્યું છે.

મોટા ભાગના લોકો એવું માનીને ચાલે છે કે આપણે દેવના દીધેલ છીએ અને વિશ્વકર્માએ આપણને વિશેષ રીતે ઘડીને મોકલ્યા હતા. આ પુસ્તક તમને યાદ અપાવે છે કે આજે પૃથ્વી પર જેમ ડુક્કરોની અનેક જાતિઓ અસિત્વમાં છે, તેવી જ રીતે આપણા જેવા ઘણા મનુષ્યો આ ગ્રહ પર રહેતા હતા. પરંતુ એમાં ફક્ત આપણી અંદર જ સમજશક્તિની ચિનગારી પ્રગટી અને તેના આધારે આપણે સમગ્ર પૃથ્વી અને જીવસૃષ્ટીની તબાહીનું કારણ બની રહ્યા છીએ.

હોમો સેપિયન્સમાં જ્યારે સેલ્ફ કોન્શ્યસનેસ પેદા થઇ, ત્યારે તેને બાકીના તમામ જીવો કરતાં શ્રેષ્ઠ હોવાનો અહેસાસ થયો, તેમાંથી તેની પ્રગતિ અને તબાહીનો રસ્તો પણ શરૂ થયો. આપણે બ્રમ્હાંડના સૌથી ખૂબસૂરત ગ્રહ પૃથ્વીને બરબાદ કરી નાખી.

આપણે માનીએ છીએ કે પૃથ્વી પર આપણે જ સૌથી બુધ્ધિશાળી તેમજ બળવાન છીએ અને આપણે જ પૃથ્વીના કેન્દ્રમાં છીએ. તેમજ સમગ્ર સૃષ્ટિ આપણા ભોગવિલાસ માટે છે. પ્રકૃતિને કન્ટ્રોલમાં લેવાની આ હોડમાં આપણે હવા બગાડી છે. પાણી પ્રદુષિત કર્યું છે. વનસ્પતિ ખલાસ કરી છે.

ગુફામાં બેસીને ગધેડાનાં હાડકાંથી અણી કાઢનારો લઘરવઘર સેપિયન્સ આજે સૂટ-બૂટ પહેરીને અમેરિકામાં – રશિયામાં બેઠો છે, પાકીસ્તાન – અફઘાનિસ્તાનમાં બેઠો છે, ઇરાક – સિરિયામાં બેઠો છે કે ઉત્તર કોરિયામાં બેઠો છે. આને જ આજનો માણસ પ્રગતિ કહે છે. એક બાજુ શાંતિ અને પ્રેમની વાતો કરીએ છીએ બીજી બાજુ સેકન્ડઝમાં સંહાર કરે તેવા શસ્ત્રોય બનાવીએ છીએ. શું આ વિચિત્ર નથી ? કેવું કરૂણ આશ્ચર્ય કહેવાય કે માણસ શાંતિ માટે યુધ્ધ કરે છે ! વિકાસની લાંબી યાત્રામાં માણસનું દિમાગ યુધ્ધ, હિંસા, સંઘર્ષ અને નફરત માટે સંસ્કારિત થઇ ગયું છે. માનવીય દિમાગ સંઘર્ષ અને હિંસાના સંસ્કારથી બંધાયેલું છે.

મૂળ સવાલ એ છે કે માણસમાં વૈચારિક ક્રાંતિ કેવી રીતે આવે ? નવા વિચારો, નવી શોધખોળો, નવી માન્યતાઓ, નવા આદર્શો કે નવા ચિંતનાથી માણસની મૂળભૂત વૃત્તિમાં કોઇ ફરક આવ્યો નથી. પછી એ વ્યક્તિગત જીવન હોય, સામાજિક જીવન હોય કે રાષ્ટ્રીય જીવન હોય – તમામ સ્તરે માણસ અસંતુષ્ટ, દુઃખી અને ઉદાસ રહ્યો છે.

માણસે જ્યારે જ્યારે નવો વિકાસ, નવી શોધખોળ, નવી સિધ્ધિ કે નવી ક્રાંતિ કરી છે ત્યારે ત્યારે એણે સુખ અને શાંતિના આગલા સ્તરે જવાની આશા બાંધી છે. વિકાસની સફરમાં માણસને કૃષ્ણ, મહાવીર, બુધ્ધ, પયગંબર, ગાંધી અને કૃષ્ણમૂર્તિ જેવા માર્ગદર્શક પણ મળ્યા છે. છતાં શાંતિ માટેનો તેનો પોકાર શમ્યો નથી.

માણસે એની ઇચ્છા પ્રમાણે આ દુનિયાનો વિકાસ કર્યો છે. માણસ ગુફામાં રહેતો હતો, ત્યાંથી બહાર નીકળીને એણે પૃથ્વી પર એ બધીજ વસ્તુઓનું સર્જન કર્યું અને બ્રમ્હાંડને સૌથી શ્રેષ્ઠ બનાવ્યું.

કૃષિ ક્રાંતિના પડાવો પર માણસે જીવનને બહેતર બનાવ્યું. તેના પછી ઔદ્યોગિક ક્રાંતિ, એનો સંઘર્ષ ખતમ થતો નથી. આપણે આટલી પ્રગતિ કરી છતાં આપણે સુખી થયા નથી.

સવાલ એ છે કે શું આપણે પહેલાં કરતાં વધુ ખુશ છીએ ? માનવ જાતિએ છેલ્લી પાંચ સદીઓમાં જે સંપત્તિ એકઠી કરી છે, તે સંતોષમાં પરિણમી છે ?

* * *

**અતીતની અટારીએથી**

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૨)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



(ગતાંકથી ચાલુ..)

**હવાઈ માર્ગે :**

ઈ.સ. ૧૯૪૮ની આસપાસ મુંબઈથી ભુજ વાયા જામનગર ઈન્ડિયન એરલાઈન્સનું એક નાનકડું વિમાન નિયમત રૂપે અનિયમિતતાથી ઉડતું, તે જમાનામાં આપણા કચ્છીઓ કોથળા ભરી મુંબઈ-કચ્છ-મુંબઈ પ્રવાસ કરતાં. આથી વિમાનની ટીકીટ કરતાં, લગેજનો ચાર્જ વધુ લાગતો, અને માનસિક રીતે ભય. તેથી અત્યંત જરૂરી પ્રસંગો સિવાય વિમાનથી મુસાફરી આપણા જ્ઞાતિજનોની ભાગ્યે જ થતી.

**''રતન ખણી જિત વિડેશજા, મેરામણ ઉછરન;**
**મલ જેડ઼ા માલમ મછવેંસે, સાગર પાર પુજન.''**
**- મુંજી માતૃભૂમિકે નમન,**
**- (કવિ નિરંજન)**

**દરિયાઈ માર્ગે :**

કચ્છથી મુંબઈ કે મુંબઈથી કચ્છ આવવા-જવા માટે સૌથી વધારે લોકો, દરિયાઈ માર્ગ પસંદ કરતા હતાં. ઈ.સ. ૧૮૭૨ની આસપાસ મુંબઈના ઘડિયાલ ગોદીથી માંડવી (કચ્છ) થઈ સિંધિયા સ્ટીમ નેવીગેશનની બે સ્ટીમર અઠવાડિયામાં બે વખત કરાંચી જતી હતી. આ સેવા ઈ.સ. ૧૯૬૫માં બંધ થઈ ગઈ, જ્યારે ઈન્ડિયન નેવીએ પાકિસ્તાન સાથેના યુદ્ધમાં કરાંચી બંદર ઉપર તબાહી મચાવી દીધી. આજે પણ આ સેવા ઘણા પ્રયત્નો પછી પણ બંધ છે.

દરિયાઈ માર્ગે મુસાફરી સરળ હતી કારણ કે ઘડિયાલ ગોદીથી શનિવાર અને બુધવારના સ્ટીમર ઉપડતી અને બીજા દિવસે લગભગ ૨૦ થી ૨૨ કલાકની દરિયાઈ મુસાફરીમાં કચ્છ માંડવી પહોંચાડી દેતી. માંડવીનાં દરિયામાં ભરતી અને ઓટના નિયમ મુજબ માંડવી બંદરેથી આશરે ૩ થી ૪ નોટીકલ માઈલ્સ દુર લંગર નાખી ધ્યાન ધરી ઉભી રહેતી.

કિનારેથી અને સ્ટીમર ઉપરથી સબ સલામતના સિગ્નલ છુટે પછી માંડવી બંદરેથી હવાથી ચાલતા સઢવાળા મચ્છવા છુટતા અને સ્ટીમરને આજુ-બાજુથી ઘેરી લેતા.

(સ્ટીમર દ્વારા ચાંદની રાત્રે કચ્છ માંડવી તરફ સફર કરવાનો મોકો મળે તો તો **''સોનેમેં સુહાગા''** બની જતું, કુદરતનો એક અનોખો નજારો જોવા મળતો. રૂપેરી મોજાઓ ઉપરસરકતી સ્ટીમરને માણવાનો એક અનોખું દૃશ્ય સર્જાતું. પણ જેમને દરિયાઈ મુસાફરીમાં ફેર ચડતાં (ચક્કર આવતા-ખુબ ઉલ્ટીઓ થતી) તેમના માટે આ મુસાફરી દુ:ખદ બનતી.

તમે મારી સાથે દરિયાઈ મુસાફરીમાં ઘડિયાલ ગોદીથી જોડાવ તે પહેલા આ મુસાફરી માટે ઘણી બધી ''સાંભાઈ'' - તૈયારીઓ થતી અને અમારૂ ઘર એક મહોત્સવનું રૂપ લેતી.

**સાંભાઈ એક મહોત્સવ :**

અમે કચ્છ જવાના છીએ એ અમારા સ્નેહીજનોને ખબર પડે એટલે મુસાફરીના બે-ત્રણ દિવસ પહેલાથી જ કચ્છમાં પહોંચાડવાના ''સંપેતરા''નો વરસાદ અમારા ઘરે થવા લાગે.

આટલું ઓછુ હોય તેમ કચ્છથી અમારા વડીલો તેમજ ''ગામાઈ''ભાઈઓ તરફથી એક લાંબુ લચક લીસ્ટ આવી ગયું હોય જેમાં ખાસ કરીને દાદાજી માટે કારી કિનારવાળા મફતલાલ મીલના ધોતિયાની જોડી, દાદી માટે ગુલાબ છાપ ''ભજર''ના એક ડઝન ડબ્બા, મોટા ફઈબા માટે સફેદ મલમલનું દશ વાર કાપડ, મસ્જીદ બંદર પર આવેલ રૂગનાથ દેવજીની કંપની માંથી બદામ, કાજુ, કિસમીસ, સુકોમેવો વગેરે અને મેલેરિયાની ક્વીનાઈનની ગોળીઓ તથા જુદા-જુદા રોગો માટે આર્યુવેદ ઉપચારની દવાઓ. (તે જમાનામાં અબડાસા તાલુકામાં એક જ ડોક્ટર રાવ પ્રેક્ટીસ કરતા હતા.)

(વધુ આવતાં અંકે)

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

# KDO શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

## મુંબઇ મહાજન સમિતિ અને ટ્રસ્ટ કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦નો અહેવાલ

**જય જય શ્રી અનંતનાથ!** ભારત સરકાર કે રાજ્ય સરકારની વ્યવસ્થા કર (ટેક્ષ)થી ચાલે જ્યારે સંસ્થા અને મહાજન દાતાશ્રીઓના વહેતા દાનથી ચાલે! **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**ની વ્યવસ્થાપક સમિતિ અને **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**ના ટ્રસ્ટ બોર્ડ **કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦** માટે ક.દ.ઓ. જ્ઞાતિજનોની સેવા માટેનો સુંદર લાભ અને સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું.

વિવિધ આશાઓ અને જ્ઞાતિહિતના કાર્યને વિકાસલક્ષી બનાવવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ સમિતિની રચનાઓ થઇ. શુભારંભે જ શ્રેય શુભાંત.

### શ્રી ગૌતમસ્વામી મહાપૂજન :

ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીના પ્રથમ ગણધર અનંતલબ્ધિનિધાન **શ્રી ગૌતમસ્વામી મહાપૂજન** પ.પૂ.સાધ્વી **શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા અને યતિવર્ય **શ્રી મોતીસાગરજી મ.સા.**ની પાવનકારી નિશ્રામાં **રવિવાર, તા. ૧૯.૦૪.૨૦૧૫** શુભ દિને થયેલ.

૫૧ ૩થી અધિક જ્ઞાતિજનો અનુષ્ઠાનમાં ઉત્સાહભેર જોડાયા હતા. પધારેલ સહુ જ્ઞાતિજનો માટે સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ તેમજ કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ માટે નિમાયેલા **પ્રમુખ પદ** માટે સર્વાનુમતે **શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી)**એ પોતાના માર્મિક પ્રવચનમાં સહુનો આભાર માન્યો હતો. સાથે જ્ઞાતિહિતના કાર્યો માટે **'સહુનો સાથ જ્ઞાતિનો વિકાસ'**ની વાત વહેતી મૂકી હતી.

### દીક્ષા મહોત્સવ :

#### વર્ષ ૨૦૧૫-૨૦૧૬ :

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ, શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-સાંધવ** અને **શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપ**ના નેજા હેઠળ **મુમુક્ષુ કુ. હેતલબેન**નો ભવ્ય **પંચાહ્નિકા દીક્ષા મહોત્સવ** સોમવાર, તા. ૨૦.૦૪.૨૦૧૫ થી શુક્રવાર, તા. ૨૪.૦૪.૨૦૧૫ યોજાયો. સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**, સરળ સ્વભાવી, ગણિવર્ય **પ.પૂ.મુનિરાજ શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.** આદિ ઠાણાની શુભ નિશ્રામાં આપણા જ જ્ઞાતિની દીકરી સર્વવિરતિ વ્રત ધારણ કરવા ઉત્સાહિત હતી. **બુધવાર, તા. ૨૨.૦૪.૨૦૧૫**ના શુભદિને ગુરૂભગવંતોનું ઢોલ-શરણાઇના સુરે, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. **ગુરૂવાર, તા. ૨૩.૦૪.૨૦૧૫**ના શુભદિને મુમુક્ષુ કુ. હેતલબેનના વરદ્હસ્તે વર્ષીદાનનો વરઘોડો નગરજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી. દીક્ષા સંદર્ભે વિવિધ નૂતન દીક્ષાર્થી માટે સર્વવિરતિના ઉપકરણો અર્પણ કરવા માટેના વિવિધ ચડાવા લેવામાં આવ્યા. લાભાર્થી પરિવારો દ્વારા પણ અદ્વિતીય ઉત્સાહ હતો. **શુક્રવાર, તા. ૨૪.૦૪.૨૦૧૫** ના શુભદિને દીક્ષા આપવામાં આવી. હવે મુમુક્ષુ કુ. હેતલબેન માંથી **પ.પૂ.સાધ્વી શ્રી મ.સા.નું નામ હીરગુણાશ્રીજી મ.સા.** જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યું. વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો તેમજ આમંત્રિત મહેમાનો દીક્ષા મહોત્સવના સાક્ષી બન્યા. સતત પાંચ દિવસ સાધર્મિક ભક્તિ, મહેંદી રસમ, વિવિધ ભક્તિ ભાવના અને અનુષ્ઠાનોથી ભરપૂર હતો.

#### મુમુક્ષુ કુ. ભાવિબેનની સાંજી :

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના નેજા હેઠળ **મુમુક્ષુ કુ. ભાવિબેનનો ચારિત્ર વંદનાવલિ સહ દીક્ષાર્થીની સાંજી** સંગીતના સથવારે શ્રી અનંતનાથ દાદાના ભવ્ય દરબારે, મસ્જીદબંદર મધ્યે રવિવાર, તા. ૧૫.૦૧.૨૦૧૭ના યોજાયો હતો.

#### મુમુક્ષુ પ્રતિકભાઇ અને મુમુક્ષુ ગૌતમભાઇની સાંજી :

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના નેજા હેઠળ **મુમુક્ષુ પ્રતિકભાઇ અને મુમુક્ષુ ગૌતમભાઇ**નો ચારિત્ર વંદનાવલિ સહ **મુમુક્ષુની સાંજી** સંગીતના સથવારે શ્રી અનંતનાથ દાદાના ભવ્ય દરબારે રવિવાર, તા. ૧૮.૦૮.૨૦૧૯ના યોજાયો હતો.

### પ્રતિષ્ઠા મહોત્સવ :

#### અનંતછાયા, શ્રી ત્રિશિખરીય નૂતન સંગેમરમર જિનાલયે શ્રી અનંતનાથ દાદાની પાવન પ્રતિષ્ઠા સહ અષ્ટાહ્નિકા મહોત્સવ :

ઘણા વર્ષો બાદ ફરી જ્ઞાતિના આંગણે શ્રી અનંતનાથ દાદાના પાવન પ્રતિષ્ઠા સંગેમરમર (આરસના પાષાણથી નિર્મિત) નૂતન જિનાલયે જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** તેમજ પાલિતાણા મધ્યે આચાર્ય પદે વિભૂષિત ત્રણ-ત્રણ **નૂતન આચાર્ય** સહ વિશાળ સંખ્યામાં શ્રમણ-શ્રમણી વૃંદો, આમંત્રિત મહેમાનો સહ વિશાળ સમૂદાયમાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રતિષ્ઠા **રવિવાર, તા.૦૯.૦૪.૨૦૧૭**ના શુભ દિને કુંભ સ્થાપના, **શનિવાર, તા. ૧૫.૦૪.૨૦૧૭ થી શનિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૭** દરમ્યાન ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો, શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ** અને **શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ**ની સુંદર વ્યવસ્થા અને સંચાલનથી સંપન્ન થઇ.

અષ્ટાહ્નિકા મહોત્સવે વિવિધ વિધાનો, વિવિધ અનુષ્ઠાનો, પ્રતિમાજીઓની ભવ્ય પ્રતિષ્ઠા, દૈનિક ભક્તિ ભાવના, આઠ દિવસ સાધર્મિક ભક્તિ, રંગમંડપ, વિધિ વિધાન ખંડના વિવિધ લાભો ચડાવા, તેમજ સર્વ સાધારણ ખાતેના લાખેણા - સહયોગી દાતાશ્રીઓના ઉદારદીલે આપેલ દાનથી પ્રસંગ શોભી ઉઠયો.

#### શ્રી વિમલનાથ દાદાની પાવન પ્રતિષ્ઠા, શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજુરમાર્ગ :

શ્રી અનંતનાથજી દાદાની પાવન પ્રતિષ્ઠા બાદ થોડાક દિવસોમાં જ **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ, શ્રી**

**અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ**ના આંગણે સંગેમરમર (પાષાણ)માં **દેવવિમાનતુલ્ય દેવકુલિકા ગૃહચૈત્યે મૂળનાયક શ્રી વિમલનાથ દાદા**ની પાવન પ્રતિષ્ઠા જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગર-સૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાના માર્ગદર્શન તથા ગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તીની શાસનપ્રભાવિકા પ.પૂ.સાધ્વી શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી હિમાંશુશ્રીજી મ.સા.**ની શુભ નિશ્રામાં ગુરૂવાર, તા. ૦૪.૦૫.૨૦૧૭ થી શનિવાર, તા. ૦૬.૦૫.૨૦૧૭ દરમ્યાન **ત્રયાન્હિકા મહોત્સવે** થયેલ.

પ્રતિષ્ઠા મહોત્સવે પ્રભુજીને તેડવા માટે રથયાત્રા, કુંભ સ્થાપના, અખંડદીપક, જ્વારા રોપણ, નવગ્રહ પાટલા પૂજન, ૧૦ દિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન, પ્રભુજીની આંગી, રાત્રિ ભક્તિ ભાવના, અઢાર અભિષેક પૂજન, લઘુશાંતિ સ્નાત્ર પૂજન, જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન પધારેલ સર્વે આમંત્રિત મહેમાનો, વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ વિવિધ લાભાર્થીઓના સહયોગથી સંપન્ન થયેલ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ કાંજુરમાર્ગના સંચાલકો અને સ્વયંસેવકોએ ત્રયાન્હિકા મહોત્સવમાં સુંદર વ્યવસ્થા સંભાળેલ.**

**શ્રી આદિનાથ જિનાલય, સાનપાડા-નવી મુંબઇ નૂતન જિનાલય અને પ્રતિષ્ઠા મહોત્સવ :**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** અને **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** દ્વારા સંચાલિત **માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ (લાખણીયા) પરિવાર શેઠશ્રી ભૂપેન્દ્રભાઇ મુરજી દંડ (ભૂમિરાજ ગ્રુપ)** દ્વારા સ્વદ્રવ્યે શનિવાર, તા. ૨૪.૦૬.૨૦૧૭ થી સોમવાર, તા. ૨૬.૦૬.૨૦૧૭ દરમ્યાન **ત્રયાન્હિકા મહોત્સવ** પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાની શુભ નિશ્રામાં શ્રી માણેક સ્થંભ, તોરણબંધન, ક્ષેત્રપાલ પૂજન, નવગ્રહ-દશ દિક્પાલ પૂજન, ૧૮ અભિષેક પૂજન, શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનું હવન અનુષ્ઠાન, શ્રી લઘુશાંતિ સ્નાત્ર પૂજા, સત્તરભેદી પૂજા, જિનાલય દ્વારોદ્‌ઘાટન યુવા વિધિકાર તથા સંગીતકાર, પરમેષ્ઠિરત્ન **ડૉ. હર્ષભાઇ પ્રકાશ દેઢિયા (તલવાણા)** અને સાથી કલાકારોના સથવારે, વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

**ચરમતીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીની પાવન પ્રતિષ્ઠા, શ્રી રાણપર તીર્થ (કચ્છ) :**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** અને **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાણપર** દ્વારા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનો ચોથા **ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ**નું આયોજન કરવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું.

પાવાપુરી–જલમંદિર સમાન નૂતન જિનાલયે પ્રગટ પ્રભાવી દાદાને ગાદીનસિન કરવાનો એક અમૂલ્ય લાભ જ્ઞાતિજનોને મળ્યો. બુધવાર, તા. ૧૩.૦૨.૨૦૧૯ થી શુક્રવાર, તા. ૧૫.૦૨.૨૦૧૯ દરમ્યાન **પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.** આદિ ઠાણા-૧, **પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪ તેમજ **યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં અને વિધિવિધાન **શ્રી કેવલ સાવલા**ના સથવારે થયો. પ્રતિષ્ઠા મહોત્સવે સ્નાત્રપૂજા, કુંભસ્થાપના, દીપક સ્થાપના, જ્વારારોપણ, શ્રી ક્ષેત્રપાળ સ્થાપના પૂજન, શ્રી લઘુ નંદ્યાવર્ત પૂજન, શ્રી નવગ્રહ પૂજન, શ્રી દશદિક્પાલ પૂજન, શ્રી અષ્ટમંગલ પૂજન, શ્રી શાંતિકુંભ, ભક્તિ ભાવના, પ્રભુજીના પોંખણા, પ્રભુજીને ગર્ભ-ગૃહ પ્રવેશ, શ્રી અઢાર અભિષેક વિધાન, શ્રી લઘુ શાંતિ સ્નાત્ર મહાપૂજન, જિનાલય દ્વારોદ્‌ઘાટન વિધાન, અબોલ જીવો માટે પાણીનો અવાડા અને સાધર્મિક ભક્તિના વિવિધ લાભોના ચડાવા અને નકરા સાથે આમંત્રિત મહેમાનો, વિશાળ સમુદાયમાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

## સમૂહલગ્ન :

**૭૪મો સમૂહલગ્ન :**

કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦માટે પ્રથમ અને શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન, મુંબઇનો સતત **૭૪મો સમૂહ લગ્ન** વિવિધ દાતાશ્રીઓના સથવારે **કુલ ૭ નવયુગલો**એ શનિવાર, તા. ૦૨.૦૫.૨૦૧૫ના શુભદિને પ્રભુતામાં પગલા માંડ્યા. ૧૪ પરિવારોના સ્નેહભર્યા સંબંધોનો મહત્વનો દિવસ! મહાજનશ્રી દ્વારા **પંચવર્ષિય દાતાશ્રીઓની વિવિધ શ્રેણીઓની યોજના** જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી જેથી જ્ઞાતિહિતના વિકાસલક્ષી કાર્યોમાં વેગ મળે. ઉપસ્થિત જ્ઞાતિજનો તેમજ આમંત્રિત મહેમાનોએ પંચવર્ષિય યોજનાને સહર્ષ આવકાર્યા હતા. અંદાજે ૨૮૦૦થી અધિક જ્ઞાતિજનોએ ૭ નવયુગલોને આશીર્વાદ આપી પ્રસંગની શોભા વધારી.

**૭૫મો સમૂહલગ્ન :**

૭૪માં સમૂહલગ્નમાં સારો એવો પ્રતિસાદ બાદ સારી એવી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હોવાથી જગ્યાનો અભાવ સ્પષ્ટપણે જણાયો હતો. જેને ધ્યાનમાં લઇને આવો જ સુંદર આયોજન ડોંબિવલી ખાતે યોજવાનો દ્રઢ નિર્ધાર સાથે **એસ.વી.જોશી હાઇસ્કુલ-ડોંબિવલી** ખાતે **બે દિવસીય** શનિવાર, તા. ૧૯.૧૨.૨૦૧૫ થી રવિવાર, તા. ૨૦.૧૨.૨૦૧૫ દરમ્યાન યોજવામાં આવેલ. પ્રથમ દિવસે સાંજે ૪:૩૦ કલાકે રાસગરબા અને દાંડીયારાસનું આયોજન અને ચૌવિહારની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ. બીજા દિવસે શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયના આશિર્વાદ સાથે વિજયમુર્હૂત ૧૨:૩૯ કલાકે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારોના સહયોગે ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ ૩ **નવયુગલો**ને આપવામાં આવી હતી. બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

**૭૬મો સમૂહલગ્ન :**

શનિવાર, તા. ૨૩.૦૪.૨૦૧૬ના દિવસે જ્ઞાતિના જ પટ્ટાંગણ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારો દ્વારા

ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૫ નવયુગલોને** આપવામાં આવી. ૧૦ પરિવારોના મિલન સાથે અંદાજે ૨૦૦૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

**૭૭મો સમૂહલગ્ન :**

રવિવાર, તા. ૦૫.૦૨.૨૦૧૭ના દિવસે જ્ઞાતિના જ પટ્ટાંગણ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારો દ્વારા ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૫ નવયુગલોને** આપવામાં આવી. ૧૦ પરિવારોના મિલન સાથે અંદાજે ૨૨૦૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

**૭૮મો સમૂહલગ્ન :**

રવિવાર, તા. ૦૪.૦૩.૨૦૧૮ દરમ્યાન જ્ઞાતિના જ પટ્ટાંગણ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારોના સહકારે ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૧ નવયુગલને** આપવામાં આવી. ૨ પરિવારોના મિલન સાથે અંદાજે ૪૫૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ ઉજવાયો.

**૭૯મો સમૂહલગ્ન :**

રવિવાર, તા. ૨૭.૦૧.૨૦૧૯ દરમ્યાન જ્ઞાતિના જ પટ્ટાંગણ **શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજુરમમાર્ગ** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારોની ઉદારતાએ ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૬ નવયુગલને** આપવામાં આવી. ૧૨ પરિવારોના મિલન સાથે અંદાજે ૨૧૦૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ અને બપોરની ચા-પાણી બાદ વિદાય સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

## એપ્ટીટ્યુડ ટેસ્ટ :

**એપ્ટીટ્યુડ ટેસ્ટ (પ્રથમ) :**

યોગ્ય કારકિર્દી પસંદગી માટે ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે એપ્ટીટ્યુડ ટેસ્ટની અતિ આવશ્યક હોય છે. મહાજનશ્રી વિદ્યાભ્યાસ ક્ષેત્રે સતત કાર્યરત છે. ઉચ્ચ અભ્યાસ જ્ઞાતિના વિકાસમાં ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. ખોટી પસંદગી વિદ્યાર્થીનો સમય અને રકમ બન્ને વેડફે છે. આ વિચારધારા સાથે **મોતી પંચાણ સ્કૂલ, મુલુન્ડ** ખાતે જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે એપ્ટીટ્યુડ ટેસ્ટનું આયોજન રવિવાર, તા. ૧૭.૦૫.૨૦૧૫ના દિને કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૧૯ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા. યોગ્ય નિષ્ણાંતો દ્વારા તેમનું યોગ્ય વિશ્લેષણ પર કરવામાં આવ્યું હતું.

**એપ્ટીટ્યુડ ટેસ્ટ (દ્વિતીય) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (દ્વિતીય)નું આયોજન શનિવાર, તા. ૨૬.૧૨.૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૨૫ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા. યોગ્ય નિષ્ણાંતો દ્વારા તેમનું યોગ્ય વિશ્લેષણ પર કરવામાં આવ્યું હતું. એપ્ટીટ્યુડ ટેસ્ટ સાથે **શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ** સાથે સંયુક્ત પણે આયોજિત **સ્કોરમંત્ર અને મોટીવેશન** કાર્યક્રમમાં સફળતાપૂર્વક વિદ્યાર્થીઓ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (તૃતિય) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (તૃતિય)નું આયોજન **શેઠશ્રી નરશી નાથા એ.સી. હોલ, ભાંડુપ**માં, રવિવાર, તા. ૨૯.૦૫.૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૦૧ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (ચતુર્થ) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (ચતુર્થ)નું આયોજન **શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે રવિવાર, તા. ૨૩.૦૪.૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૦૬ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (પાંચમું) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (પાંચમું)નું આયોજન **શ્રી વીરજી લધાભાઇ ક. દ. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે રવિવાર, તા. ૧૫.૦૪. ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૮૧ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (છઠ્ઠું) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (છઠ્ઠું)નું આયોજન **શ્રી વીરજી લધાભાઇ ક. દ. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે રવિવાર, તા. ૧૪.૦૪. ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૩૩ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

## ચાતુર્માસ પ્રવેશ અને ગુરૂભગવંતોની સ્થિરતા:

**શ્રી અનંતનાથજી જિનાલય (મસ્જીદબંદર) :**

બાર માસ કર્મની ક્રિયામાં આરંભ સમારંભથી થયેલ અનેક કર્મોથી પૂણ્ય કરતાં વિશેષ અનંત પાપો થતાં હોય. તેના વિપાકો યોગ્ય સમયે ભોગવવા પડતા હોય છે. પર્યુષણાકલ્પમાં તેનું વિસ્તૃત વર્ણન આવે છે. ૧૨ માસમાં માત્ર **૪ માસ વર્ષાઋતુ**માં સાધુ-સાધ્વી ભગવંતોને સ્થિરતાની જિનાજ્ઞા હોય છે. તેનું પાલન યોગ્ય અને નિર્ધારિત સમયે થતું જ હોય છે. આ ચાર માસ દરમ્યાન ગુરૂભગવંતો પાસે નિત્ય જ્ઞાન અને બોધ મળતાં રહે છે. આપણા જીવનને ધન્ય બનાવવા તેમજ ધર્મ પ્રત્યે સ્થિરતા પ્રદાન કરવામાં ચાતુર્માસ બહુજ મહત્વનો ભાગ ભજવે છે. તે માટે મહાજનશ્રી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ને વિનંતિ પત્ર તેમજ રૂબરૂ મળીને વિનંતી કરી ગુરૂભગવંતની નિશ્રા માટે વિનંતિ સતત કરતું રહે છે. ગુરૂકૃપાએ દરેક ચાતુર્માસમાં મસ્જીદબંદર તથા ભાંડુપ ખાતે ગુરૂભગવંતોની નિશ્રા ઉપલબ્ધ થઇ.

**વર્ષ ૨૦૧૫-૧૬ :**

**પ.પૂ.સાધ્વી શ્રી ચારૂલત્તાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૨૨.૦૭.૨૦૧૫ના શુભદિને સવારે ૭:૦૦ કલાકે ઢોલ-શરણાઇના સુર સાથે જ્ઞાતિજનો અને વિવિધસંઘોના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી હતી. બપોરની સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન પણ કરવામાં આવેલ. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મસ્જીદબંદર**ના સ્વયંસેવકો દ્વારા સુંદર સંચાલન કરવામાં આવેલ. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

**પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા.** અને પ.પૂ.સાધ્વી **શ્રી હીરગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૫નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૦૬.૦૭.૨૦૧૬ના શુભદિને સવારે ૬:૩૦ કલાકે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

**પ.પૂ.સાધ્વી મુખ્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી નંદિષેણાશ્રીજીશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નો શુભ મંગલ પ્રવેશ બુધવાર, તા. ૦૫.૦૭. ૨૦૧૭ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

**પ.પૂ.સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી રાજનંદીશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ રવિવાર, તા. ૨૨.૦૭.૨૦૧૮ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

**પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી મૌનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી વંદનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી પરાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિરકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ તા. શનિવાર, તા. ૦૬.૦૭.૨૦૧૯ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**શ્રી આદિનાથ જિનાલય, ભાંડુપ :**

**વર્ષ ૨૦૧૫-૧૬ :**

**પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નો શુભ મંગલ પ્રવેશ તા. ગુરૂવાર, તા. ૨૩.૦૭.૨૦૧૫ના શુભદિને સવારે ૬:૩૦ કલાકે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૬-૧૭ :**

**પ.પૂ.સાધ્વી શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા.** આદિ ઠાણાનો શુભ મંગલ પ્રવેશ તા. રવિવાર, તા. ૧૦.૦૭.૨૦૧૬ના શુભદિને સવારે ૭:૩૦ કલાકે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૭-૧૮ :**

**પ.પૂ.સાધ્વી શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા.**,આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૨૮.૦૬.૨૦૧૭ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

**પ.પૂ.સાધ્વી શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણાનો શુભ મંગલ પ્રવેશ શનિવાર, તા. ૧૪.૦૭.૨૦૧૮ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

**પ.પૂ.સાધ્વી શ્રી અભયગુણાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી વિરાગગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી ઋજુગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી જિનરાજગુણાશ્રીજી મ.સા.**આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૧૦.૦૭.૨૦૧૯ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

**શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદર ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદર**ની **૧૮૨મી ધ્વજારોહણ** નિમિત્તે **ત્રયાન્હિકા મહોત્સવ**નું સુંદર આયોજન શનિવાર, તા. ૨૨.૦૮.૨૦૧૫ થી સોમવાર, ૨૪.૦૮.૨૦૧૫ દરમ્યાન ૧૮૨મી ધ્વજારોહણને વિશેષ અને યાદગાર બનાવવા માટે ૧૮ અભિષેક પૂજન, કુમારપાળ રાજાની મહાઆરતી, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી સમ્મેત શીખરજી ભાવયાત્રા અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના કરવામાં આવી. જેમાં વિવિધ લાભ માટે લાભાર્થીઓનો ઉદારદિલે સિંહ ફાળો રહ્યો હતો. સાધર્મિક ભક્તિનું પણ સુંદર આયોજન તેમજ સુંદર વ્યવસ્થા માટે **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મસ્જીદબંદર શ્રી સંઘ**નો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદરની **૧૮૩મી ધ્વજારોહણ** નિમિત્તે **પંચાન્હિકા મહોત્સવ**નું સુંદર આયોજન ગુરૂવાર, તા. ૦૭.૦૮.૨૦૧૬ થી સોમવાર, તા.૧૧.૦૮.૨૦૧૬ દરમ્યાન ૧૮૩મી ધ્વજારોહણને વિશેષ અને યાદગાર બનાવવા માટે **મૂળનાયક શ્રી અનંતનાથ દાદા** અને **જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા નાગડાની યશોગાથા**, ૧૮ અભિષેક પૂજન, કુમારપાળ રાજાની મહાઆરતી, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને અચલગચ્છા-ધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સંગીતના સથવારે તેમજ **પ.પૂ.સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી હીરગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૫ અને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભનિશ્રામાં કરવામાં આવી હતી. જેમાં વિવિધ લાભ માટે લાભાર્થીઓનો ઉદારદિલે સિંહ ફાળો રહ્યો હતો.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

અનંત ઉપકાર આપણી ક.દ.ઓ. જ્ઞાતિ ઉપર રહ્યા છે એવા પરમ તારક તીર્થંકર શ્રી અનંતનાથ દાદાની **૧૮૪મો ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ** રવિવાર, તા. ૩૦.૦૭.૨૦૧૭ થી મંગળવાર, તા. ૦૧.૦૮.૨૦૧૭ દરમ્યાન શ્રી પંચ કલ્યાણક પૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી, ૧૮ અભિષેક પૂજન, શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તેમજ શ્રી અનંતનાથ દાદાની ધ્વજા ગગને લહેરાઇ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

પરમ તારક તીર્થંકર શ્રી અનંતનાથ દાદાની **૧૮૫મો ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ** શુક્રવાર, તા. ૧૭.૦૮.૨૦૧૮ થી રવિવાર, તા. ૧૯.૦૮.૨૦૧૮ દરમ્યાન શ્રી પંચ કલ્યાણક પૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી, ૧૮ અભિષેક પૂજન, શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તેમજ શ્રી અનંતનાથ દાદાની ધ્વજા જિનાલયના ઉત્તુંગ શિખરે લહેરાઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

પરમ તારક તીર્થંકર શ્રી અનંતનાથ દાદાની **૧૮૬મો ધ્વજારોહણ પંચાન્હિકા મહોત્સવ** સોમવાર, તા. ૦૫.૦૮. ૨૦૧૯ થી શુક્રવાર, તા. ૦૯.૦૮.૨૦૧૯ દરમ્યાન શ્રી ગીરનાર ભાવયાત્રા, શ્રી નેમનાથ દાદાના દીક્ષા કલ્યાણક, શ્રી પંચ કલ્યાણક પૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી, ૧૮ અભિષેક પૂજન, શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તેમજ શ્રી અનંતનાથ દાદાની ધ્વજા જિનાલયના શિખરે લહેરાઇ.

**શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ, ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી આદિનાથજી જિનાલય, અનંતસિદ્ધિ, ભાંડુપ** (વેસ્ટ) ખાતે ધ્વજારોહણ નિમિત્તે ત્રયાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન બુધવાર, તા. ૨૭.૦૫.૨૦૧૫ થી શુક્રવાર, તા. ૨૯.૦૫.૨૦૧૫ દરમ્યાન ધ્વજારોહણ મહોત્સવને વિશેષ અને યાદગાર બનાવવા માટે ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સંગીતકાર અને ગુરૂભગવંતોની શુભ નિશ્રામાં કરવામાં આવી. જેમાં વિવિધ લાભ માટે લાભાર્થીઓનો ઉદારદિલે સિંહ ફાળો રહ્યો હતો. સાધર્મિક ભક્તિનું પણ સુંદર આયોજન તેમજ સુંદર વ્યવસ્થા માટે **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ભાંડુપ** શ્રી સંઘનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી આદિનાથજી જિનાલય, અનંતસિદ્ધિ, ભાંડુપ (વેસ્ટ) ખાતે ધ્વજારોહણ નિમિત્તે ત્રયાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન સોમવાર, તા. ૧૩.૦૬.૨૦૧૬ થી બુધવાર, ૧૫.૦૬.૨૦૧૬ દરમ્યાન ધ્વજારોહણ મહોત્સવે ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સંગીતકાર અને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં કરવામાં આવી.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

શનિવાર, તા. ૦૩.૦૬.૨૦૧૭ થી સોમવાર, તા. ૦૫.૦૬.૨૦૧૭ દરમ્યાન **ત્રયાન્હિકા ધ્વજારોહણ મહોત્સવે** ૧૮ અભિષેક પૂજન, શ્રી પાર્શ્વનાથ દાદા પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા અને આદિ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની ધ્વજા ગગને લહેરાઇ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

શુક્રવાર, તા. ૨૨.૦૬.૨૦૧૮ થી રવિવાર, તા. ૨૪.૦૬.૨૦૧૮ દરમ્યાન **ત્રયાન્હિકા ધ્વજારોહણ મહોત્સવે** ૧૮ અભિષેક પૂજન, શ્રી પાર્શ્વનાથ દાદા પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા અને આદિ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની ધ્વજા ઉત્તુંગ શિખરે લહેરાઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

મંગળવાર, તા. ૧૧.૦૬.૨૦૧૯ થી ગુરૂવાર, તા. ૧૩.૦૬.૨૦૧૯ દરમ્યાન **ત્રયાન્હિકા ધ્વજારોહણ મહોત્સવે** ૧૮ અભિષેક પૂજન, શ્રી પાર્શ્વનાથ દાદા પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા, પાટલા પૂજન અને શ્રી આદિનાથ દાદાની ધ્વજાપતાકા શિખરે લહેરાઇ.

**શ્રી અનંતનાથજી જિનાલય-અનંતછાયા, ધ્વજારોહણ મહોત્સવ:**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

અનંતછાયા, ઘાટકોપર (પૂર્વ) સ્થિત શ્રી અનંતનાથજી દાદાનું ગૃહ જિનાલયની દેવકુલિકાએ ધ્વજારોહણ વિધાન ગુરૂવાર, તા. ૩૦.૦૪.૨૦૧૫ના શુભ દિને **પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા.**ની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજનના વિવિધ લાભાર્થી પરિવારોનો ઉત્સાહ સતત જણાતો હતો. આ પ્રસંગે **પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.**ની પ્રેરક ઉપસ્થિતિએ પ્રસંગ દીપી ઉઠ્યો. જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ અને ૧૮ અભિષેક પૂજન વિધાન સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

અનંતછાયા, ઘાટકોપર (પૂર્વ) સ્થિત **શ્રી અનંતનાથજી દાદાનું ગૃહ જિનાલય**ની દેવકુલિકાએ ધ્વજારોહણ વિધાન બુધવાર, તા. ૧૮.૦૫.૨૦૧૬ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી**

**મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજનના વિવિધ લાભાર્થી પરિવારોનો ઉત્સાહ સાથે જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ અને ૧૮ અભિષેક પૂજન વિધાન સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

નૂતન જિનાલયે શ્રી અનંતનાથ દાદાની ભવ્ય પ્રતિષ્ઠા બાદ પ્રથમ વર્ષગાંઠે અનંતછાયા, ઘાટકોપર (પૂર્વ) સ્થિત શ્રી અનંતનાથજી દાદાના શિખરબદ્ધ જિનાલયે ધ્વજારોહણ વિધાન ત્રયાન્હિકા મહોત્સવ મંગળવાર, તા. ૧૦.૦૪.૨૦૧૮ થી ગુરૂવાર, તા. ૧૨.૦૪.૨૦૧૮ દરમ્યાન ગુરૂભગવંતોની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

શ્રી અનંતનાથજી દાદાના શિખરબદ્ધ જિનાલયે દ્વિતિય ધ્વજારોહણ મહોત્સવે રવિવાર, તા. ૨૮.૦૪.૨૦૧૯ થી મંગળવાર, તા. ૩૦.૦૪.૨૦૧૯ ના શુભ દિને પ.પૂ.આ.ભ. **શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાની શુભનિશ્રામાં અને નવકારમંત્રારાધક વિધિકાર **શ્રી નરેન્દ્રભાઇ નંદુ** અને સાથી કલાકારોના સથવારે થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**શ્રી વિમલનાથ દાદા-કાંજુરમાર્ગ, ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૮-૧૯**

**શ્રી વિમલનાથ દાદાના ગૃહ જિનાલયે** ગાદિનસિન થયા બાદ પ્રથમ ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ મંગળવાર, તા. ૨૪.૦૪.૨૦૧૮ થી ગુરૂવાર, તા. ૨૬.૦૪.૨૦૧૮ દરમ્યાન ગુરૂભગવંતોની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૯-૨૦**

શ્રી વિમલનાથ દાદાના ગૃહ જિનાલયે **દ્વિતિય ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે** રવિવાર, તા. ૧૨.૦૫.૨૦૧૯ થી મંગળવાર, તા. ૧૪.૦૫.૨૦૧૯ ના શુભ દિને ગુરૂભગવંતોની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**શ્રી આદિનાથ જિનાલય, સાનપાડા-નવી મુંબઇ ધ્વજારોહણ :**

**વર્ષ ૨૦૧૮-૧૯:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી આદિનાથ જિનાલય, સાનપાડાની પ્રથમ ધ્વજારોહણ મહોત્સવ** શનિવાર, તા. ૧૪.૦૭.૨૦૧૮ના શુભ દિને યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે સાધર્મિક ભક્તિ સહ ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

શ્રી આદિનાથ જિનાલય, સાનપાડાની દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ ગુરૂવાર, તા. ૦૪.૦૭.૨૦૧૯ના શુભ દિને યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે સાધર્મિક ભક્તિ સાથે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**શ્રી મહાવીરસ્વામિ જિનાલય, રાણપર ધ્વજારોહણ મહોત્સવ :**

શનિવાર, તા. ૦૧.૦૨.૨૦૨૦ના શુભ દિને દેવકુલિકાએ બિરાજમાન થનાર ભગવતિ **શ્રી પદ્માવતિ દેવી** અને **શ્રી મહાકાલી માતાજી**ની પ્રતિષ્ઠા પૂર્વેની પ્રાથમિક ક્રિયા અનુસંધાને દશ દિક્પાલ પૂજન નવગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન પ્રસંગ યોજવામાં આવ્યો. સોમવાર, તા. ૦૩.૦૨.૨૦૨૦ તથા મંગળવાર, તા. ૦૪.૦૨.૨૦૨૦ દરમ્યાન **પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**ની નિશ્રામાં અને વિધિકાર **શ્રી કેવલભાઇ સાવલા**ના નેજા હેઠળ, આમંત્રિત મહેમાનો, જ્ઞાતિજનો અને લાભાર્થી પરિવારના સથવારે ભવ્ય પ્રતિષ્ઠા અને ધ્વજારોહણ મહોત્સવ યોજાયો.

**શ્રી કુમઠા તથા વાલગીરી તીર્થ - ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી** બન્ને તીર્થોની એક જ તિથીએ બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ ગુરૂવાર, તા. ૧૦.૦૩.૨૦૧૬ થી શુક્રવાર, તા. ૧૧.૦૩.૨૦૧૬ દરમ્યાન **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ. ધ્વજારોહણ મહોત્સવે હુબલી, ગદગ, ગોવા, સીરસી વગેરે શ્રી સંઘો દર વર્ષે અચૂક હાજરી આપી પ્રસંગની શોભા વધારે છે.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ સોમવાર, તા. ૨૭.૦૨.૨૦૧૭ થી મંગળવાર, તા. ૨૮.૦૨.૨૦૧૭ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ શનિવાર, તા. ૧૭.૦૨.૨૦૧૮ રવિવાર, તા. ૧૮.૦૨. ૨૦૧૮ના શુભ દિને **પ. પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની એક જ તિથીએ બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ

ગુરૂવાર, તા. ૦૭.૦૩.૨૦૧૯ શુક્રવાર, તા. ૦૮.૦૩. ૨૦૧૯ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ મંગળવાર, તા. ૨૫.૦૨.૨૦૨૦ બુધવાર, તા. ૨૬.૦૨. ૨૦૨૦ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

## પર્યુષણ મહાપર્વ :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

શુક્રવાર, તા. ૧૧.૦૯.૨૦૧૫ થી શુક્રવાર, તા. ૧૯.૦૯.૨૦૧૫ **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ. આઠેય દિવસ પ્રથમ ત્રણ દિવસ શ્રાવક-શ્રાવિકાઓના પાંચ કર્તવ્યો, કલ્પસૂત્ર પોથીનું વાંચન, ૧૪ મહાસ્વપ્નોની ધૃત ઉછામણી, શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણકનું પારણું, બારસાસૂત્રનું વાંચન, તપસ્વીઓના પારણાં તેમજ જિનાલય દ્વાર ઉદ્‌ઘાટનના વિવિધ લાભો ચડાવા માધ્યમે લીધા અને પુણ્યની રાશી ભેગી કરી. પ્રાયશ્ચિત સ્વરૂપે નિયમિત રાઇ અને દેવસિ પ્રતિક્રમણનું આયોજન ઉપાશ્રયમાં થતું. પક્ષાલ પૂજાથી અષ્ટપ્રકારી પૂજા, ભક્તામર પાઠ, પર્યુષણ મહાપર્વ તેમજ રાત્રી ભક્તિ ભાવનામાં પણ સારી એવી સંખ્યા જોડાઇ ધર્મ આરાધનાઓ કરી. તપસ્વીઓ એકસણા, આયંબિલ તેમજ ઉપવાસ આદિ તપ કરી કર્મનિર્જરા કરવામાં પણ અગ્રેસર હતાં.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

મંગળવાર, તા. ૩૦.૦૮.૨૦૧૬ થી મંગળવાર, તા. ૦૬.૦૯.૨૦૧૬ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

**વર્ષ ૨૦૧૭-૧૮ :**

શનિવાર, તા. ૧૯.૦૮.૨૦૧૭ થી શનિવાર, તા. ૨૬.૦૮. ૨૦૧૭ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

**વર્ષ ૨૦૧૮-૧૯ :**

ગુરૂવાર, તા. ૦૬.૦૯.૨૦૧૮ થી ગુરૂવાર, તા. ૧૩.૦૯. ૨૦૧૮ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦ :**

મંગળવાર, તા. ૨૭.૦૮.૨૦૧૯ થી મંગળવાર, તા. ૦૩.૦૯. ૨૦૧૯ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

## ચૈત્યપરિપાટી :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

પર્યુષણકલ્પમાં જેનું વિસ્તૃત માહિતી સાથે શ્રાવક-શ્રાવિકાઓનું પાંચમું કર્તવ્ય જિનાલયોને જૂહારવા. તીર્થ યાત્રા કરવી અને કરાવવી. લાભાર્થી પરિવારના સહયોગે સિદ્ધાચલ સમરૂ સદા, ૧૪ રાજલોકમાં શાશ્વત તીર્થ સિદ્ધગિરિ, જેના કાંકરે કાંકરે શ્રી સિદ્ધોની પાવન ચરણરજ સમાયેલી છે એવા પાવન પવિત્ર શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા સાથે **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે તા. ૨૫.૦૯.૨૦૧૫ થી તા. ૨૮.૦૯. ૨૦૧૫ ચાર દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૨૫૦થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા. સાથે પાલીતાણા અને આસપાસના તીર્થ ક્ષેત્રોએ તીર્થ અને ક્ષેત્રસ્પર્શના કરી જીવન ધન્ય બનાવ્યું.

**તપસ્વીઓ માટે :**

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ત્રણેય સંઘ અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદ બંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-અનંતછાયા (ઘાટકોપર)** ખાતે પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલ શ્રી શત્રુંજય તપ કરનાર તપસ્વીઓને શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રાનું સુંદર આયોજન શુક્રવાર, તા. ૩૦.૧૦.૨૦૧૫ના દિને કરવામાં આવ્યું. જેમાં તીર્થયાત્રા સંપૂર્ણ લાભ તપસ્વીઓના પરિવારજનોએ જ લીધો હતો. અંદાજે **૧૦૦થી અધિક તપસ્વીઓ** તીર્થ યાત્રાનો સુંદર લાભ લીધો હતો. શત્રુંજય તપ સાથે શત્રુંજય મહાતીર્થ યાત્રાનું પૂણ્યફળ પણ ચાખ્યું હતું.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા સાથે **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે બુધવાર, તા. ૧૪.૦૯.૨૦૧૬ ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૭૨થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા. સાથે

પાલીતાણા તીર્થ અને ક્ષેત્રસ્પર્શના કરી હતી.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

લાભાર્થી પરિવારોના સહયોગથી દેવલાલી ચાતુમાસાર્થે બિરાજમાન જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે મંગળવાર, તા. ૦૫.૦૯.૨૦૧૭ ના બસ દ્વારા યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૨૩૧થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

લાભાર્થી પરિવારોના સહયોગથી અબડાસા તાલુકાની નાની-મોટી બન્ને પંચતીર્થી તેમજ ચાતુમાસાર્થે બિરાજમાન જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર-સૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે શુક્રવાર, તા. ૨૧.૦૯. ૨૦૧૮ થી સોમવાર, તા. ૨૪.૦૯.૨૦૧૮ ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૧૦૮થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

લાભાર્થી પરિવારોના સહયોગથી કચ્છના પંચતીર્થી તેમજ ચાતુમાસાર્થે બિરાજમાન જિનશાસન શિરોમણી, અચલગચ્છા-ધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને તેમજ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગર-સૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાને સાંવત્સરિક વંદનાર્થે બુધવાર, તા. ૧૧.૦૯.૨૦૧૯ થી શનિવાર, તા. ૧૪.૦૯.૨૦૧૯ ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૧૧૧થી અધિક જ્ઞાતિજનો** જોડાયા હતા.

## સમૂહ સાંજી અને તપસ્વીઓનું બહુમાન :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા લાભાર્થી પરિવાર અને પંચવર્ષીય દાતાશ્રીઓના સહયોગે સમગ્ર મુંબઇ અને મુંબઇની હદમાં રહેતા જ્ઞાતિજનોને પર્યુષણ મહાપર્વ દરમ્યાન અઠ્ઠાઇ કે તેથી વધુ ઉપવાસ કરનાર તપસ્વીઓ માટે સમૂહ સાંજી અને તપસ્વી બહુમાન રવિવાર, તા. ૦૪.૧૦.૨૦૧૫ના કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૩૦૦થી અધિક તપસ્વીઓ** તેમજ જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં જોડાયા હતા. સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવેલ. તેનું સુંદર સંચાલન શ્રી જય નંદુ તથા મહાજનશ્રીના સમિતિના સભ્યોએ કર્યું હતું. તપસ્વી બહુમાન સાથે પંચવર્ષિય દાતાશ્રીમાં જોડાનાર દાતાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

પર્યુષણ મહાપર્વ દરમ્યાન અઠ્ઠાઇ કે તેથી વધુ ઉપવાસ કરનાર તપસ્વીઓ માટે સમૂહ સાંજી અને તપસ્વી બહુમાન રવિવાર, તા. ૧૧.૦૯.૨૦૧૬ના કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૨૫૩થી અધિક તપસ્વીઓ** તેમજ જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં જોડાયા હતા. સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવેલ. તેનું સુંદર સંચાલન મહાજનશ્રીના સમિતિના સભ્યોએ કર્યું હતું.

**વર્ષ ૨૦૧૭-૧૮ (વર્ષીતપના તપસ્વીઓના પારણાં) :**

વર્ષીતપની આરાધના જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ની ૫૦-૫૦માં સ્વર્ણિમ વર્ષીતપની અનુમોદનાર્થે તા. શનિવાર, તા. ૨૯.૦૪. ૨૦૧૭ના દિને ભાંડુપ ખાતે **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ**માં ઉજવવામાં આવી. વર્ષીતપના પારણાના અને અનુમોદનાના લાભાર્થી પરિવાર **માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર (સાંયરા)** હતા. શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના સારા એવા તપસ્વીઓ વર્ષીતપમાં જોડાઇ જ્ઞાતિની ગરિમા વધારી હતી.

## મનોરંજન (સામાજિક નાટક) :

**હલે ત ગડો નકાં ભર લડો (મુલુન્ડ ) :**

મનોરંજન ક્ષેત્રે જીવંત નાટકનું આયોજન મહાજનશ્રી દ્વારા નાટકના લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીના સહયોગે રાહતના દરે નાટક **હલે ત ગડો નકાં ભર લડો**નું આયોજન શુક્રવાર, તા. ૨૮.૦૮.૨૦૧૫ના મુલુન્ડ મધ્યે કાલિદાસ નાટ્યગૃહમાં **નિઃશુલ્ક** કરવામાં આવેલ. જ્ઞાતિજનોનો ઉત્સાહ સાથે પ્રતિષાદ મળ્યો. શૉ સંપૂર્ણ હાઉસફુલ રહ્યો હતો.

**હલે ત ગડો નકાં ભર લડો (ડોંબિવલી) :**

મુલુન્ડ ખાતે નાટકનો જોરદાર પ્રતિસાદ મળતાં **ડોંબિવલી** ખાતે જીવંત નાટકનું આયોજન મહાજનશ્રી દ્વારા નાટકના લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીના સહયોગે **નિઃશુલ્ક** નાટક **હલે ત ગડો નકાં ભર લડો**નું આયોજન **સાવિત્રીબાઇ ફુલે નાટ્યગૃહ**માં મંગળવાર, તા. ૦૬.૧૦.૨૦૧૫ના દિને સાંજે કરવામાં આવેલ. જ્ઞાતિજનોનો ઉત્સાહ સાથે જોરદાર પ્રતિસાદ મળ્યો. શૉ સંપૂર્ણપણે હાઉસફુલ રહ્યો હતો.

**સંબંધ સરનામે વગર જો (મુલુન્ડ - ડોંબિવલી ) :**

મનોરંજન ક્ષેત્રે રાહતના દરે જીવંત નાટકનું આયોજન મહાજનશ્રી દ્વારા નાટકના સહયોગી લાભાર્થી પરિવારો અને પંચવર્ષિય દાતાશ્રીના સહયોગે **નિઃશુલ્ક** નાટક **સંબંધ સરનામે વગર જો**નું આયોજન મુલુન્ડ મધ્યે કાલિદાસ નાટ્યગૃહમાં સોમવાર, તા. ૧૬.૦૩.૨૦૨૦ અને ડોંબિવલી મધ્યે સાવિત્રીબાઇ ફુલે નાટ્યગૃહમાં ગુરૂવાર, તા. ૧૯.૦૩.૨૦૨૦ના નિયોજીત હતો. સંજોગોવસાત **કોરોના વાયરસ**ના કારણે મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા જાહેર આદેશાનુસાર કાર્યક્રમ રદ્દ કરવામાં આવેલ.

## પરિચય મિલન :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

જ્ઞાતિની દીકરી જ્ઞાતિમાં જ જળવાઇ રહે તેમજ પસંદગીનું યોગ્ય પાત્ર મિલન માટે પરિચય મિલનનું સુંદર આયોજન રવિવાર, તા. ૨૫.૧૦.૨૦૧૫ના રોજ **ક્રિષ્ના રિસોર્ટ અને વોટરપાર્ક, વસઇ** ખાતે રાખવામાં આવેલ. જેમાં **૧૩૩ યુવકો અને ૮૫ યુવતિઓ** જોડાઇ પ્રસંગને સફળ બનાવ્યો. પરિચય મિલનની ફોટો બુકલેટ પણ આપવામાં આવી જેથી વિશેષ પરિચય અને પસંદગી માટે સુગમતા રહે. આવનાર દરેક યુવક-યુવતિના વડીલોને પણ સાથે પધારવાનું આમંત્રણ હતું. સાધર્મિક ભક્તિ, કુંડલી મેળાપક અને માર્ગદર્શન તેમજ આપસી પરિચયનું વ્યવસ્થિત આયોજન રહ્યું હતું. કુલ મળી ૪૫૦થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. પ્રસંગની સફળતામાં લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીનો યોગદાન રહ્યું હતું.

**વર્ષ ૨૦૧૬-૧૭ :**

પસંદગીનું યોગ્ય પાત્ર મિલન માટે પરિચય મિલનનું સુંદર

આયોજન રવિવાર, તા. ૧૦.૦૪.૨૦૧૬ના રોજ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે રાખવામાં આવેલ. જેમાં **૧૨૫ યુવકો અને યુવતિઓ** જોડાઇ પ્રસંગને સફળ બનાવ્યો. સાધર્મિક ભક્તિ, કુંડલી મેળાપક અને માર્ગદર્શન તેમજ આપસી પરિચયનું વ્યવસ્થિત આયોજન રહ્યું હતું. કુલ મળી ૩૨૫થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. પ્રસંગની સફળતામાં લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીનો યોગદાન રહ્યું હતું.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

પસંદગીનું યોગ્ય પાત્ર મિલન માટે પરિચય મિલનનું સુંદર આયોજન રવિવાર, તા. ૨૬.૦૨.૨૦૧૭ના રોજ **રૂદ્ર શેલ્ટર ઇન્ટરનેશનલ, સાતીવલી, વસઇ** ખાતે રાખવામાં આવેલ. જેમાં **૧૧૭ યુવકો અને યુવતિઓ** જોડાઇ પ્રસંગને સફળ બનાવ્યો. સાધર્મિક ભક્તિ, કુંડલી મેળાપક અને માર્ગદર્શન તેમજ આપસી પરિચયનું વ્યવસ્થિત આયોજન રહ્યું હતું. કુલ મળી ૩૪૦થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. પ્રસંગની સફળતામાં લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીનો યોગદાન રહ્યું હતું.

**વર્ષ ૨૦૧૮-૨૦:**

મસમોટા ખર્ચા અને સમયને બચાવવાના ઉદ્દેશ્ય સાથે **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**ની પરિચય મિલનની સમિતિના કન્વીનર **અ.સૌ. મનિષાબેન મિતેશ લાલકા** અને **અ.સૌ. જલ્પાબેન ઉત્તિન લોડાયા** અને સહવર્તી ટીમની બહેનોના નેતૃત્વ હેઠળ **પરિચય મિલન-વોટસઅપ** એપ ગ્રુપ બનાવી તેમાં યુવક-યુવતિઓ સાથે સતત સંપર્કમાં રહીને સારી એવી સફળતા પ્રાપ્ત થઇ. આ નિર્ણય બાબતે યુવક-યુવતિઓના પરિવારોનો સારો એવો પ્રતિસાદ મળ્યા હતો. આ નિર્ણયને જ્ઞાતિ ક્ષેત્રે બિરદાવવામાં આવ્યો હતો. પાંચ વર્ષમાં ૩ પરિચય મિલન તથા વોટસએપ ગ્રુપ મારફતે ૧૦૦થી અધિક સગપણ કરાવવામાં યશભાગી થઇ શકાયું.

**નારી તું નારાયણી :**

રવિવાર, તા. ૧૩.૦૩.૨૦૧૬ના દિને **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** દ્વારા અખિલ ભારતમાંથી **૪૨ વિરલ નારી પ્રતિભાઓ**ને નારી દિન નિમિત્તે નારીને સન્માનની નજરે જોવા અને સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રીને પીઠબળ આપવા માટે એક નવો અધ્યાય શરૂ કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિની સારી એવી સંખ્યામાં જ્ઞાતિની બહેનો જોડાઇ હતી. પ્રસંગને મહદ્ અંશે સફળ બનાવવા માટે લાભાર્થી પરિવારો સાથે પંચવર્ષિય દાતાશ્રીઓનો સહયોગ રહ્યો હતો. વિશેષ **અ.સૌ. કલ્પનાબેન દીપક ધરમશી** અને સહવર્તી સમિતિની બહેનોના સહયોગથી પ્રેરણાદાયક રહ્યો હતો.

**પખાવાજ સ્પર્ધા :**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** દ્વારા રવિવાર, તા. ૧૩.૦૩.૨૦૧૬ના દિને **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે પખાવાજ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્ઞાતિની સંગીત પ્રત્યેની લાગણી અને એમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફની આંધળી દોડને અનુસંધાનમાં લઇને જ્ઞાતિની વિશિષ્ટ પ્રતિભા ધરાવતા લોકોની પ્રાચિન કલાને જ્ઞાતિજનો સમક્ષ પ્રસ્તુત કરવાની સુંદર ભાવના સાથે સફળ આયોજન થયું હતું. સારૂ એવું ટીમવર્ક સાથે જ્ઞાતિજનો-શ્રોતાજનો પણ જોડાયા હતા. તાળીઓનો ગડગડાટ કર્ણપ્રિય બની પખાવાજ વાદકો અને ગાયકોનો ઉત્સાહ વધારતા હતાં.

**જૈન ફન ફેર ધાર્મિક આનંદ મેળો (પ્રથમ) :**

**પ. પૂ. સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા - ૫ની શુભ નિશ્રામાં, **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** અને **શ્રી મહાવીર યુવા ગ્રુપ, પાર્લા**ના સંયુક્ત સંગાથથી ધાર્મિક આનંદ મેળાનું પ્રથમ વાર આપણી જ્ઞાતિમાં રવિવાર, તા. ૨૫.૦૯. ૨૦૧૬ના દિને આયોજન થયેલ. આ મેળો **ખાસ બાળકો માટે યોજવામાં** આવેલ. જ્ઞાન સાથે ગમ્મત અને સરળતા સાથે જ્ઞાન યાદ રહી જાય તેવી શૈલીમાં ગોઠવવામાં આવેલ. વર્તમાન યુગમાં જ્યારે બાળકો સોશ્યલ મિડિયામાં જોડાતા હોય તેવા સમયે ધાર્મિક સંસ્કૃતિમાં જોડાઇ ધર્મમય વાતાવરણ બનાવવું એક અનેરૂ કાર્ય ગણાય. સારી સંખ્યામાં જ્ઞાતિજનો વડીલો સાથે જોડાયા હતા.

**જૈન ફન ફેર ધાર્મિક આનંદ મેળો (દ્વિતિય) :**

પ્રથમ ધાર્મિક આનંદ મેળાની સફળતા બાદ **યંગસ્ટર્સ અને વડીલો** માટે **પ. પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા - ૫** ની શુભ નિશ્રામાં, **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** અને **શ્રી મહાવીર યુવા ગ્રુપ, પાર્લા**ના સંયુક્ત સંગાથથી ધાર્મિક આનંદ મેળાનું રવિવાર, તા. ૨૦.૧૧.૨૦૧૬ના દિને આયોજન થયેલ. જ્ઞાન સાથે ગમ્મત અને સરળતાથી જ્ઞાન યાદ રહી જાય તેવી શૈલીમાં ગોઠવવામાં આવેલ. સારી સંખ્યામાં યંગસ્ટર્સ અને વડીલો સાથે જોડાયા હતા.

**રમત-ગમત:**

**ખેલ કેડીઓ ખેલ અંતર્ગત 'અંનત કે.ડી.ઓ. ટૂર્નામેન્ટ', ક.દ.ઓ. જ્ઞાતિની અખિલ ભારત ક્રિકેટ ટૂર્નામેન્ટ :**

શનિવાર, તા. ૨૭.૦૫.૨૦૧૭ થી રવિવાર, તા. ૨૮.૦૫. ૨૦૧૭ના **બે દિવસીય ક્રિકેટ ટૂર્નામેન્ટ** ડોંબિવલી ખાતે **ક.ડોં.મ.પા.ના વિશાળ ગ્રાઉન્ડમાં** લાઇવ ટેલિકાસ્ટ સાથે અખિલ ભારતમાંથી જ્ઞાતિની **કુલ ૧૨ ટીમો**એ ભાગ લીધેલ. **૬ ઓવર્સ**ની **કુલ ૧૯ મેચો** વિશાળ પાયે જ્ઞાતિ લેવલે રમાઇ હતી. જ્ઞાતિની એકતા અને ભાઇચારો આંખોએ વળગતો હતો. સુંદર મજાની કેટરીંગની વ્યવસ્થા, ઠંડા પીણા, ચા-કોફી અને બહારગામથી પધારેલ જ્ઞાતિજનો માટે ઉતારાની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવેલ. વિશાળ સમુદાયમાં દાતાશ્રીઓના ઉદાર સહયોગ સાથે જ્ઞાતિજનો જોડાઇ પ્રસંગમાં ઉત્સાહ વધાર્યો હતો. **મુખ્ય લાભાર્થી તરીકે મે. ભૂમિરાજ ગ્રુપના ચેરમેન શ્રી ભૂપેન્દ્ર મુરજી મોતા (લાખણીયા)** રહ્યા હતા. ક્રિકેટ રમત, ક.દ.ઓ. જ્ઞાતિ માટે યુવાઓમાં સદાય યાદગાર પલ રહી હતી.

**ચૂંટણી કાર્યકાલ વર્ષ ૨૦૨૦-૨૫ :**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો અને શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**ની કાર્યકાલ **વર્ષ ૨૦૨૦-૨૫** માટે અનુક્રમે **વ્યવસ્થાપક સમિતિ, ટ્રસ્ટીઓ અને પ્રતિનિધિ ટ્રસ્ટી** માટેની **ચૂંટણી** રવિવાર, તા. ૨૨.૧૨. ૨૦૧૯ના દિવસે મુંબઇમાં નિર્ધારિત સ્થળોએ યોજાઇ. **મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી ચીમન મેઘજી મોતા (વારાપધર)**ના નેતૃત્વમાં વ્યવસ્થિત ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયેલ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા સંચાલિત
## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - મુંબઇ

**વિવિધ કાર્યક્રમો :**

શ્રી મુંબઇ મહાજન સંચાલિત શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ જ્ઞાતિજનોને માંદગીમાં આર્થિક સહાય ઉપરાંત ૨૫૦થી અધિક જ્ઞાતિજનોને રાહત દરે મેડિક્લેઇમ પોલિસીઓ તથા ૫૦૦થી અધિક જ્ઞાતિજનો પૂર્ણ પ્રિમિયમ ભરી સેવાનો લાભ લઇ રહ્યા છે. તદઉપરાંત નીચે દર્શાવેલ વિવિધ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ:

**બોડી ચેકઅપ :**

જ્ઞાતિજનો નિરોગી અને સ્વસ્થ રહે તે માટે પ્રથમ આયોજન સ્વરૂપે બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જ્ઞાતિજનોને મોંઘવારી સમયમાં આર્થિક રાહત મળે તે બહુજ જરૂરી છે. તેને ધ્યાનમાં લઇ લાભાર્થી પરિવારના સહયોગે રવિવાર, તા. ૦૨.૦૮.૨૦૧૫ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું. જ્ઞાતિજનો પણ સારી સંખ્યામાં જોડાયા હતાં.

**સ્થૂળતા અંગે માર્ગદર્શન:**

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા આયોજિત અને **જ્યુપિટર હાસ્પિટલ**ના સથવારે **નાના બાળકોની સ્થૂળતા અંગે માર્ગદર્શન કાર્યક્રમ** રવિવાર, તા. ૨૧.૦૨.૨૦૧૬ના રોજ કરવામાં આવેલ. બાળકોમાં રહેલી સ્થૂળતા એ વડીલો માટે ચિંતાજનક વિષય છે. દરેક વડીલો બાળકોને સ્ફૂર્તિમાં જોવા ઇચ્છતા હોય છે. પોતાનો દીકરો-દીકરી આગલી હરોળમાં જોવા ઇચ્છવા સ્વાભાવિક હોય છે. ખર્ચાળ અને લાંબી માવજત માંગતા મેડિકલ સારવાર પરવડવી મધ્યમ વર્ગીય પરિવારોને પણ મુશ્કેલ હોય છે. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - મુંબઇ દ્વારા આયોજિત માગદર્શન કાર્યક્રમ મહદ્-અંશે સફળ રહ્યો હતો.

**સ્તન કેન્સર બાબતે જાગરૂકતા :**

**ભાંડુપ :**

**શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે રવિવાર, તા. ૨૭.૦૩.૨૦૧૬ના રોજ મહિલાઓને સતત પીડીત **સ્તન કેન્સર બાબતે જાગરૂકતા** માટે નિ:શુલ્ક વિશેષ શિબિર ગોઠવવામાં આવી હતી. મુંબઇના **સુવિખ્યાત કેન્સર નિષ્ણાંત ડૉ. બોમન ધાબર અને એન. કે. કેન્સર ફાઉન્ડેશન** દ્વારા સ્તન કેન્સર માટે જાગૃતિ અભિયાન તથા વાર્તાલાપનું આયોજન સહ વિશેષજ્ઞ તબીબો દ્વારા તપાસણી અને નિદાન થયેલ. જેમાં જ્ઞાતિજનોની બહેનો સાથે સાધ્વીજી ભગવંતો પણ જોડાયા હતા. ડર એક માનસિક ચિંતામાં વધારો કરે છે. સ્ત્રીની સુંદરતામાં બાધારૂપ સ્તન કેન્સર સ્ત્રીઓ માટે માનસિક અને શારીરિક પીડા દાયક હોય છે. શિબિરે માનસિક ડર સાથે નિર્ભય રહી પીડાને સહજ બનાવ્યો.

**ડોંબિવલી :**

શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ) ખાતે સફળતા બાદ ડોંબિવલીની સંખ્યાને ધ્યાનમાં રાખી રવિવાર, તા. ૧૨.૦૬.૨૦૧૬ના રોજ મહિલાઓને સતત પીડીત સ્તન કેન્સર બાબતે જાગરૂકતા માટે નિ:શુલ્ક વિશેષ શિબિર **સંસ્કાર ગુરૂકુલ, આશા નિવાસ, સુભાષ રોડ, વિષ્ણુનગર, ડોંબિવલી** ખાતે ગોઠવવામાં આવી હતી. મુંબઇના સુવિખ્યાત કેન્સર નિષ્ણાંત **ડૉ. બોમન ધાબર અને એન. કે. કેન્સર ફાઉન્ડેશન** દ્વારા સ્તન કેન્સર માટે જાગૃતિ અભિયાન તથા વાર્તાલપનું આયોજન સહ વિશેષજ્ઞ તબીબો દ્વારા તપાસણી અને નિદાન થયેલ. જેમાં જ્ઞાતિજનોની બહેનો જોડાયા હતા.

**મેડીક્લેમ પોલીસી અંગે જાગૃત્તિ:**

દૈનિક જીવન જરૂરીયાતોમાં હવે મેડીક્લેમ પોલિસી અનિવાર્ય થઇ ગઇ છે. રહેણીકરણી, ખાધા ખોરાકીનું વ્યવહાર જોતા કેમિકલ યુક્ત ખોરાકે શરીરમાં નીતનવા રોગોના જન્મ થાય છે. મોંઘવારી સમયમાં જ્યારે ઘરના ચાર છેડા માંડમાંડ ભેગા થાય ત્યાં એક નવી બિમારી ગૃહપ્રવેશ કરે છે. અચાનક આવેલી મોટી બિમારી અને સર્જરીના લાંબા બિલો ઘરની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ કરી નાખે, તેની આગમચેતી સ્વરૂપે જ્ઞાતિહિતને ધ્યાનમાં લઇને મેડીક્લેમ પોલિસી સંજીવનીનું કામ કરે છે. પોલિસી સંદર્ભે અનેક સવાલો અને ચર્ચા સત્ર વર્ષ ૨૦૧૭માં ભાંડુપ ખાતે ગોઠવવામાં આવેલ.

**મુલુન્ડ ખાતે જ્ઞાતિનું પ્રથમ 'અનંત પેથોલોજી લેબ'નું શુભારંભ :**

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિને ખૂબ જ લાંબા સમયથી જ્ઞાતિની જ સ્વયં સંચાલિત **પેથોલોજી લેબ** રાહત દરે હોય. જ્ઞાતિની પ્રાથમિક જરૂરીયાતને ધ્યાનમાં લઇ તાત્કાલિક ધોરણે મુંબઇ અને પરાં વિસ્તારના લોકોને આવવા-જવાની સગવડતાને ધ્યાનમાં લઇ ને મુંબઇના મધ્ય વિસ્તાર એટલે મુલુન્ડમાં પેથોલોજીનું શુભારંભ થાય તેવી ભાવના હતી. આજે આર્થિક પરિસ્થિતિ નબળી હોય કે મધ્યમ આવક ધરાવતા જ્ઞાતિજના, દરેક માટે રાહત દરના ઉદ્દેશ્ય સાથે **અનંત પેથોલોજી લેબ**નો શુભારંભ અને લોકાર્પણ તા. રવિવાર, તા. ૧૬.૦૭.૨૦૧૭ના શુભ દિને કરવામાં આવ્યો, સાથે **સ્કીનકેર અને હેરકેર સેમિનાર** કેમ્પ-૨૦૧૭ દેવપૂંજ, વાલજી લધા રોડ, મુલુન્ડ સ્થળે ગોઠવવામાં આવ્યો જે ખૂબ જ સફળ રહ્યો.

**જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથી નિમિત્તે જનરલ કેમ્પ :**

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા **જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથીને** વધુ યાદગાર બનાવવા માટે **જનરલ કેમ્પ** તા. ૧૧.૧૨.૨૦૧૭ **(૧ દિવસ)**; તા. ૧૪.૧૨.૨૦૧૭; તા. ૨૦.૧૨.૨૦૧૭ **(૭ દિવસ)**; તા. ૨૩. ૧૨.૨૦૧૭ થી તા. ૨૭.૧૨. ૨૦૧૭ **(૫ દિવસ)**ના કુલ મળી ૧૩ દિવસનો જનરલ કેમ્પ **અનંત પેથોલોજી લેબ, મુલુન્ડ** ખાતે ગોઠવવામાં આવ્યો. જ્ઞાતિજનોનો સારો એવો પ્રતિસાદ મળ્યો.

**પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ત્રણ દિવસીય હેલ્થકેર ઓફર અને બ્લડ ડોનેશન કેમ્પ :**

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા **અનંત પેથોલોજી લેબ**ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ત્રણ દિવસીય હેલ્થકેર ઓફર અને એક દિવસીય બ્લડ ડોનેશન કેમ્પ રવિવાર, તા. ૧૫.૦૭.૨૦૧૮ થી મંગળવાર, તા. ૧૭.૦૭.૨૦૧૮ના **માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા (મોટી ખાવડી)** સહાયક દાતાશ્રીના સહયોગે યોજવામાં આવ્યો. જે મહદ્અંશે સફળ રહી હતી. જ્ઞાતિજનોનો સારો એવો પ્રતિસાદ મળેલ.

**અનંત પેથોલોજી લેબ - ૧૫૦૦૦ થી અધિક દર્દીઓની સેવા:**

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા **અનંત પેથોલોજી લેબ** માર્ચ-૨૦૨૦ દરમ્યાન ૧૫૦૦૦થી અધિક પેશન્ટો (દર્દીઓ)ના લેબ રીપોર્ટ રાહતદરે આપી સ્વનિર્ભર સંસ્થા બની ચૂકી છે. જે ક.દ.ઓ. જ્ઞાતિ માટે ગૌરવવંતી યશોગાથા બની ચૂકી છે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા સંચાલિત
## માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

મહિલાઓને સ્વાભિમાન સાથે પોતાના પગ પર ઊભા રહી સ્વતંત્રપણે આવક મેળવવા તેમજ ઘરની પર્યાપ્ત આવક ન હોય તેવા પરિવારમાં ખભેથી ખભા મિલાવી ઘરમાં સહકાર ભર્યું વાતાવરણ બની રહે તે ઉદ્દેશ્ય સાથે નિર્મિત **માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ** જેમાં વિશેષતઃ જ્ઞાતિની જ મહિલાઓને રોજગાર પ્રાપ્ત થાય છે. સ્વાદિષ્ટ અને પોષ્ટિક આહાર વાળા મિષ્ટાન્ન અને ફરસાણનું ઉત્પાદન કરી તેમજ રાહતદરે વેંચાણ કેન્દ્ર જ્ઞાતિની જ મહિલાઓ ચલાવે છે. ટ્રસ્ટના માર્ગદર્શન અને સંચાલન દ્વારા વ્યવસ્થિત, લાંબા સમયથી ચાલતી પ્રવૃત્તિ ધરાવતી સંસ્થા છે.

### મહિલાઓ માટે તાલીમ વર્ગ :

**વાર્ષિક સમર વેકેશન કેમ્પ** કાર્યકાલ **વર્ષ ૨૦૧૫-૨૦૨૦** દરમ્યાન વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ના એપ્રિલ/મે મહિનામાં દર વર્ષે માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિની બહેનો માટે તાલીમ વર્ગો શેઠશ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુન્ડ ખાતે રાખવામાં આવેલ. જેમાં ગ્લિસરીન શોપ, વેક્સ કેન્ડલ એન્ડ હાઇલાઇટ, હેલ્થી ડ્રિંક્સ, ચાટ આઇટમ જેવા અનેક વિષયો જ્ઞાતિની બહેનોને શીખવાડવામાં આવેલ. વર્ષ ૨૦૧૮ના વેકેશન દરમ્યાન ડોંબિવલીમાં બાળાઓ માટે ખાસ મહેંદી કોર્સની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવેલ.

### મહિલા ગૃહઉદ્યોગની સેવિકા (બહેનો) માટે વિશેષ કાર્યક્રમ :

વર્ષ ૨૦૧૫-૨૦૨૦ દરમ્યાન કુલ ૮ યાત્રા પ્રવાસ કરવામાં આવ્યા. (૧) પર્યુષણ બાદ સપ્ટેમ્બર ૨૦૧૫માં પાલીતાણા શત્રુંજય યાત્રા ટ્રેન દ્વારા; (૨) ફેબ્રુઆરી ૨૦૧૭માં બસ દ્વારા પાબલ, તળેગાંવ, લોનાવાલા બસ દ્વારા; (૩) સપ્ટેમ્બર-૨૦૧૭માં મુંબઇ મહાજનશ્રી સાથે દેવલાલી અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને સંવત્સરિક વંદનાર્થે ગયેલ, નવકારશીનો લાભ ગૃહઉદ્યોગને મળેલ.; (૪) ફેબ્રુઆરી-૨૦૧૮માં કુમઠા, વાલગિરી, મુરૂડેશ્વર ટ્રેન-બસ દ્વારા; (૫) સપ્ટેમ્બર-૨૦૧૮ કચ્છ નાની-મોટી પંચતીર્થી ટ્રેન-બસ દ્વારા; (૬) ફેબ્રુઆરી-૨૦૧૯માં કચ્છ ગાંધીધામથી બસ દ્વારા ૨૭ તીર્થની યાત્રા. ગાંધીધામથી ભુજ પરત આવવા સુધી મુસાફરીના લાભાર્થી તેમજ સુજાપુરમાં કુટુંબ દીઠ ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો **શ્રી લેરિન વર્ધમાન ખોના** દ્વારા ભેટ અપાયેલ. રાપરમાં મુંબઇ મહાજન પ્રમુખશ્રી દ્વારા ચાંદીના સિક્કા દ્વારા સંઘપૂજન કરવામાં આવેલ; (૭) નવેમ્બર-૨૦૧૯માં દસ દિવસની તન-મન ટૂરના સથવારે સમ્મેત શિખરજી યાત્રા પ્રવાસ; (૮) માર્ચ-૨૦૨૦માં બસ દ્વારા ૨ દિવસની કુંભોજગીરી, કોલ્હાપુર યાત્રા કરાવવામાં આવેલ. દરેક યાત્રા પ્રવાસનું સુંદર સંચાલન, રહેવાની સુંદર વ્યવસ્થા ગૃહઉદ્યોગના માનદ્‌મંત્રી **શ્રી અજિત લોડાયાએ** કરેલ.

### વિશેષ :

(૧) જુન-૨૦૧૬માં કાર્યકારી બહેનોના પરિવારજનો, ગૃહઉદ્યોગના સમિતિના સભ્યો, અધિકારીઓ સાથે ટીપ ટોપ હોલમાં વિવિધ રમતો, ભોજન સાથે મેળાવડો; (૨) જુન-૨૦૧૮માં કાલિદાસ, મુલુન્ડ મીની હોલમાં બહેનોના કુટુંબીજનો સાથે મેળાવડો; (૩) મે-૨૦૧૯માં કાલિદાસ, મુલુન્ડ મીની હોલમાં કાર્યકારી બહેનો તથા પરિવારજનો સાથે જ્ઞાન સાથે ગમ્મત મેળાવડો, ટ્રાવેલીંગ બેગ ભેટ આપવામાં આવેલ. છેલ્લા બે વર્ષથી મેડીકલ પોલિસી, અકસ્માત પોલિસી તેમજ દરેક કર્મચારી બહેનો-ભાઇઓને નિયત લાભો ઉપરાંત રૂપિયા એક લાખ (રોકડ તથા ફીક્સ્ડ ડીપોઝીટ રસીદ રૂપે) આપી પ્રોત્સાહિત કરાવવામાં આવેલ છે.

### અમે આભારી છીએ...

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**ની વ્યવસ્થાપક સમિતિ, **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**ના ટ્રસ્ટીઓ **કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦** માટે ક.દ.ઓ. જ્ઞાતિજનોની સેવા માટેનો સુંદર લાભ અને સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું તે માટે સર્વે જ્ઞાતિજનોનો... **પ્રતિષ્ઠા મહોત્સવ, ચાતુર્માસ પ્રવેશ, પર્યુષણ મહાપર્વ, ચૈત્ય પરિપાટી, તપસ્વીઓની સાંજી અને પારણા, નૂતન જિનાલય નિર્માણ, પ્રતિષ્ઠા મહોત્સવ, ધ્વજારોહણ મહોત્સવ, દીક્ષા મહોત્સવ, સમૂહ લગ્નોત્સવ, પરિચય મિલન, મનોરંજન-નાટક, ખેલ ઉત્સવ, જ્ઞાન શિબિર, મહિલા વિકાસ અને પ્રોત્સાહનના કાર્યો, મેડીકલ ક્ષેત્રે વિવિધ સારવાર કેમ્પો, નૂતન અનંત પેથોલોજીનું શુભારંભ** વગેરે જ્ઞાતિહિત લક્ષી સર્વે યોજનાઓમાં **પંચવર્ષિય દાતાશ્રીઓનો** અને **વિવિધ કાર્યક્રમના મુખ્ય અને સહયોગી લાભાર્થી પરિવારોનો**... સર્વે આયોજનોમાં ઉદારદિલે તન-મન-ધનથી સહયોગ આપનાર સર્વે ટ્રસ્ટી ગણોનો, મહાજનની વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યોનો... સર્વે યોજના (કાર્યક્રમ)ના કન્વીનર સાથે તે-તે સમિતિના સભ્યોનો... ધાર્મિક કાર્યક્રમો સંદર્ભે **મસ્જીદબંદર, ઘાટકોપર, કાંજુરમાર્ગ, ભાંડુપ શ્રી સંઘોના સંચાલકો અને સ્વંયસેવકોનો, શ્રી ક.દ.ઓ.મંડળ-ડોંબિવલી, પ્રચાર અને પ્રસાર માધ્યમો પ્રકાશ સમિક્ષા, કે.ડી.ઓ. વી.પી. સમિતિ, જ્ઞાતિમૈયા, જ્ઞાતિદીપ** વગેરે માધ્યોમોનો... કાર્યકાલ ૨૦૨૦-૨૦૨૫ની નિષ્પક્ષ ચૂંટણી યોજી નવી વ્યવસ્થાપક સમિતિ જ્ઞાતિને સુપ્રત કરવા માટે **ચૂંટણી અધિકારીઓ અને સ્વયંસેવકોનો**... મહાજનની વ્યવસ્થા માટે મુંબઇ મહાજન અને ટ્રસ્ટની ઓફિસના સર્વે કાર્યકારિણી સભ્યોનો અને સેવકોનો... જ્ઞાતિહિતના કાર્યો માટે જ્ઞાતિ સમક્ષ સેવા આપનારા **પ્રચારકો, પ્રસારકો, પ્રિન્ટર્સ, કેટરીંગ વ્યવસ્થા, ફોટોગ્રાફર્સ, વીડીયોગ્રાફર્સ, ટ્રાન્સપોર્ટર્સ, વસ્તીપત્રક સમિતિનો**... વિશેષ આભાર : જ્ઞાતિજનોનો અમને સતત પાંચ વર્ષ આપની સેવા માટે ઉમદા તક આપી અમારા ઉપર વિશ્વાસ વ્યક્ત કરવા માટે... આવો જ સાથ અને સહકાર નવી વ્યવસ્થાપક સમિતિ કાર્યકાલ વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટે પણ જરૂરથી આપશોજી. નવી વ્યવસ્થાપક સમિતિને પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છીએ કે આપ પણ આપની કુશળતાપૂર્વક જ્ઞાતિહિતના કાર્યો કરી જ્ઞાતિની ઉન્નતિમાં આગળ જરૂરથી વધશો.

અહેવાલ આલેખન કરતાં અનાયાસે કોઇનું મન દુભાયું હોય, જિનાજ્ઞા વિરાધના ટિપ્પણી થઇ ગઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્!!!

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**

**શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢવારી)** અને

**વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ના સર્વે સભ્યો** તથા

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** ના સર્વે ટ્રસ્ટીઓના

**પ્રણામ! જય જિનેન્દ્ર! જય જય શ્રી અનંતનાથ!!!**

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

# KDO શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## મુંબઇ મહાજન સમિતિ અને ટ્રસ્ટ કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

### પદાધિકારીઓ



શ્રી કલ્પેશભાઇ મોતા
(રાપર)
પ્રમુખ



શ્રી મુકુંદભાઇ મોમાયા
(સુથરી)
ઉપપ્રમુખ



શ્રી લેરીનભાઇ ખોના
(સુજાપર)
ઉપપ્રમુખ



શ્રી રમેશ લોડાયા
(મંજલ-સુથરી)
માનદ્‌મંત્રી



શ્રી ચેતનકુમાર મોમાયા
(જખૌ)
માનદ્‌મંત્રી



શ્રી અતુલભાઇ ધરમશી
(સુથરી)
ખજાનચી

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

### ટ્રસ્ટીગણ



શ્રી કલ્પેશભાઇ મોતા
(રાપર)



શ્રી લેરીનભાઇ ખોના
(સુજાપર)



શ્રી ચીમનલાલ ખોના
(નલીયા)



શ્રી ચેતનકુમાર મોમાયા
(જખૌ)



શ્રી કમલેશભાઇ સોની
(જખૌ)



શ્રી હેમરાજભાઇ ગોસર
(બાયઠ)



શ્રી જયંતભાઇ સોની
(સુથરી)



શ્રી માલતીબેન ધરમશી
(જખૌ)



શ્રી બીપીનભાઇ નાગડા
(રંગપુર)



શ્રી તરૂણભાઇ ધરમશી
(સુથરી)



શ્રી જીવરાજભાઇ લોડાયા
(ખાવડી મોટી)

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**
**શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢવારી) અને વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ના સર્વે સભ્યો તથા**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો ના સર્વે ટ્રસ્ટીઓના**
**પ્રણામ! જય જિનેન્દ્ર! જય જય શ્રી અનંતનાથ!!!**

# કાનુની વારસદારો અને નોમિની

**ઍડ. જીજ્ઞેશ એન. મોતા,** હૈદરાબાદ – અનુવાદ : **ઍડ. ઉદયન શાહ**

શું કાનુની વારસદાર અને નોમિની (નામ નિયુક્તિ/નિયુક્ત વ્યક્તિ)એ એક છે ? કેટલા લોકોને આ બન્ને વચ્ચેનો ફરક ખબર હશે ? શું તમારા નોમિનીને તમારા મૃત્યુ બાદ પૈસા મળે ?

શું તમને લાગે છે કે તમારા મૃત્યુ બાદ તમારા જીવનવિમાના કે મ્યુચુઅલ ફંડમાં રોકાણ કરેલ પૈસા મળશે? હાજી તમને કદાચ એમ જણાશે. કેમકે તમને કાનુની દૃષ્ટિકોણનો ખ્યાલ નથી. આપણે ઘણી જ ચીજો સામાન્ય ભાષાની બોલચાલમાં ધારી લઇએ છીએ પણ કાયદેસર રીતે એવુ નથી હોતું.

આપણે નાણાકીય વ્યવહારો નોમિનેશનની દૃષ્ટિએ પણ કરતાં હોઇએ છીએ. આપણે કોના માટે કમાવીએ છીએ અને પૈસાનું રોકણ કરીએ છીએ ? આપણને કંઇક થાય તો આપણે આપણી સંપતિ કોના માટે મૂકી જઇએ છીએ ? આપણા સંતાનો, માતાપિતા, પત્ની અને ભાઇ-બહેનો માટે સંપતિ રાખી જઇએ છીએ. તમે તમારા મૃત્યુ પછી તમારી સંપત્તિના લાભાર્થીઓમાંથી કેટલાકનું નામ બાદ પણ કરો છો, શું તમને લાગે છે કે તમોએ નોમિનેટ કરેલી વ્યક્તિને જીવનવીમાના પૈસા તમારા મૃત્યુ બાદ મળશે અને એ વ્યક્તિ એની માલિક બની જશે ? ના જી ''નોમિનેશન'' આ રીતે કામ નથી કરતું, કાનૂની રીતે નોમિની એ મૃત્યુ પામેલ વ્યક્તિની સંપત્તિનો ટ્રસ્ટી છે, એટલે કે એનો રખેવાળ છે. સ્વર્ગસ્થ વ્યક્તિની મિલકત ઉપર એના કાનૂની વારસદારોના હકક લાગે છે. કાનૂની રીતે નોમિનીએ સ્વર્ગસ્થની દરેક પ્રકારની મિલકત કાનૂની વારસદારોના નામે કરવી પડે છે. દાખલા તરીકે જીવનવીમાની કલમ ૩૯ કહે છે કે નોમિનીને પૈસા આપવામાં આવશે પણ એ કદાચ કાનૂની વારસદાર નહીં હોય. કાનૂની વારસદારો નોમિની પાસેથી સંપતિ/પૈસા વસૂલ કરી શકે છે. સ્વર્ગસ્થ જે વ્યક્તિને વસિયત કે વિલમાં પોતાની સંપતિ આપવાનું જણાવે એ વ્યક્તિને કાનૂની વારસદાર તરીકે ગણવામાં કે ઓળખવામાં આવે છે. જો સ્વર્ગસ્થ વ્યક્તિ ''વિલ'' ન કરી ગઇ હોય તો કાનૂની વારસદારોને ભારતીય વારસાગત કાયદા અનુસાર સ્વર્ગસ્થની મિલકતની વહેંચણી કરવી પડે છે. જો સ્વર્ગસ્થ વ્યક્તિ પોતાની પત્ની અને સંતાનનું નામ વિલમાં કાનૂની વારસદાર તરીકે આપે તો તેઓ તે વ્યક્તિને મૃત્યુ બાદ કાનૂની વારસદાર તરીકે નોંધવામાં આવશે.

આથી વસિયતનામું કે વિલ બનાવવું બહુજ જરૂરી છે. એજ સચ્ચાઇ છે અને વારસાગત કાયદાની ઉપરવટ જઇ શકે છે. નોમિની પણ કાનૂની વારસ થઇ શકે છે. જ્યારે તમે નોમિનીની નિમણુંક કરો છો ત્યારે એનું પૂર્ણ નામ અને સરનામું, એની ઉમર, તમારી સાથેનો સંબંધ બરાબર જણાવો એ અતિ મહત્વનું અને સલાહભર્યું રહેશે કે તમે તમારા પત્ની કે સંતાનોને નોમિની નહીં બનાવો.

આશ્ચર્યની વાત છે કે જો નોમિની માલિક બની શકતો હોય તો નોમિની રાખવાની પ્રથાનું શું કારણ છે ? બહુજ સહેલી વાત છે કે તમારા રોકાણ કરેલા પૈસા તમારી વિશ્વાસુ વ્યક્તિ પાસે જાય અને એ તમારા કાનૂની વારસદારને આપે કે અપાવે. જો સ્વર્ગસ્થ વ્યક્તિએ નોમિનેશન ન કર્યું હોય તો વારસદારોને ઘણા પ્રકારના પ્રમાણપત્રો અને દસ્તાવેજો કરવા પળે છે. અને આ પ્રક્રિયા ખૂબ જટિલ છે. પણ જો નોમિનેશન કરેલું હશે તો માલમિલકત નોમિનીને મળશે અને તે કાનૂની વારસદારોને વહેંચી આપશે. ઉદાહરણ તરીકે અજય એના મૃત્યુ સમયે બાવન વર્ષનો હતો અને એને એ ચોક્કસ કરવું હતું કે એના મૃત્યુ બાદ એની બધી જ મિલકત એની પત્નીને મળે તેથી એણે પત્નીને બધા જ રોકાણમાં નોમિની બનાવી હતી. પરંતુ એણે વિલ નહીં બનાવ્યું હોવાથી એની ઇચ્છા બર નહીં આવી કારણ કે એની પત્ની સાથે છોકરાઓ પણ કાનૂની વારસ તરીકે ગણાયા અને અજયની સંપતિ પર બધાનો જ સરખો હક્ક હતો.

શેરોમાં રોકાણ : હવે આપણે જાણીએ છીએ કે નોમિની શું છે અને કોનો પૈસા ઉપર ઉપર હક્ક થાય. હવે જો કોઇ રોકાણકારે ડીમેટ ખાતામાં પોતાની પત્નીને બદલે પોતાના સગાને નોમિનેટ કર્યો હશે તો એ ડીમેટ ખાતાના શેરો પેલા સગાને મળશે નહીં કે પત્નીને. આ ઉદાહરણમાં મરનારે વિલ નહોતું બનાવ્યું. શેરોની બાબતમાં કાયદાકીય પરિસ્થિતિ જરા જુદી છે. મુંબઇ ઉચ્ચ ન્યાયાલયના માનનીય જજસાહેબા શ્રીમતી રોશન દલવીએ પત્ની દ્વારા પોતાના સ્વર્ગસ્થ પતિના શેરો વેંચવા માંગતી અરજી ખારિજ કરતાં નોંધ્યુ હતું કે પત્ની નોમિની નહીં હતી.

જીવન વિમામાં નોમિનેશન : પોલિસી ધારકે ૧ કરતાં વધારે નોમિનીની નિમણુંક કરી અને કોને કેટલો ભાગ આપવો એ પણ જણાવી શકે છે. જો તમે એક કરતાં વધારે નોમિનીની નિમણુંક કરો છો તો તમારે તમારી પહેલી પસંદગી તમારા કુટુંબીજનોમાંથી કરવાની રહે છે કેમ કે

જીવનવિમો એ તમારા ઉપર નિર્ભર રહેનાર કુટુંબીઓને નાણાકીય સરંક્ષણ પૂરૂં પાડે છે. જો તેમને તમારા મિત્રની નિમણુંક કરવી હોત તો તમારે વિમા કંપનીને એ પૂરવાર કરવાનું રહે કે તમારા જીવનવિમામાં એનો પણ હક્ક રહેલો છે. આ માટે તમારે જીવન વિમા કાયદાની ધારા ૩૯ વાંચવાની જરૂર છે. જીવનવિમાની વેબસાઇટ એ દર્શાવે છે કે નોમિનીની નિમણુક કરવી એ તમારો હક્ક છે અને જીવન વિમા ધારકના મૃત્યુ બાદ જીવનવિમા રકમ નોમિનીને મળે છે. આ સિવાય નોમિનીને બીજા કોઇ હક્ક કે લાભ મળતા નથી. જીવનવીમા ધારક નોમિની બદલી કરી શકે છે અને એની નિમણુંક રદ પણ કરી શકે છે. તમારે નોમિનીની નિમણુંક કરવી બહુજ જરૂરી છે. નહીં કરો તો એ તમારા માટે નુકશાનકારક પૂરવાર થશે. (ક્રમશઃ)

## ગામના મહાજન – ટ્રસ્ટોને નિવેદન

ચાતુર્માસ દરમ્યાન આપના ગામના તપસ્વીઓની નામાવલી, પર્યુષણ પર્વની ઉજવણી તથા કુલ ધ્રૃત મણની વિગત પ્રકાશ સમીક્ષાને સત્વરે મોકલી આપવા વિનંતી છે. જેથી આગામી અંકમાં પ્રકાશિત કરી શકાય.

વૉટસએપ નંબર **93723 00236**

ઈમેલ **kdoprakash@gmail.com**



**મિચ્છામિ દુક્કડમ્**

અંતરના ઓરડેથી, દિલના દરવાજેથી,
મનના માંડવેથી, સ્નેહના સંગાથથી,
મન, વચન અને કાયાથી મિચ્છામિ દુક્કડમ્

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)** બાયઠ-ભુજ

## અભિનંદન ! અભિનંદન ! અભિનંદન !




કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના મહાજનોના શિરોમણી સમાન શ્રી મુંબઇ મહાજનને પર્યુષણ પર્વ દરમ્યાન બીજના દિને ભાંડુપ તથા ખારેક બજારના આદિનાથ તથા અનંતનાથ જિનાલયમાં સ્વપ્ન-દર્શનની ઉજવણી ખૂબજ સંયમપૂર્વક કરીને આવા કોરોના કાળમાં ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડેલ છે.

ફરી એકવાર દશાઇ પરંપરામાં દરેક સમસ્યાને પહોંચી વળવા માર્ગદર્શક બુધ્ધિચાતુર્ય છે તે પુરવાર થયેલ છે. સૌથી મોટી સિધ્ધિ એ છે કે આ કાર્યક્રમો તથા દરરોજ પ્રભુ ભક્તિ ભાવનાનું લાઇવ ટેલિકાસ્ટ કરી સમગ્ર જ્ઞાતિને તથા અન્યોને પણ એકસુત્રે બાંધવાનો સફળ પ્રયોગ થયો. કલાકારોએ પણ ખૂબજ ઉમંગથી સૂર તથા તાલમાં બધાને રસતરબોળ કર્યા.

કોરોના કાળમાં માસ્ક પહેર્યા વગર ગરબે ઘુમતા ભાવિકોને જોઇને ટકોર કરવાની ઇચ્છા થાય પરંતુ એ એમની સમજદારીનો પ્રશ્ન છે એવું મનને મનાવી મૌન ધારણ કરી લીધું છે. જો કે આ બધા મહાજનના પદાધિકારીઓ / કાર્યકરો છે એટલે ખોટી છાપ ન પડે તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

મુંબઇ મહાજન હંમેશા leading from the front પ્રકારની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલ છે અને ભવિષ્યમાં પણ બધાને એકસુત્રે બાંધતા કાર્યો કરશે એવી શ્રી નયન ભેદા તથા તેમની ટીમને હાર્દિક શુભકામનાઓ સહ ફરી એકવાર અનુમોદના સહ અભિનંદન. બધાને મિચ્છામિ દુક્કડમ્.

**– નવિન પટેલ,** વડોદરા

## કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન મેડીકલ પ્રોજેક્ટ (મુંબઇ)

કોવિડ ૧૯ ના કારણે છેલ્લા ૫ મહિનાથી આપણા બધાનું રોજીંદુ જીવન ખોરવાઇ ગયુ છે. જેને કારણે તથા સરકારી નિયમોને આધીન કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન મેડીકલ પ્રોજેક્ટ જુલાઇ થી ધીરે ધીરે રાબેતા મુજબ થતા ગયા છે. જે હવે ૧લી સપ્ટેમ્બરથી પુરી રીતે સક્રિય થયેલ છે. આપને જાણજ છે કે મોતીયાના આંખના ઓપરેશનની ચિકીત્સા સાયન ખાતે તેમજ દાંતની ટ્રીટમેન્ટ માટુંગા અને ડોંબીવલી તેમજ ડાયાબીટીઝનું કન્સલટેશન મુલુંડ ખાતે કરવામાં આવે છે. તેવીજ રીતે તાજેતરમાં શરૂ કરવામાં આવેલ ૮ જાતના ઓપરેશનનો પ્રોજેક્ટ જ્યુપીટર હોસ્પિટલ (થાણા) સાથે ટાઇઅપ કરેલ છે. સમાજના આપ સહુ ભાઇ-બહેનોને આ બધી સેવાનો લાભ લેવા વિનંતી. એપ્લીકેશન ફોર્મ માટે નીચેના મોબાઇલ અથવા ઇ-મેલ ઉપર મેસેજ કરવા વિનંતી.

Contact : Smt. Tejal Rajesh Shah - 98209 53425, Email : tejal@dostirealty.com, Shri Rajesh Premji Shah - 98200 34795, Email : rajesh@dostirealty.com

Office Address : C/o. Dosti Realty Ltd., 1st Floor, Lawrence & Mayo House, 276, Dr. D.N. Road, Fort, Mumbai - 400 001.

**આરોગ્ય પ્રકાશ**

# સાકર - મિઠાસ

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



આયુર્વેદ પ્રમાણે માનવ ઉત્ક્રાંતિ થઇ એમાં સૌ પ્રથમ મીઠો રસ શોધાયો, જે જીવનરસ, આનંદનો રસ છે, શરીરને પૃષ્ટ કરનાર રસ છે. પછી કડવો રસ અને બીજા રસ શોધાયા. આધુનિક વિજ્ઞાન પ્રમાણે તીખો રસ માત્ર અનુભુતિ છે. જે મજ્જાતંતુ દ્વારા જાણ થાય અને એટલે જ તીખું ખાધા પછી નાકમાંથી, આંખમાંથી પાણી આવે છે. જીભ પર ૬૦૦ થી ૧૦૦૦ જેટલા નાના ટેકરા જેવા 'ટેસ્ટ બડસ' આવેલા છે. દરેક ટેસ્ટ બડસમાં ૧૦૦ થી ૨૦૦ 'રીસેપ્ટર્સ' (ગ્રહણ કરનાર) હોય છે. જ્યારે આપણે ખાઇએ ત્યારે ખોરાકમાં લાળ ભળે અને ખોરાક પ્રવાહીમય બને અને એ ટેસ્ટ બડસમાં જાય એટલે સ્વાદનો ખ્યાલ આવે. મિઠાશને ઓછી વધુ મિઠાશ પ્રમાણે આંક આપેલા છે. સાકર (સુક્રોઝ)નો મિઠાશ આંક ૧૦૦ છે, ગ્લુકોઝનો ૭૫ છે. ફ્રુકરોઝ (કૉર્ન સીરપના પીણા, બેકરીની આયટમ, આઇસ્ક્રીમ વગેરેમાં વપરાય)નો આંક ૧૪૦ છે. ફક્ત મિઠાશના આંક પરથી કઇ વસ્તુ આપણા આરોગ્યને કેટલું નુકશાન કરશે તે ન કહી શકાય. આપણા લોહીમાં ગ્લુકોઝની માત્રા કેટલી વધારશે (જેને ગ્લાયસેમિક ઇન્ડેક્ષ કહે છે) અથવા ખોરાકમાં રહેલા કાર્બોહાઇડ્રેટ્સ કેટલા જલ્દી ગ્લુકોઝમાં રૂપાંતરીત થઇને લોહીમાં ભળે છે અને લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધે છે એના પર આરોગ્યને નુકશાનનો આધાર છે. ગ્લુકોઝનો ગ્લાયસેમીક ઇન્ડેક્સ ૧૦૦ છે, સાકરનો ૬૮, અસલી મધનો ૮૭, પાકા કેળામાં ૪૮, આઈસ્ક્રીમનો ફક્ત ૩૮ છે. આઇસ્ક્રીમનો ગ્લાયસેમીક ઇન્ડેક્સ ઓછો છે પણ તેમાં કેલેરી ખુબજ છે જે આપણું વજન વધારી શકે છે અને ભાવે એટલે વધુ ખાઇએ તે પણ નુકશાન કરે, તેને પચાવવા ખૂબજ સમય લાગે. જમ્યા પછી ઠંડો આઇસ્ક્રીમ ખાઇએ તો પાચક રસોને નબળા પાકે. રાત્રે ખાઇને તરત જ સુઇએ એટલે પચે નહીં તે પણ આરોગ્ય માટે નુકશાનકારક. જમ્યા પછી ગરમ સુપ લેવું ખુબ ફાયદાકારક. તરબુચનો ગ્લાયસેમીક ઇન્ડેક્સ ખૂબ ઊંચો છે પરંતુ જ્યારે ચાર વાટકા ભરીને તરબુચ ખાઇએ ત્યારે જ લોહીમાં સાકર ખૂબ વધે તેથી તરબુચ પ્રમાણસર ખાવું. બટેટાની ચીપ્સનો ગ્લાયસેમીક ઇન્ડેક્સ ૯૮ છે એટલે ગમે તેટલા ભાવતા હોય તો પણ નુકશાનકારક. જે ખાદ્યમાં ગ્લાયસેમીક ઇન્ડેક્સ ૫૦ કરતાં નીચે હોય તે પદાર્થ આરોગ્ય માટે સારા. આમાં સોયાબીન ખાદ્યો, કઠોળ-દાળ, ફળો, ઓટ્સ વગેરેનો સમાવેશ છે. ગાજર, વટાણા, કાંદા, બીટ, ટમેટા, કાકડી ઉત્તમ. મિઠાશ માટે આપણે સાકર, ગોળ, મધ અને ક્યારેક જેષ્ટીમધ, અંજીર, ખારેક, જરદાલુ, ખજુર વગેરે વાપરીએ છીએ. કુદરતી મિઠાશ તરીકે કોર્ન સીરપ, આરબીટોત સ્ટેવિયા જે વનસ્પતિમાંથી મેળવાય છે જ્યારે સેકરીન, એસપોર્ટસ વગેરે કુત્રિમ - ગળપણ - કેમિકલ્સ છે. સેકરીન અકસ્માતે શોધાયું જે સાકર કરતા ૩૦૦ ગણી મિઠાશ ધરાવે છે. એસ્પોર્ટસ સાકર કરતાં ૨૦૦ ગણી મિઠાશ ધરાવે છે. જ્યારે સ્ટેવિયા સાકર કરતાં ૨૫૦ ગણી મિઠાશ ધરાવે છે. આ કેમિકલ્સમાં ગ્લાયસેમીક ઇન્ડેક્સ ઝીરો છે. એટલે મીઠાસ જોઇતી હોય અને વજન વધારવું ન હોય તો ડાયાબીટીઝ હોય તેવા લોકો વાપરે છે પણ કેમીકલ્સની કેટલીક સાઇડ ઇફેક્ટ છે જેમકે ઉલ્ટી. ઉબકા, પેટમાં અને સાંધામાં દુખાવો, માઇગ્રેન, અનિયમિત ઉંઘ, હૃદયના ધબકારા અનિયમિત થવા વગેરે. સેકરીનથી પેશાબની કોથળીનું કેન્સર થઇ શકે છે એટલે આ કેમીકલ્સ સ્વાસ્થય માટે સારા નથી.

આપણે નાનપણથી બાળકને જ દૂધમાં સાકર ભેળવી પીવડાવી એ છીએ જે આરોગ્ય માટે ખૂબજ નુકશાનકારક છે. આપણે જો નાનપણથી જ બાળકને સાકર વગરનું દૂધ આપીએ તો એ જ સ્વાદથી ટેવાઇ જશે. આપણે બાળકને બચપણથી જ ગળપણની આદત પાડી દઇએ છીએ ચોકલેટ, બિસ્કીટ, ઠંડા પીણા, આઇસ્ક્રીમ કેકનો અતિરેક થાય છે.

'રસના'ના સરબત, કોલ્ડ્રીંક્સ, (કોકોકોલા, થમ્સઅપ, લીમ્કા જેવા)ના ઉપયોગ ને બદલે તાજા ફળોના જ્યુસ, લીંબુ સરબત, લસ્સી, છાસ, નાળિયેર પાણી જેવું રોજબરોજ તેમજ પ્રસંગ વખતે પણ વાપરવું યોગ્ય. સીઝનના તાજા ફળોમાંથી બનાવેલ જ્યુસ ઉત્તમ છે પણ બજારૂ તૈયાર મળતા જ્યુસ (પીણા) લેવા હાનીકારક છે.

નિષ્ણાતોએ શોધ્યું છે કે સાકરનો અતિરેક માણસની રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે, જાડાપણું, ડાયાબીટીઝ અને હૃદયરોગ જેવી બિમારીઓ આપે છે. આપણા રોજીંદા આહારમાંથી આપણા શરીરને જરૂરી સાકર મળી રહે છે. ધાન્ય, ફળો, ડ્રાયફ્રુટમાંથી આપણને કુદરતી સાકર મળે જ છે. કુત્રિમ સાકરથી લોહીમાંના સફેદ કણો, વાયરસ - બેક્ટેરીયા સામેની લડાઇમાં નબળા પડે છે. દિવસ દરમ્યાન લેવાયેલ લગભગ નાની ૮ (આઠ) ચમચી કૃત્રિમ સાકર જીવાણુ સામે લડવાની શક્તિ ૪૦% ઘટાડી નાખે છે. વધુ

પડતું ગળ્યું ખાતાં વિદ્યાર્થીઓની એકાગ્રતા જળવાતી નથી. એટલે અભ્યાસમાં બરાબર ધ્યાન આપી શકતાં નથી. દાંતની તકલીફ પણ આજકાલ ઘણી વધી ગઇ છે તેનું એક મુખ્ય કારણ સાકર જ છે. તેથી જ ગળ્યું ખાધા પછી દાંત બરાબર સાફ કરવા જરૂરી છે. ચહેરા પરના ખીલ થવાનું કારણ પણ સાકરનો અતિરેક છે. આંખો નીચે કાળા કુંડાળા, ચામડી પર કરચલીઓ, હાડકાનું છીદ્રાળુપણું (ઓસ્ટીયોપોરોસીસ) વગેરે સાકરના આર્ત ઉપયોગથી થાય છે. દારૂ પછી સાકર - લીવરને નુકશાન પહોંચાડવામાં બીજા નંબરે છે.

આપણા શરીરને સાકર કુદરતી રીતે મળતી હોવાથી (ધાન્ય, ફળો, શાકભાજીમાં) રોજીંદી સાકર લેવાની જરૂર નથી. આમ ખાવામાં સાકર ઘટાડીએ અને બોલવામાં મિઠાશ વધારીએ.

# પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**રાજવી વિજય ખોના**
**મોટી ખાવડી - વડાલા**
S.S.C. **87.40%**



**વેદા વિપુલ શાહ**
**ગદગ - નલીયા**
S.S.C. **96.80%**



**વત્સલ હિતેશ પટેલ**
**સાંધવ - મુલુંડ**
S.S.C. **92.60%**



**સૃષ્ટી વિમલ દંડ**
**સેવક ભરૂડીયા - જામનગર**
S.S.C. **91.8%**



**ખુશી બિપીન ગોશર**
**કારંજા - બારોઇ**
S.S.C. **97.20%**



**નિધી જિગ્નેશ મોતા**
**લાખણીયા - હૈદરાબાદ**
S.S.C. **99.9%**

## સાસુ-વહુની એક લઘુકથા

''આ લો મમ્મી, ત્રણ હજાર... તમારી પાસે રાખો'' નવી વહુએ નોકરી જતી વખતે સાસુને કહ્યું. સાસુની આંખોમાં પાણી આવી ગયા. તેમણે કહ્યું,'' આટલા બધા પૈસાનું મારે શું કરવું છે?

મમ્મી, આખો દિવસ કેટલી બધી વસ્તુઓ માટે પૈસાની જરૂર પડતી હોય છે. હું એક મહિનાથી જોઈ રહી છું. શાક વાળો, ફળવાળો અને ક્યારેક કામવાળી પણ તો વધુ પૈસા માંગે છે. તમારી પાસે આ રકમ ભલે રહી. અરે તારા સસરાજીનું પેન્શન આવે છે ને. એ હતા ત્યારે તેમની પાસે માંગતી હતી, હવે સરકાર વગર માંગ્યે દર મહિને આપી દે છે! સાસુએ હસીને કહ્યું.

મમ્મી, તમે કિટી પાર્ટી જોઈન કરી લો. તેમની સાથે ફિલ્મ, નાટક. પાર્ટી, વગેરે માણો. તમારી જિંદગી જીવો. આમણે મને કહ્યું કે તમે કેટલી તકલીફ વેઠીને ઘર ચલાવ્યું છે. મોટા ભાઈ અમેરીકા છે, દીદી પોતાને સાસરે ખુશ છે. હવે તમે નવું જીવન શરૂ કરો. મને ખબર છે તમે અત્યાર સુધી તમારી બધી ઈચ્છાઓ મનમાં દાબી દાબીને જીવ્યા છો. હવે તમે તમારા માટે જીવો.

આટલી નાની ઉંમર માં આવડી મોટી મોટી વાતો તને કોણે શીખવી વ્હાલી દીકરી?!

હું દસ બાર વર્ષની હોઈશ. એક વાર મારા દાદી મારા ફોઈને ત્યાં જઈ રહ્યા હતા. મારી મમ્મીએ છસ્સો રૂપિયા કાઢી તેમના હાથમાં મૂક્યા અને બોલી બચ્ચાઓને બહાર ફરવા લઈ જજો. નાની વતી એટલે કે તમારા તરફથી તેમને ખવડાવજો - પીવડાવજો, રમકડાં અપાવજો. દાદી મમ્મીને ગળે વળગી રોઈ પડ્યા હતા! તેમણે કહેલું આટલા પૈસા તેમણે ક્યારેય ખર્ચ કર્યા નહોતા! એ દિવસ પછી મમ્મી અને દાદી ઘણી સારી સખીઓ બની ગઈ!

હવે મારો વારો છે તમારી સખી બનવાનો! મને ખબર છે ઘર સંભાળવા તમારે તમારી નોકરી છોડવી પડી હતી. કેટલું ખરાબ લાગ્યું હશે ત્યારે તમને. કેટલી ઈચ્છાઓ, મહત્વકાંક્ષાઓનું ગળું દાબી દેવું પડયું હશે તમારે. આ સિવાય, દરેક નાની મોટી વાતે પતિ સામે હાથ લંબાવવો પડ્યો હશે તમારે. તમારું પેન્શન તમારી પાસે જ જમા કરો મમ્મી. મને ક્યારેક જરૂર પડી તો હું માંગીશ. હવે તને ઓફીસ જવાનું મોડું થશે, તું નીકળ. મને બોલવા દો મમ્મી. આ હું મારી ખુશી માટે કરી રહી છું. મારી મા એ કહ્યું હતું કે ૧૮ કલાક કામના ઢસરડા કરનાર મહિલાને કોઈ સમજતું નથી. પણ તું તારી સાસુમાનું ધ્યાન રાખજે. પ્રેમ વાવીશ તો પ્રેમ પામીશ.

સાસુએ ભર્યા મનથી અને પ્રેમ ભર્યા હૃદયથી વહુના ગાલે હાથ ફેરવ્યો. અને પછી તે વહુ આંખો સામેથી ઓઝલ ન થઈ ત્યાં સુધી તેને જતી જોઈ રહ્યા. તેમણે મનોમન કહ્યું, 'મેં વિચાર્યું હતું કે નોકરી કરતી વહુ ઘરમાં આવશે પછી હું ચાર દિવાલો વચ્ચે પુરાઈ જઈશ,પણ તેં તો મને બહારનું આકાશ દેખાડ્યું વહુ દીકરી' બધી સાસુ - વહુ વચ્ચે આવા સંબંધ બંધાય તો કેટલું સારું!

- સંકલન : **કુમાર દંડ**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

વૈશ્વિક મહામારીના કાળમાં આ વર્ષે ગદગમાં બહુજ સાદાઈપૂર્વક, સરકારી કાયદાને અમલમાં મૂકતાં પર્યુષણ પર્વની ઉજવણી થઈ.

શ્રી કલ્પસૂત્ર ૩૩૩૩ મણમાં કુમારી વેદા, દૃષ્ટિ-વિપુલ કાંતિલાલ મોતાએ પધરાવ્યું હતું. શ્રી પારણું ૪૧૧૧ મણમાં માતુશ્રી જવેરબાઈ વીરજી ગાલા, હસ્તે દિલીપ વીરજી ગાલા. સ્વપ્નાનું કુલ ઘૃત ૫૪,૮૫૫ મણ થયું.

સહુ કોઈએ નિયમોને અનુસરીને ઘરમાં રહીને જપ-તપ-ધ્યાન સાંવત્સરિક પ્રતિક્રમણ વિગેરે કર્યું. પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના વ્યાખ્યાન અને બારસો સૂત્રનું વાંચન ઑનલાઈન સાંભળ્યા. સામૂહિક વિધિ-વિધાન કે વરઘોડા બંધ રાખવામાં આવ્યા હતા. ઘરમાં રહીને પાંચ તપસ્વીઓએ અઠ્ઠાઈ તપ કર્યું. ૧) શા. કાંતિલાલ પદમશી મોતા ૨) ધવલ શાહ ૩) ભરત વીરજી ગાલા ૪) અ.સૌ. માનસી દિશાંત ગાલા ૫) કુ. કિંજલ વિજય ગોશર.

### શ્રી પારોલા ક.દ.ઓ. શ્વે. મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

તપચક્ર ચક્રવર્તી શાસન સમ્રાટ અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન પ.પુ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષ, સાહિત્ય દિવાકર અચલગચ્છ નાયક પ.પુ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિત્રય ભગવંતોના આશિષે પરમવિદુષી પ.પુ. સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પુ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આ. ઠા. ૪ બિરાજમાન છે. તપઆરાધના શાતાપૂર્વક ચાલૂ છે.

પર્યુષણ મહાપર્વમાં કલ્પસૂત્ર પોથીનો લાભ પુર્ણિમાબેન હંસરાજ લોડાયા પરિવાર (વારાપધર) રાયચુરવાલા અને પારણાનો લાભ શામજી મુરજી પોલડીયા પરિવાર (બાયઠ) પારોલાવાલાએ લીધેલ. કુલ ઘૃત મણ ૧૭૬૫૫ થયેલ છે.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ

કોવિડ-૧૯ના કારણે આ વર્ષે પર્યુષણ પર્વ સાદગીપૂર્વક ઉજવવામાં આવેલ. ભાદવા સુદ-૨ અને ૫ ના ખરતરગચ્છના સાધ્વી શ્રી સમ્યકદર્શનાશ્રીજી મ.સા. વાંચન માટે પધારેલ. પાંચમના દિવસે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.

કલ્પસૂત્ર માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી પરિવાર, શ્રી પારણાજી સૌ. નીધિ સિદ્ધાર્થ દંડ (USA) શ્રી બારસા સૂત્ર માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર દ્વારા પધરાવવામાં આવેલ. તપસ્વીઓની યાદી : ૧) વર્ષીતપ (પાંચમું) શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, વર્ષીતપ (પહેલું) અ.સૌ. પ્રવિણા સતીષ છેડા, શ્રી ગૌતમ નવીન શાહ (બેંગલોર), ૨) અઠ્ઠાઇ તપ - વિજય શિવજી શાહ, નયન સતીશ છેડા, ગૌતમ ડાકેશ ધરમશી (ભાટાપારા), નીર લોકેશ શિયાડ (૭ વર્ષ) ધમતરી.

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

પર્યુષણના દિવસે થતી જિન પૂજા, અભિષેક, આરતી આદિનો લાભ ખંડવાના ક.દ.ઓ. સભ્યોને ઘૃતની ઉછામણી વગર આપવામાં આપ્યો. બધાને નિવેદન કરવામાં આવ્યુ કે દેરાસરના સાધારણ ખાતામાં વધારેથી વધારે દાન લખાવો. પર્વ દરમિયાન કલ્પસૂત્ર અને બારસાસૂત્ર શ્રવણનો લાભ પ.પૂ. સા. જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ. સા. હિમાંશુશ્રીજી મ.સા. દ્વારા પાલીતાણાથી લાઈવ પ્રસારણથી મળ્યો.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ

અચલગચ્છાધિપતિ તપસ્વી રત્ન પ.પૂ. આચાર્ય ભગવંત ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની સાધ્વીજી ભગવંત પ.પૂ. શ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. મહાવૃતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. વિરાગગુણાશ્રીજી મ.સા. આરાધના કરાવવા બાયઠ પધાર્યા હતા. પર્વ દરમ્યાન કુલ ઘૃત ૭૦,૦૦૦ મણ થયેલ. તપસ્વીઓએ શાતાપૂર્વક તપસ્યાઓ પુર્ણ કરેલ. વિશ્વ વ્યાપી કોરોનાની મહામારીને લીધે મુંબઇ તથા દેશ-વિદેશમાંથી શ્રાવકો પહોંચી નહોતા શક્યા.

સ્થાનિકે શ્રી વેલજીભાઇ પોલડીયા, અ.સૌ. નીલમબેન નીલેશ પોલડીયા તથા અ.સૌ. કાશ્મીરાબેન ભરત મૈશેરીએ સ્થાનીક પ્રમુખ શ્રી ડૉ. નીલેશ મેઘજી પોલડીયાની રાહબરીમાં વ્યવસ્થા તથા કાર્યક્રમો સુચારૂ રીતે સંભાળ્યા હતા.

કલ્પસુત્ર પધરાવવાનો લાભ અ.સૌ. હીનાબેન રાજેન્દ્ર પોલડીયા, જલગામવાલા પરિવારે લીધેલ. પારણું પધરાવવાનું લાભ શ્રી હરેશ હીરાચંદ ડાઘા વરાડીયાવાલા પરિવારે શ્રી અરવીંદ જીવાણીના હસ્તે લીધેલ. (હરેશભાઇ ડાઘા ગામના દોહીત્રી જમાઇ છે.) પ્રાત સ્મરણીય જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરસીનાથાની છબીનો માલારોપણ કરવાનો લહાવો અ.સૌ. હીનાબેન રાજેન્દ્ર પોલડીયાએ લીધેલ.

## મંજલ ખાતે પર્યુષણ પર્વ

મંજલ નગરે કોરોના પરિસ્થિતિમાં પણ પર્યુષણ પર્વની આરાધના થઇ હતી. જેમાં મુંબઇથી પધારેલા અને સ્થાનિક ભાવિકો મળી ૨૮ થી ૩૦ ભાગ્યશાળીઓએ ભાગ લીધો હતો. દરરોજ પ્રતિક્રમણ બાદ પ્રભુજીની ભાવનામાં મુંબઇથી પધારેલ શ્રી રાજેશ કલ્યાણજી વોરાએ કી બોર્ડના સથવારે, શ્રી સતુભાઇ સોઢાના તબલાની થાપે સ્તવનોની રમઝટ બોલાવી હતી.

ભાદરવા સુદ છઠના શ્રી આદેશ્વરજી મહારાજ દેરાસરના દ્વાર ઉદ્‌ઘાટનનો ચડાવો ગામની નિયાણીબેન અ.સૌ. કલાવતી મોહનલાલ ગડા (ચિયાસર-ડોંબીવલી) અને તેમના કુટુંબના હીયા, સિધ્ધ, અને પિશાએ, કુ. પૌત્રી ચિ. નિષ્ઠા સિરીલ ગડાના જન્મદિવસ નિમિત્તે ૧૭૬૧ મણમાં લીધો હતો.

## શ્રી કોચીન શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ

શ્રી કોચીન શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘે બીરાજમાન પ.પૂ. આ. શ્રી ભક્તીસૂરીજીના સમુદાયના પ.પૂ.સા.શ્રી અમીરેષાશ્રીજી મ.સા. આદીઠાણા ૨ ની નીશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સંપન્ન થયેલ. મહામારીના કારણે પર્યુષણ પર્વની બધીજ વિધી સાધ્વી ભગવંત અને દેરાસરના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. દરરોજ પરમાત્માની પહેલી પૂજા ત્યારબાદ અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન તેમાં શ્રી અષ્ટાનીહકા પ્રવચન શ્રી કલ્પસૂત્ર વાંચન અને છેલ્લે શ્રી બારસા સૂત્ર વાંચન થયેલ. પરમાત્મા દર્શન, અષ્ટપ્રકારી પૂજા તથા આંગીદર્શન યુટ્યુબ ઉપર લાઇવ બતાડવામાં આવતા.

બધાજ સ્વપ્નના નકરા અને બાકીની બોલીઓ પણ નકરા દ્વારા નક્કી કરવામાં આવેલ અને લાભાર્થી પરિવાર માત્ર નકરો આપી લાભ લીધેલ અને સ્વપ્ન વગેરેની બધીજ વિધી દેરાસરજી ના સ્ટાફ દ્વારા સંપન્ન થયેલ. ચાતુર્માસ પ્રારંભથીજ નાની-મોટી ઘણી તપસ્યાઓના લાભ શ્રી સંઘના સભ્યો ઘરે રહીને કરી રહ્યા છે. અઠ્ઠાઇ તપના આરાધકો ૧) હર્ષ હિરેન ગોશર ૨) હિરેન પ્રેમચંદ ગોશર ૩) કમલેશ જવેરીલાલ લોડાયા.

## કલકતા ક.દ.ઓ. સંઘ

કલકતા સંઘ દ્વારા ઓનલાઇન પર્યુષણ મહોત્સવ ઉજવવામાં આવ્યો. સારી એવી તપસ્યા થઇ. ૧) નવાઇ તપ - નીરા લાલકા, ૨) અઠ્ઠાઇ તપ - મીત દેઢીયા, પ્રગેશ શાહ.

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન તથા શ્રી વારાપધર જૈન યુવક મંડળે આરાધના કરાવવાનો વિચાર કર્યો. મંડળના પદાધિકારીઓએ ખૂબજ ટુંક સમયમાં અને સુંદર રીતે ઓનલાઇન, ઇ-ચડાવાની યોજના ઘડી કાઢી. ચડાવાની ઉછામણી ઘૃત મણ ૪૬૨૫૮ (રૂા. ૨૩૮૭૭૪), શ્રી સાધારણ ખાતે શ્રાવક શ્રાવિકાઓ તેમજ નિયાણી બહેનોએ આપેલ અનુદાન આશરે રૂા. એક લાખની સાથે સાથે શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન અને શ્રી વારાપધર જૈન યુવક મંડળ તરફથી આવેલ રૂા. ૯૪૦૦૦/- ના અનુદાન તેમજ પહેડી પ્રસાદ અને અન્યમાં આવેલ આશરે રૂા. ૫૦૦૦૦/-.

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી

હમણાંના કપરા સમયમાં પણ મંડળ પોતાની રાબેતા મુજબની સેવાઓ આપી જ રહ્યું છે. મંડળ પાસે આપાતકાલિન / મહામારી માટે વિશેષ યોજના કે ફંડ નથી, જે પણ યોજનાઓ છે તે મર્યાદિત ફંડ વાળી છે. આ મહામારીના કપરા સમયમાં મંડળના પરિસરમાં વસતા દરેક જ્ઞાતિજનાને વિશેષ સહાયની ખાસ જરૂરત હોય જ છે. મંડળ દ્વારા એક વિશેષ યોજના 'કોવિડ-૧૯ રીલીફ ફંડ' ચાલુ કરેલ છે. કોવિડ-૧૯ પેન્ડેમિકના કારણે આપણી જ્ઞાતિના ઘણાં જ ભાઇ-બહેનો બેરોજગાર થયા છે. આ મહામારીના સમયમાં પરિવાર સંભાળવું મુશ્કેલ છે, ત્યારે મંડળ દ્વારા આશ્વાસન રૂપે મદદ કરી શકીએ એ હેતુથી દાતાશ્રીઓના દાનથી જ આ યોજના શરૂ કરવામાં આવશે. કોવિડ-૧૯ આરટીપીસીઆર ટેસ્ટના રાજ્ય સરકાર માન્ય ફીની અડધી રકમ તેમજ ઘરદીઠ વડીલ (સીનીયર સીટીઝન)ને મેડીકલ રૂા. ૭૫૦/- સુધીની સહાય દવા મારફતે આપવામાં આવે છે. (મંડળના નીતિ નિયમોને આધિન)

એક નામ દીઠ માત્ર રૂા. ૨૫,૦૦૦/-

રૂા. ૧૧,૦૦૦/-, રૂા. ૫,૦૦૦/- અને રૂા. ૨,૫૦૦/- કે તેથી પણ વધુ રકમની ભેટ કે અનુદાન આપીને મંડળની આ યોજનાને સમૃધ્ધ કરી શકાય. વધુ વિગત માટે સંપર્ક શ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા) - ૯૯૨૦૫ ૫૬૨૭૦, શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા) - ૯૮૧૯૮ ૮૩૫૨૨, શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર) - ૯૩૨૩૧ ૮૨૬૫૩.

## વતનના વર્તમાન

**- સંકલન : કેસરસિંહ ખોના**

### કેવલ કક્કાને સર્વોચ્ચ પર્વતારોહણ એવોર્ડ

કચ્છ બેરાજાના વતની કવીઓ જૈન કેવલ હીરેન કક્કાને ભારત સરકારનો પર્વતારોહણનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર તેનસિંગ નોર્ગે નેશનલ એવોર્ડ જાહેર કરાયો છે. જે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે એનાયત કરાશે. કક્કા પ્રથમ ભારતીય પર્વતારોહક છે જેમણે માત્ર છ જ દિવસમાં માઉન્ટ એવરેસ્ટ અને ચોથા ક્રમના ઉંચા શિખર 'લ્હોત્સે' સર કર્યા હતા. આ ઉપરાંત તેમણે છઠા અને આઠમા ક્રમે સૌથી ઊંચા શિખરો 'ચોયૂ' અને 'માનેસલુ' સર કર્યા છે. હિમાલયના ૩૫ થી વધુ ટ્રેક પૂરા કર્યા છે એટલું જ નહીં, તેમણે હિમાલયના ૬૦૦૦ મીટરથી વધુ ઊંચા ૧૨ જેટલા શિખરો સર કર્યા છે.

કેવલ કક્કા મુલુંડ ખાતે માઉન્ટેનિયરિયના સાધનોની શોપ ધરાવવાની સાથે પોતાની બિયોન્ડ ઑલ્ટીટ ગુડ્ઝ નામની કપનીનું સંચાલન કરે છે.

**વિશેષ નોંધ :**

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **- તંત્રી મંડળ**

### જતાવીરાનું નયનરમ્ય પિકનિક સ્પોટ

ભૂગર્ભ વિજ્ઞાનની જીવંત પ્રયોગશાળા એવા કચ્છમાં અત્યારે શાનદાર વરસાદના લીધે ખીલેલી કુદરતે નખત્રાણા તાલુકાના જતા વીરા ગામ પાસેના નદી અને પર્વતીય સ્થળના સંગમે એક અનોખી ભાત ઊભી કરી છે. પરિણામે લોકો અહીં આ કુદરતી સૌંદર્ય માણવા આવી રહ્યા છે. વન્સ ઇન એ લાઇફ ટાઇમ આ સ્પોટને ન જોયું તો કંઇ જ નથી જોયું.

### અકીક

અકીક એક અર્ધ કીંમતી રત્ન છે. કચ્છમાં ખાસ કરીને રાપર તાલુકામાં મળે છે. અંગ્રેજીમાં એગેટ તરીકે ઓળખાતું આ જેમ સ્ટોન ખાસ તો આભૂષણો, મણકા અને વીંટીમાં વપરાય છે. ગોમેદ, નીલમણિ વગેરે એના બીજા નામ છે. હાલમાંજ નખત્રાણાના ખીરસરા ગામમાં શોધાયેલા સેંધવ સભ્યતાના ઔદ્યોગિક કેન્દ્રમાં ઓગેટના દાગીના બનતા હોવાનું બહાર આવ્યું છે.

કચ્છમાં એગેટ મળતા હોવાના કારણે સેંધવ સંસ્કૃતિના નિકાસ ગૃહોના ઔદ્યોગિક કેન્દ્રોનો વિકાસ મોટું કારણ કહી શકાય.

### દેશનું પ્રથમ મરીન નેશનલ પાર્ક

ખૂબ અગત્યનું છતાં ઓછું જાણીતું દેશનું સર્વપ્રથમ નેશનલ મરીન પાર્ક કચ્છની ખાડીમાં છેક ૧૯૮૨માં સ્થાપિત કરાયું હતું. અહીં અખાતના જામનગર પાસેના દરિયા કાંઠામાં ૪૨ જેટલા નાના મોટા પરવાળાના ટાપુઓ આવેલા છે. અહીં મેનગ્રોવથી માંડીને અનેક પ્રકારના ખાસ કરીને નાના દરિયાઇ જીવો રંગ બેરંગી માછલીઓ, સમુદ્રી સાપ વગેરેનું જીવન વિકસે છે.

પરવાળાના રંગ બેરંગી જીવો પ્રદૂષણના કારણે કુદરતી રંગ ગુમાવી રહ્યા હોઇ તેમની સલામતી માટે આ રાષ્ટ્રીય સમુદ્રી અભ્યારણ્યની રચના કરવામાં આવી છે.

### નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે. આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઈમેઇલ kdoprakash@gmail.com ઉપર અથવા C.D.O. PRAKASH SAMIKSHA, C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે. **- તંત્રી મંડળ**

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

## સંચાલિત - "જીવન-સંધ્યા"

(તા.૧-૯-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૨૦)


09945299989 - Sha Chandrakant L. Lodaya
09341319295 - Sha Harish S. Munvar
09940666465 - Sha Tilakchand Lodaya
09341488128 - Sha Mahendra Vikamshi
09448120993 - Sha Kantilal P. Mota
09448186222 - Sha Dineshchand Kuverji
09448165256 - Sha Veerendra Padamshi
09611133124 - Sha Chandrakant Patel
09342730997 - Sha Hirachand Dand
09820022638 - Sha Hemang Dharamshi


### નિભાવ ફંડ

- ૧૦૦૦૦૦/- શ્રી કરણ દીલીપ શાહ (લોડાયા) (કોઠારા) બેંગલોર
- શ્રીમતી મીનાબેન પ્રવીણ ડાઘા (વરાડીયા)ચેન્નઈ ના સ્મરણાર્થે
  - ૨૦૦૦૦/- શ્રી અતુલ પ્રવીણ ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
  - ૧૫૦૦૦/- શ્રી પ્રવીણ દામજી ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
  - ૧૫૦૦૦/- કુ. શ્રુતી અતુલ ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
  - ૧૫૦૦૦/- કુ. તૃપ્તી અતુલ ડાઘા (વરાડીયા) ચેન્નઈ તરફથી
- ૫૦૦૦૦/- શ્રી ચંદ્રકાંત માણેકલાલ મોદી – ચીકાગો– અમેરીકા શ્રી માણેકલાલ ગીરધરલાલ મોદી ગદગ ના સ્મરણાર્થે
- ૫૦૦૦૦/- શ્રી મણીલાલ માણેકજી મૈશેરી (જખૌ) ઘાટકોપર, હસ્તે શ્રી હરીશ લક્ષ્મીચંદ મૈશેરી (જખૌ) મુલુન્ડ
- ૪૩૨૦૦/- શ્રી હરીશ ચાંપશી પાલાણી તથા શ્રી કીરણ ચાંપશી પાલાણી (કોઠારા) ચુનાભટ્ટી (ત્રણ જણાનાં નિભાવ ખર્ચના)
- ૧૪૪૦૦/- શ્રીમતી વીજયાબેન દામજી જાદવજી છેડા (પત્રી) હુબલી (૨૦૧૯)
- ૧૪૪૦૦/- શ્રીમતી પુષ્પાબેન તથા શ્રી ગોવિંદજી પુનશી મોમાયાના સ્મરણાર્થે શ્રી મયંક ગોવિંદજી મોમાયા (નલીયા) પાલીહીલ
- ૧૪૪૦૦/- શ્રીમતી વીજયાબેન દામજી જાદવજી છેડા (પત્રી) હુબલી (૨૦૨૦)
- ૧૪૪૦૦/- શ્રીહીરાચંદ માણેકજી નાગડા (જખૌ) જયશ્રી ટ્રાન્સપોર્ટ કું. સાંગલી
- ૧૪૪૦૦/- શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, મુંબઈ
- ૧૦૦૦૦/- શ્રી સાઈકુમાર, હિતેન ફાસ્ટનર્સ, ગદગ
- ૫૦૦૬/- શ્રી નંદકુમાર, બેંગલોર
- ૫૦૦૦/- શ્રી ઠાકરશી મુલજી લાલકા (સી.એ) નલીયા – પરભણી
- ૨૦૦૦/- શ્રી સુધીર પાન્ડે, બેંગલોર
- ૨૦૦૦/- શ્રીમતી ચીત્રા દાસગુપ્તા, બેંગલોર
- ૧૫૦૪/- શ્રી પ્રદીપ પદમશી લાપસીયા (કોઠારા) મુલુંડ
- ૧૦૦૦/- શ્રી જૈન અચલગચ્છ સમાઈક મંડળ, વર્ધમાન નગર, મુલુંડ

### કાયમી મિષ્ટાન ભોજન – ૧૫૦૦૦

- શ્રીમતી હીરાવંતી લક્ષ્મીચંદ ધરમશી (કોઠારા) બીજાપુર, બેંગલોર
- શ્રી લક્ષ્મીચંદ વીશનજી ધરમશી (કોઠારા) બીજાપુર, બેંગલોર
- શ્રીમતી શુશીલાબેન બંકીમચંદ ધરમશી (સુથરી) મુંબઈ
- અનીતા જી. શાહ (લાલા) મુંબઈ

  શ્રીમતી મીનાબેન પ્રવીણ ડાઘા (વરાડીયા) ચેન્નઈ ના સ્મરણાર્થે

### કાયમી બપોરનું સાદુ ભોજન – ૧૦૦૦૦

- શ્રી મેઘજી ભાણજી પોલડીયા (ડુમરા) નાગપુર
- શ્રી પ્રફુલ ઉમેદલાલ વ્રજલાલ શાહ (માસ્તરજી) ગદગ
- શ્રી નેણશી હીરજી વીકમશી, કેપ્ટન (જખૌ) મુલુંડ, હસ્તે શ્રી શાંતીલાલ નેણશી તથા ઉર્મીલા ખુશાલ વીકમશી (જખૌ) મુલુંડ
- શ્રીમતી શુશીલાબાઈ સોહનલાલ બોહરા, સીંધનુર (કર્નાટક)

### કાયમી સવારનો ચા-નાસ્તો – ૫૦૦૦

- શ્રી મણિલાલ દેવશી ખોના, હ. ચંદ્રેશ ખોના (મંજલ) ડોંબિવલી
- માતુશ્રી પ્રેમાબાઈ લખમશી માણાવાલા (નલીયા) હસ્તે – સુપુત્રી માનબાઈ નેણશી હીરજી વીકમશી (જખૌ) મુલુંડ

### કાયમી બપોરની ચાય– ૨૦૦૦

- શ્રીમતી દત્તા નરેન્દ્ર માણેકજી ખોના (નલીયા) કોચીન
- શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરા
- માતુશ્રી પુરબાઈ વાલજી મોતા ના સ્મરણાર્થે, હસ્તે શ્રી જયંતકુમાર ધુલ્લા (સુથરી) કલકત્તા.

### એક ટંક મિષ્ટાન્ન ભોજન –૨૦૦૦

- શ્રી તનવીર વીરેશ ધાવનાવર, ગદગ
- માતુશ્રી પ્રેમાબાઈ ગોવીંદજી પુનશી વીકમશી (યલવીગી) હસ્તે પ્રતાપચંદ વીકમશી
- માતુશ્રી લક્ષ્મીબેન જવેરચંદ ધરમશી (કોઠારા) બીજાપુર
- માતુશ્રી કુંવરબાઈ ઉમરશી છેડા (સુથરી) મસ્જીદબંદર
- શ્રીમતી મધુકાન્તાબેન લહેરચંદ લોડાયા, ગદગ
- પૂજા રૂપેશ વસંત છેડા (આસંબીયા) ઈન્ડી
- ક્રેઝી કુ, ગદગ
- શ્રી ગુલાબ હીરજી છેડા (નલીયા) બેંગલોર
- શ્રી લાલજી માણેકજી લોડાયા (કોઠારા) ગદગ
- શ્રીમતી પ્રેમીલાબેન કિશોરચંદ ખોના (નલીયા) બેલ્લારી, હસ્તે શ્રી જનક ખોના.
- શ્રી જયચંદ નરશી લોડાયા (નલીયા) ચેમ્બુર

### ભેટ આપવા માટે યોજનાઓ

| | |
|---|---|
| ૨,૫૦,૦૦૦/- | નવી વિંગમાં B or C or D Block ના દાતા |
| ૨,૦૦,૦૦૦/- | એક Visitors રૂમના દાતા |
| ૧,૦૦,૦૦૦/- | સહાયક સ્તંભ દાતા શીલા ઉપર નામ આવશે |
| ૧,૦૦,૦૦૦/- | કોઈપણ એક વ્યકિત ને ૧૫ વર્ષ માટે નિશુલ્ક દાખલ કરી શકાશે |
| ૧૫,૦૦૦/- | કાયમી બપોરનું મિષ્ઠાન ભોજન |
| ૧૦,૦૦૦/- | કાયમી બપોરનું સાદું ભોજન |
| ૭,૫૦૦/- | કાયમી સાંજનું સાદું ભોજન |
| ૫,૦૦૦/- | કાયમી સવારનો ચા-નાસ્તો |
| ૨,૦૦૦/- | કાયમી બપોરની ચાય |
| ૨,૦૦૦/- | એક ટંક મિષ્ઠાન ભોજન આશ્રમવાસીઓ સાથે |

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઢીયા – 098200 39469, શ્રી હેમાંગ રાયચંદ ધરમશી – 09820022638

Career Nook

**NATIONAL COUNCIL FOR VOCATIONAL TRAINING (NCVT)**
**STATE COUNCIL FOR VOCATIONAL TRAINING (SCVT)**

**Bhavika (Heffa) Lad**
Email: bhavikahappy2help@gmail.com



## Directorate General of Employment & Training Ministry of Labour & Employment
**Government of India • http://www.dget.nic.in/**

**A) Industrial Training Institute - I.T.I.**
**http://www.dvet.gov.in/ (CTS)**

- Every state, city in India runs different courses with different duration customised looking at employment opportunities regularly
- Conducted by Directorate of Vocational Education & Training, Maharashtra State and Directorate General of Employment & Training
- Minimum age of **14 years with no upper limit**
- Session in ITIs starts from 1st August every year.
- The academic qualification prescribed for the trade varies from **class VIII pass to Class XII pass depending upon the trade.**
- Training is **imparted in 70 engineering and 63 non-engineering trades.**
- ITIs are functioning under the administrative control of the respective State Govts./UTs / Private Organisations.
- The period of training for various trades varies from six months to two years and the entry qualification varies from 8th to12th class pass, depending on the requirements of training in different trades.
- These institutes are required to conduct training courses as per the curriculum prescribed by National Council for Vocational Training (NCVT). The admission to the new courses are made in the month of August every year.
- Their are about 32 ITI' s in Mumbai

http://www.dvet.gov.in/DVETDesk/Admission/AdmissionLandingPg.aspx
http://www.dget.nic.in/content/
http://dget.nic.in/content/innerpage/overview-cts.php

**B) Apprenticeship Training Scheme (ATS)**

- Minimum age is 14 years.
- Qualifications vary from Class VIII pass to XII class pass (10+2) system.
- Period of training varies from 6 months to 4 years.
- Training comprises Basic Training and Practical Training followed by Related Instructions as per prescribed syllabus for each trade.
- **259 trades in 39 trade groups have been designated.**
- Numbers of seats for apprentices are calculated in the band of 2.5% to 10% of the total strength of the workers.
- Every apprentice and employer has to enter into a contract of apprenticeship training, which is registered by the Apprenticeship Advisers.
- On completion of period of training, the trade apprentices appear in an All India Trade Test (AITT) for Apprentices conducted by the National Council for Vocational Training (NCVT). Successful candidates are awarded the National Apprenticeship Certificate (NAC) which is a recognized qualification for seeking employment.
- The Regional Director, Regional Directorate of Apprenticeship Training (RDAT)

VN Purav Marg, Sion, Mumbai-400022 Ph. No.: 022-24051602 / 09819531961
E-Mail: rdatmum@nic.in
http://www.dget.nic.in/content/innerpage/list-of-designated-trades-for-trade-apprentices.php

**ATS avaible at three Levels:**

♦ Trade Apprentices
♦ Graduates apprentices
♦ Technicians & Vocational (Technicians) apprentices

**How many trades are available for undergoing apprenticeship training?**

For Trade apprentices:

- There are **259 trades in 254** groups of industries are available for Apprenticeship Training.
- The apprenticeship training consists of basic and practical training.
- The duration of training varies from 6 months to 4 years and educational qualifications vary from class 8th pass to 12th Pass.

For Graduate, Technician and Technician (Vocational) apprentices:

- Graduate and Diploma Holders can undergo apprenticeship training as Graduate and Technician apprentices respectively, in 126 subject fields/trades designated under the ATS. The duration for apprenticeship training is 1 year.
- **The Vocational (10+2) pass outs can undergo apprenticeship training as**

**Technician (Vocational) apprentices, in 128 subject fields/trades designated under the ATS. The duration for apprenticeship training is 1 year.**

**http://www.dget.nic.in/content/innerpage/details-of-designated-trades-with-trade-syllabus.php**

**SOME EXAMPLES UNDER ATS SCHEME:**

8th to 10th, 3 yrs training trades:

♦ Lineman Wireman
♦ Furniture & Cabinet Maker
♦ Plumber Mechanic
♦ Tractor Mechanic Pattern Maker
♦ Carpenter

8th to 10th, 2 yrs training trades:

♦ Welder (Gas & Electric)
♦ Auto Mechanic
♦ (Two Wheeler/ Three Wheeler)
♦ Book Binder
♦ Tailor (General)
♦ Leather Goods Maker
♦ Footwear Maker
♦ various types of Machine Operator

8th to 10th, 1 yr to 1 & 1/2 training trades:

♦ Tailor (Men & Women)
♦ Jewellery and Precious Metal Worker
♦ Glass Former and Processor
♦ Gardener
♦ Old Age Care Taker
♦ Sanitary Hardware Fitter

10th Qualification, 4 yrs Trades:

♦ Electrician Aircraft
♦ Tool & Die Maker (Die & Mould)
♦ Mechanic (Earth Moving Machinery)
♦ Mechanic (Instrument Aircraft)
♦ Power Electrician
♦ Plastic Mould Maker
♦ Mechanic Radio and Radar Aircraft

10th Qualification, 3 yrs Trades:

♦ Information Technology & Electronic System Maintenance
♦ Fitter Turner

10th Qualification, 2 yrs Trades:

♦ Designer and Master Cutter
♦ Dress Maker Embroidery and Needle Worker
♦ Horticulture Assistant Stockman
♦ Pump Operator Cum Mechanic
♦ Photographer / Beautician / Hair
♦ House Keeper-cum Accommodation
♦ Assistant Apprentice Food and Beverage
♦ Computer and Peripherals Hardware Repair and Maintenance Mechanic
♦ Computer Networking Technician
♦ Interior Decorator and Designer

**C) Council of Education and Development Programmes (CEDP) http://www.cedp-edu.com/about-us**

♦ Over the last two years, CEDP has successfully been able to compartmentalize the entire operations into three broad verticals - Training and Education Delivery (Global Training Institute and North East Knowledge Lines), University Affiliations (BSS, MGU, NIMS, SVU and KSOU) and Employment Services (Career Graph).

♦ Currently there are 147 training and education centers across the country.

♦ In the training and education space, GTI provides training in the areas of healthcare, automotives, aviation, hospitality, industrial safety, financial accounting and management, civil engineering and management. Almost all of these programs are either associated with guaranteed internship and/or placement assistance. And most of these programs are mapped to certificate, diploma and degree level awards and recognition, which are UGC, AICTE and DEC recognized.

♦ http://www.cedp-edu.com/course_type/specialised-courses/

D) Micro, Small & Medium Enterprise Development Institute:

♦ http://www.msmedimumbai.gov.in/

♦ MSME Development Institute, Ministry of MSME, Government of India, Kurla Andheri Road, Sakinaka, Mumbai-400072,

♦ MSME-Development Institute, Mumbai was established in the year 1954 as Small Industries Service Institute, Mumbai. Their are more than 160 Training programmes run by MSME.

♦ MSME-DI, Mumbai provides various types of extension services and assistance in setting up of units, promoting and developing products and Services for the MSME.

♦ The Institute has Technical Officers to provide guidance in all trades viz:-

- Metallurgy,
- Mechanical,
- Chemical,
- Leather,
- Electrical,
- Electronics,
- Food Industry,
- Management and Economic Investigation,
- Export and Industrial Design.

* * *

BEING JAIN

# Whatever you do, comes back to you



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

"A skinny six years old,
Stood shivering on that cold
Foggy January afternoon,
Selling colourful balloons
At the traffic light
It was quite a tragic sight. ...
...So young, withered and wane,
Is this Karma pre ordained?"

This pathos-filled picture is a heart-rending reality. In this world someone is very rich while someone else has no money to eat, one is proficient in studies; remembers it all at once, but the other one barely manages to get through the exams. Someone is very healthy while someone suffers from a lot of health problems. Someone has a very long life while some other person dies at a very young age.

These disparities naturally bring up a question: why? When we are all living beings who have the same basic attributes, then why these differences? There surely must be some reason behind this. The reason for this is the fruition of one's own "karma". Whatever happens in our life, whether good or bad, is because of our actions in the past, in this lifetime or our previous births. This is the unwritten law of karma which no soul can escape.

Now, the most important thing is that karma has to be understood.

Till now most of us do not know what the concept of karma is and how karma bondage occurs. And without this knowledge, our plight is like Tasha Lim describes:

"Round and round we ran,
As fast as the ceiling fan.
Refusing to look back,
Making up for what we lack.
But no matter how fast you run
No matter how you drown yourself with fun,
She will come back for you,
To collect from you what's due.
What goes around comes around;
Sometimes she creeps without a sound.
Be careful of your every move,
Karma always loves to prove."

Every worldly soul is always mixed with the impurities of karma. The vibrations caused by the soul's own ignorance, attachment and aversion and the resultant thoughts, words and deeds attract inert subatomic particles of matter known as karmanvargana towards itself. Once drawn, these particles get glued to the soul and this bond is known as karmabandha. Karma compels the soul to bear the fruits of its right and wrong actions through the seemingly endless cycle of birth and death.The Karmas that one casually accumulates many a times take innumerable lifetimes to shed. Even our Tirthankars were not spared from the sufferings entailed by their Karmas.

Acharya Somdev explained this karma-soul relationship in a very beautiful manner. He said, "It is just like a person sitting in a boat, boat takes the man in the direction in which he drives the boat." When he compares karma and soul to a boat and a boatman three things become clear:

1) what we call as life is a stream which continues to flow beyond our birth and death in the human form,

2) man is a river-farer travelling through this stream and

3) karma is neither the driver nor the destination in this journey, it is just an instrument or an impediment depending upon the way the driver directs it.

There is a basic classification of karma in two categories, the ghati (destructive) and the aghati (non- destructive) karmas. Each type of karma is characterised by various elements, such as duration, intensity and quantity. We will later discuss the finer aspects of the types of karma and the pathway to liberation from them because removing all bondages of karmas, purifying the soul and realising the free and blissful state of our true being is the ultimate purpose of our life.

Nothing happens by chance, we create our own destiny by our own deeds. TODAY we have a chance to build the tomorrow that we want. So let us make the best of TODAY that we have.

***

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| રતનકુમાર ચાંપસી ઉમરશી જૈન (નાગડા)<br>(PS 4629) ગામ – નલીયા | A-503, જૈનમ હાઈટસ, MMI હોસ્પિટલની પાછળ, લાલપુર,<br>રાયપુર - CG. 492001. મો.: **093298 30973 / 077140 44402** |
| શ્રીમતી ગુંજનબેન અરૂણ વેલજી મોતા<br>(PS 5392) ગામ – કોઠારા | 4-7-63/C/B, બંદલાગીરી, SRMT ટ્રાન્સપોર્ટની બાજુમાં, મહેબુબ નગર,<br>AP 509 001. મો.: **080990 79733** |
| જતિન રમેશ પી. શાહ (દંડ)<br>(PS 7390) ગામ – સેવક ભરૂડીયા | B-204, H.P. Empl Chs., Plot No. NDR-11, તીલકનગર,<br>ચેમ્બુર - 400 089. મો.: **098330 26514** |
| કિશોર હિરાચંદ શિવજી ખોના<br>(PS 2447) ગામ – સાંયરા | 302, સોપાન, એ બીલ્ડીંગ, થાણા કો.ઓ.હૌ.સો., રામ મારૂતી રોડ,<br>ગજાનન મહારાજ મંદિરની પાસે, થાણા (વેસ્ટ) - MH - 400 602<br>મો.: **099697 01703** |
| પ્રદીપ સોમચંદ હંસરાજ ખોના<br>(PS 5710) ગામ – બારોઈ | જવેલ મૂન, ૩૦, માનવી પ્લોટસ, સિધ્ધાલીંગ નગર, મૂલગુંડ રોડ,<br>ગદગ KR - 582 103 મો.: **094481 36381** |
| નિખીલ ભરત ચાંપસી નાગડા<br>(PS 7391) ગામ – નલીયા | H.No. 202, રોહિણી વિલા, પ્રિયદર્શિની નગર, જગન્નાથ મંદિર પાસે,<br>પંચપેડી નાકા, રાયપૂર CG - 492 001 મો.: **090049 73567** |
| રાહુલ ભરત ચાંપસી નાગડા<br>(PS 4608) ગામ – નલીયા | H.No. 103, રોહિણી વિલા, પ્રિયદર્શિની નગર, જગન્નાથ મંદિર પાસે,<br>પંચપેડી નાકા, રાયપૂર CG - 492 001 મો.: **082258 78165** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૮-૨૦ | સુરત | દર્શ, શ્રેયા મયુર વિનય પુનશી મૈશેરી | માંડવી | પુત્ર |
| ૧૪-૦૮-૨૦ | બેલ્લારી | વિઆન, દર્શના ચિંતન ચેતન મુનવર | જખૌ | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૭-૨૦ | સુરત | કેયુર મનોજ વાલજી ગોશર | ગોએરસમા | ૨૫ |
| | વડોદરા | સાક્ષી ભરત રામજી નાગડા | નલીયા | ૨૪ |
| ૧૬-૦૮-૨૦ | અમદાવાદ | કેવલ સંદીપ તારાચંદ મોતા | સુથરી | ૨૭ |
| | ખંડવા | મિનાલી અનીલ ધનજી સાયલા (જૈન) | લુણી | ૨૬ |
| ૨૭-૦૮-૨૦ | ડોંબીવલી | જીગર નીતિન ઉમરશી ધરમશી | સુથરી | ૨૫ |
| | ડોંબીવલી | શ્રધ્ધા રાજેન્દ્ર રાયચંદ લોડાયા | નાની ખાવડી | ૨૬ |
| ૨૭-૦૮-૨૦ | ઘાટકોપર | લીન્કેશ ઉલ્લાસ લક્ષ્મીચંદ મોમાયા | મોટા સિંધોડી | ૩૦ |
| | મુલુંડ | હિરલ ગુલાબ ડુંગરશી ધરમશી | સાંધાણ | ૨૫ |
| ૨૮-૦૮-૨૦ | મુલુંડ | કુણાલ બંકિમ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૨૭ |
| | દહિસર | હિનલ વીજેશ માણેકજી દંડ | ભરૂડીયા | ૨૫ |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૮-૨૦ | કોઇમ્બતુર | હંસ ડેની ચીમનલાલ લાલકા | વારાપધર | ૩૨ |
| | અંતરજાલ | મિતલ વિજય કેશવજી ખોના | સુથરી | ૩૦ |
| ૨૯-૦૮-૨૦ | ગોવંડી | વિરાજ ખિરણ કુંવરજી લોડાયા | કોઠારા | ૩૦ |
| | મલાડ | હારમની ભરત રાયશી ગોશર | બાયઠ | ૨૫ |
| ૩૦-૦૮-૨૦ | કોઇમ્બતુર | અંકિત નીતિન કાનજી લોડાયા | નાની ખાવડી | ૨૮ |
| | મુલુંડ | મલ્લિકા નિર્મલકુમાર ગોવિંદજી ખોના | કોઠારા | ૨૮ |
| ૩૦-૦૮-૨૦ | મુલુંડ | કુણાલ દિપક હીરાચંદ મોમાયા | ડુમરા | ૨૭ |
| | હુબલી | વૃષીકા અજય પદમશી મોમાયા | સાંયરા | ૨૫ |
| ૩૦-૦૮-૨૦ | થાણે | જીનેન ગિરીશ વર્ધમાન ધરમશી | નલીયા | ૩૦ |
| | વિદ્યાવિહાર | જીગ્ના ભરત હીરાચંદ ડાઘા | વરાડીયા | ૨૮ |
| ૩૧-૦૮-૨૦ | દીવા | તેજસ જીગ્નેશ મુલજી ખોના | સુથરી | ૨૮ |
| | હુબલી | વામીની હિરેન ભદ્રીકચંદ નાગડા | નલીયા | ૨૪ |
| ૩૧-૦૮-૨૦ | હૈદરાબાદ | રોમિલ દિલીપભાઇ પદમશી મોતા | કુઆપધર | ૨૭ |
| | મસુર | રૂચિરા નીતિન રાયચંદ ધરમશી | કોઠારા | ૨૫ |
| ૩૧-૦૮-૨૦ | ડોંબીવલી | રાહુલ સુરેશ ગોવિંદજી મેઘજી મોતા | મોટી ધ્રુફી | ૨૬ |
| | ડોંબીવલી | નિશીતા જીગ્નેશ રાયચંદ દંડ | દલતુંગી | ૨૩ |
| ૦૧-૦૯-૨૦ | ખામગામ | આનંદ નયનભાઇ કેશવજી નાગડા | તેરા | ૨૮ |
| | આદિપૂર | નિરાલી મહેશભાઇ ખીમજી લાલકા | વારાપધર | ૨૭ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૭-૨૦ | હુબલી | મયંક પ્રફુલ મોરારજી મામનીયા | કપાયા | ૨૮ |
| | ગદગ | પાયલ ગીરીશ કુંવરજી નાગડા | નલીયા | ૨૮ |
| ૧૫-૦૮-૨૦ | ડોંબીવલી | પારસ સુનીલ માણેકજી લોડાયા | મોટી ખાવડી | ૨૨ |
| | ડોંબીવલી | ફોરમ આશિષ અનંતભાઇ શાહ | બોટાદ | ૨૨ |
| ૨૭-૦૮-૨૦ | મુલુંડ | અવી પંકજ જેઠાભાઇ નરશી લોડાયા | જખૌ | ૨૫ |
| | ચિત્રાસની | સાચી પીયુષ કિર્તિલાલ મણીલાલ સોમાની | બોરીવલી | ૨૫ |
| ૨૮-૦૮-૨૦ | કોઇમ્બતુર | મનન ડેની ચીમનલાલ લાલકા | વારાપધર | ૨૭ |
| | કોઇમ્બતુર | દેવિકા અશોક બમ્બોલી | કોઇમ્બતુર | ૨૪ |
| ૩૦-૦૮-૨૦ | ભાયખલા | અનીષ જીતેન્દ્રભાઇ યોગમલ ડોલાની જૈન | રાજસ્થાન | ૨૫ |
| | મુલુંડ | ડાયના મેઘકુમાર ગોવિંદજી ખોના | કોઠારા | ૨૫ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૮-૨૦ | ડોંબીવલી | ચિરાગ પ્રદીપ ચાંપસી નાગડા | નલીયા | ૩૫ |
| | ડોંબીવલી | ખ્યાતી રતિલાલ વેલજી લોડાયા | તેરા | - |
| ૧૩-૦૮-૨૦ | ભૂજોડી | પારસ મણસી રતનસી ડાઘા | વરાડિયા | - |
| | અંકલેશ્વર | કાજલ લક્ષ્મીચંદ પદમશી પનપરિયા | નાંગ્રેચા | - |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૮-૨૦ | કાકીનાડા | શ્રીકાન્ત મન્ગારાજુ બિરાડા | કાકીનાડા | ૨૬ |
| | માંડવી | અવની મુકેશ એમ. લોડાયા | કોઠારા | ૨૬ |

## છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૭-૨૦ | ભાંડુપ | અજય અમિત ખોના | નલીયા | ૨૮ |
| | વડોદરા | મેઘા હેમંત લોડાયા | નલીયા | ૨૮ |

## સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૨-૨૦ | ઇન્દોર | અભિષેક વિનોદ ખંડેલવાલ | રાજસ્થાન | ૩૦ |
| | ચીંચવડ | તેજલ અજય દંડ | તેરા | ૨૯ |
| ૨૫-૦૮-૨૦ | ડોંબીવલી | સચિન રમેશ હંસરાજ નાગડા | રંગપુર | ૨૭ |
| | ડોંબીવલી | જીનલ અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૫ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૮-૨૦ | ગામદેવી | પ્રફુલ પદમશી હિરજી કુરૂવા | ગોધરા | ૮૩ |
| ૧૬-૦૮-૨૦ | ઇન્દોર | વિજયાબેન સુમનલાલ શામજી વિકમશી (કામાણી) | પરજાઉ | ૬૯ |
| ૧૭-૦૮-૨૦ | મુલુંડ | દિલીપ જીવરાજ દેઢીયા | પત્રી | ૬૬ |
| | | (ચંપાવતી ડુંગરશી મોમાયા (મોટરવાલાના જમાઇ) | | |
| ૧૮-૦૮-૨૦ | માટુંગા | ધીરેન્દ્ર કરમશી તેજપાલ મોતા | લાખણીયા | ૭૧ |
| ૧૯-૦૮-૨૦ | વિશાખાપટ્ટનમ | ચંદ્રકાંત લક્ષ્મીચંદ ખીમજી લોડાયા | સાંયરા | ૬૨ |
| ૧૯-૦૮-૨૦ | બાગલકોટ | ચંદનબેન ચીમનલાલ મુલજી સોની | વાંકુ | ૮૨ |
| ૨૧-૦૮-૨૦ | જામનગર | લલિતભાઇ ચુનીલાલ શાહ | જામનગર | ૭૩ |
| | | (કસ્તુરીબાઈ હિરાચંદ મુનવરના જમાઇ) | | |
| ૨૧-૦૮-૨૦ | ડોંબીવલી | હિરાચંદ કાનજી રતનશી ધરમશી | ભરૂડીયા | ૮૦ |
| ૨૧-૦૮-૨૦ | કોઠારા | લક્ષ્મીચંદ મુલજી ખીમજી લોડાયા | કોઠારા | ૬૧ |
| ૨૨-૦૮-૨૦ | મસ્જીદબંદર | કિરણ જીવરાજ ત્રિકમજી મોમાયા | તેરા | ૬૮ |
| ૨૨-૦૮-૨૦ | ભોપાલ | મણીબાઇ કુંવરજી વીરજી લોડાયા | સાંયરા | ૮૪ |
| ૨૨-૦૮-૨૦ | મુલુંડ | લક્ષ્મીબેન હેમરાજ હીરજી મોમાયા | વરાડીયા | ૯૦ |
| ૨૩-૦૮-૨૦ | માટુંગા | જયાબેન પાસુભાઇ પોપટલાલ લોડાયા | નાની ખાવડી | ૮૬ |
| ૨૪-૦૮-૨૦ | સુથરી | લહેરચંદ વેલજી મણસી ધરમશી | સુથરી | ૭૬ |
| ૨૯-૦૮-૨૦ | મુલુંડ | ધનજી લખમશી મેઘજી ધુલ્લા | કોઠારા | ૮૨ |
| ૨૯-૦૮-૨૦ | મુલુંડ | કસ્તુરીબાઇ શરદચંદ્ર લાપસીયા | દલતુંગી | ૮૩ |
| ૩૦-૦૮-૨૦ | દહિસર | ભાવેશ નરેન્દ્ર ભાણજી લોડાયા | સેવક ભરૂડીયા | ૩૧ |
| ૩૧-૦૮-૨૦ | ખીરકીયા | બિનાબેન જયંત ચંદુલાલ નાગડા | લાલા | ૫૨ |

# Rememberence



## KAUSHIK NAVINCHAND SONAWALA

Visited Earth 15th December 1970 to 2nd September 2014

Your Life was a blessing
Your memory a treasure
You are loved beyond words
And missed beyond measure

### Fondly Remembered by

Mother - Madhuri Navinchand Sonawala
Wife - Deepa Kaushik Sonawala
Son - Bhavya Kaushik Sonawala

Brother - Preet Navinchand Sonawala
Sister - Kirtida Bharat Mekani
Sister - Ketna Rajendra Shah
Sister - Niral Pradip Khona

Bhabhi - Radha Preet Sonawala
Brother in Law - Bharat Nanalal Mekani
Brother in Law - Rajendra Hirji Shah
Brother in Law - Pradip Somchand Khona

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૪ જાન્યુઆરી ૧૯૫૩

અરિહંત શરણ :
તા. ૧ ઑગસ્ટ ૨૦૨૦

## અ.સૌ. વાસંતીબેન છત્રપતી દંડ

ચાલ્યા ગયા રાહ વચ્ચેથી,
પણ દિલોથી થોડી ચાલ્યા જશો,
નયનોમાં આંસુ છે પ્યારના,
જન્મભર યાદ આવશો.

### શોકાકુલ પરિવાર

માતુશ્રી ગંગાબાઈ નરસીભાઈ દંડ પરિવાર
માતુશ્રી પ્રભાબાઈ જયચંદ મોતા પરિવાર
અ.સૌ. ધનલક્ષ્મીબેન દિનેશ મૈશેરી પરિવાર
માતુશ્રી જયાબેન વીરચંદ સોની પરિવાર
શ્રીમતી નિરૂપમાબેન શરદચંદ્ર નાગડા પરિવાર
અ.સૌ. મંદાકિનીબેન હિરાચંદ મૈશેરી પરિવાર

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૦૬ જુલાઇ ૧૯૬૭

અરિહંત શરણ :
તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૦

## સ્વ. શ્રી કુમારપાલ તિલોકચંદ દંડ (વરાડીયા – મલકાપુર)

*એક આહ ભરી હશે... અમે ના સાંભળી,*
*જતા જતા તમે અવાજ તો દીધો હશે,*
*હર ક્ષણ એકજ ગમ... અમે ત્યારે ક્યાં હતા ?*
*અને તમે ક્યાં ચાલ્યા ગયા ?*

**-: શોકાકુલ પરિવાર :-**

માતુશ્રી ગંગાબાઇ નરસીભાઇ દંડ પરિવાર
માતુશ્રી લખમીબાઇ નરપાર ખોના પરિવાર
માતુશ્રી હીરબાઈ જીવરાજ લાલકા પરિવાર
માતુશ્રી કાન્તાબાઇ કુલીનકાન્ત જેઠાભાઇ ખોના પરિવાર
માતુશ્રી વિજયાબેન સુમનલાલ વિક્રમશી પરિવાર
માતુશ્રી લક્ષ્મીબાઇ લક્ષ્મીચંદ માણેકજી મૈશેરી પરિવાર
માતુશ્રી હીનાબેન નલીનકાન્ત લોડાયા પરિવાર
માતુશ્રી અંજનાબેન હસમુખ લક્ષ્મીચંદ ધરમશી પરિવાર
માતુશ્રી દીપાબેન વિપીનભાઇ ચિમનલાલ મોતા પરિવાર

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૧-૧૨-૧૯૫૦
માટુંગા - મુંબઇ

સ્વર્ગવાસ :
તા. ૦૯-૦૮-૨૦૨૦
ધુલીયા - મહારાષ્ટ્ર

## સ્વ. અ.સૌ. ભારતી ડાયમંડ મહેશ્વરી (મૈશેરી)

ગામ : બાંઢીયા – હાલ : ભાંડુપ

આસમાનથી ખરી પડ્યો તેજસ્વી તારો, કદી ભુલાય નહીં હસમુખો ચહેરો તારો.
ધુલિયા જેવી દેવભૂમિ પર લુટાયો, અકાળે અમારો લાખેણો ખજાનો.
હવે નહીં મળે અમને આપનો આવો સંગ મજાનો.

સેવા અને સાદગીના ગુણ ધરાવનાર એ સ્નેહમૂર્તિને પરમાત્મા ચિર: શાંતિ આપજો.

**હરપળ યાદ કરનાર શોકાતુર**

ડાયમંડ દામજી મહેશ્વરી (મૈશેરી) (હાલ ભાંડુપ) - મો. 986948 9801
અ.સૌ. સપના હીતેન મહેન્દ્ર ધરમશી - મો. 83569 21094
અ.સૌ. કોમલ અર્પણ જોષી - મો. 93206 41947
કુ. ચુક્તા ધરમશી, કુ. ઉર્જા જોષી
માતુશ્રી જમકુબાઇ હંસરાજ કુંવરજી ભઠારા પરિવાર, નલીયા
શ્રી દામજી જેઠાભાઇ મૈશેરી પરિવાર, બાંઢીયા
શ્રી રતીલાલ પદમશી નાગડા પરિવાર, નલીયા

**તા.ક.:** ધુલીયા મદ્યે ક.દ.ઓ. જૈન મહાજને સ્વર્ગસ્થની અંતયેષ્ઠી સમયે અમોને સાથ સહકાર આપ્યો તે બદલ આભાર તથા ટેલીફોન અને વોટ્સએપ દ્વારા દિલાસો આપનાર સર્વે હિતેચ્છુઓ/મિત્રો/જ્ઞાતિજનોનો અંતકરણ પૂર્વક આભાર.
સર્વેને મિચ્છામિ દુક્કડમ્...

**રહેઠાણ :** બી-૯૦૩, છેડા હાઇટસ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.

| If undelivered, please return to : | To, |
| --- | --- |
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.